॥ नमो नमः श्री गुरु प्रेमसूरये ॥

आचार्यअभयदेवसूरि शिष्य
आचार्यविजयसिंहसूरिकृत

# श्री शाम्यशतकम्

卐

-: प्रेरक :-
प.पू. वर्धमान तपोनिधि आचार्यदेव
श्रीमद् विजय भुवनभानुसूरीश्वर शिष्य प.पू. वैराग्यदेशनादक्ष
आचार्यदेव श्रीमद् विजय हेमचन्द्रसूरि महाराजा

卐

-: प्रकाशक :-
श्री जिनशासन आराधना ट्रस्ट
७/३ जो भोईवाडो, भुलेश्वर,
बम्बई - ४०० ००२.

नमो नमः श्री गुरुप्रेमसूरये

आचार्य अभयदेवसूरि शिष्य
आचार्य विजयसिंहसूरिकृत

# श्री शाम्यशतकम्

卐

-: प्रेरक -

प.पू. वर्धमान तपोनिधि आचार्यदेव श्रीमद् विजय भुवन भानुसूरीश्वर शिष्य प.पू. वैराग्यदेशनादक्ष आचार्यदेव श्रीमद् विजय हेमचन्द्रसूरि महाराजा

卐

:- प्रकाशक :-

श्री जिनशासन आराधना ट्रस्ट
७/३ जो भोइवाडो,
भुलेश्वर, मुंबई-४०० ००२

वीर सं. २५१७ वि. सं. २०४७ मूल्य रु. २५-००

# પ્રકાશકીય

શ્રી **જયસિંહસૂરિ કૃત સામ્યશતક** નામક ગ્રંથને પુનર્જીવિત કરતા ટ્રસ્ટ અનહદ આનંદનો અનુભવ કરી રહ્યું છે....પ્રસ્તુત ગ્રંથ આ પૂર્વે **જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ** દ્વારા જેઠાભાઈ ખેતશી જખૌવાળા તરફથી વિ. સં. ૧૯૭૩ માં એટલે કે આજથી ૮૪ વર્ષ પૂર્વે પ્રસિદ્ધ થએલ. અતિજિર્ણાવસ્થા પ્રાપ્ત ગ્રંથને પુનરુદ્ધાર કરતા ટ્રસ્ટ ઉપરોક્ત સર્વનો આભાર માને છે.

પ્રસ્તુત ગ્રંથ કદમાં નાનો લાગે છે પણ નાસ્તિકને આસ્તિક બનાવી આસ્તિકને ઉપાશક બનાવવા માટે વિશિષ્ટ રસાયન સમાન છે. સમસ્ત વિશ્વ સંકલેશ ને સંઘર્ષના વાતાવરણમાં ગુંગળાઈ રહ્યું છે. વિષયોની કાતિલ વાસના અનાદિકાળથી અજ્ઞાન એવા આ આત્માને સંકલેશના માધ્યમ દ્વારા અનેક આપત્તિ-વિપત્તિથી ભરેલ અંધકારમય અટવીમાં અથડાવી રહી છે.

પુન્ય પાંગળુ છે ને બધી ઇચ્છાઓ પૂરી કરવાની–સંસારના મળે તેટલા ઉચ્ચકોટીના સુખોને ભોગવી લેવાની, તીવ્ર તમન્ના છે.... પાપનો કોઈ પાર નથી, માટે જ દુઃખનો અંત નથી.... માટે જ પુન્યના અભાવમાં સુખ મેળવવાની અભિલાષામાંથી પેદા થતા સંકલેશમાંથી મુક્ત થવા ને પ્રકૃષ્ટ પુન્યના ઉદય દ્વારા શાશ્વત સુખને પામવા સમતા એજ શ્રેષ્ઠ ઉપાય છે....ને પ્રસ્તુત ગ્રંથ આવી સમતાને આત્મસાત્ કરવા માટેનું અમોઘ સંકલન છે.

પ્રત્યેક પદ અત્યંત પ્રેરક છે એક એક વાકય વૈરાગ્યવર્ધક છે.

બ્રહ્મચર્ય – વિષયો પ્રત્યે વૈરાગ્ય – કષાય વિજય–વિવેક – ધ્યાન અવસ્થાનુ સ્વરૂપ – ઔદાશીન્ય – નિર્મમત્વ – રાગ દ્વેષ મોહત્યાગ ક્ષમા – કામવિજય આવા અનેક વિષયોને વર્ણવી સમતા ને જ પરિપૂર્ણ

રીતે પુષ્ટ કરવાનો સુંદર પ્રયાસ કરાયો છે.... રચના સરળ છતા ભાવવાહી છે.... શ્લોકોનું પુનઃ પુનઃ રટણ કરતા રોમાંચ ખડા થઈ જાય છે.... સાથે ગુજરાતી ભાષાંતર હોઈ સંસ્કૃતના અનભ્યાસી માટે પણ ગ્રંથ ઘણો ઉપયોગી થઈ પડશે....

ગ્રંથકાર **પૂ. જયસિંહસૂરિ** પૂ. અભયદેવસૂરિનાં શિષ્ય છે, તેમ અન્ત્ય શ્લોકમાં દર્શાવાયું છે. પણ જૈન ઇતિહાસમાં પ્રસિદ્ધ છ/છ અભયદેવસૂરિમાંથી કોના શિષ્ય છે ? તેનો નિર્ણય થઈ શકયો નથી....

પ્રસ્તુત ગ્રંથ પ.પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર પ. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના વિનેય પ. પૂ. સમતાસાગર પં. શ્રી **પદ્મવિજયજી** ગણિવર્યશ્રીના શિષ્યરત્ન પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **હેમચંદ્રસૂરિ** મ.ની શુભ પ્રેરણાથી પ્રગટ થઈ રહ્યો છે....

અનેકાત્માઓ આના ચિંતન 'મનન દ્વારા સંક્લેશનો નાશ કરી અદ્ભુત સમતાના સ્વામિ બંને એજ એક અભિલાષા....

લિ. **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

**ટ્રસ્ટીઓ**

ચંદ્રકુમાર બી. જરીવલા　　નવીનભાઈ બી. શાહ

લલિતભાઈ આર. કોઠારી　　પુંડરીક એ. શાહ

卐

# દ્રવ્ય સહાયક

શ્રી જયસિંહસૂરિકૃત સાનુવાદ શામ્યશતક નામક ગ્રંથનો સંપૂર્ણ લાભ
દાદર આરાધના ભુવન જૈન સંઘના પ્રમુખ શ્રેષ્ઠીવર્યશ્રી **શાંતિલાલ**
**મણીલાલે** સ્વદ્રવ્યમાંથી લીધેલ છે. ટ્રસ્ટ તેમણે કરેલા
હાર્દિક આર્થિક સહકારની ભૂરિભૂરિ અનુમોદના કરે છે.

લી. **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

卐

## -: પ્રાપ્તિસ્થાન :-

(૧) શ્રી **જિનશાશન આરાધના ટ્રસ્ટ**
૭/૩ જો ભોયવાડો, ભુલેશ્વર મુંબઇ- ૪૦૦૦૦૨

(૨) શ્રી **જિનશાસન આરાધના ટ્રસ્ટ**
C/o દિપક અરવિંદલાલ ગાંધી
ઘી કાંટા, વડફળીયા, રાવપુરા, વડોદરા-૧

(૩) શ્રી **જિનશાસન આરાધના ટ્રસ્ટ**
C/o સુમતિલાલ ઉત્તમચંદ દોશી
મારફતીયા મહેતાનો પાડો, ગોળશેરી, પાટણ (ઉ. ગુ.)

(૪) **મૂળીબેન અંબાલાલ રતનચંદ જૈન ધર્મશાળા**
બસ સ્ટેન્ડ સામે, વીરમગામ (ઉ. ગુજરાત)

ॐ नमः सिद्धाय ।

# ॥ शाम्यशतकम् ॥

## ( सविवेचनभाषांतरसहितम् )

अहंकारादिरहितं । निःछद्मसमतास्पदम् ।
आद्यमप्युत्तमं । कंचित् पुरुषं प्रणिदध्महे ॥ १ ॥

અક્ષરાર્થ.—અહંકાર વિગેરે દોષથી રહિત, સ્વાભાવિક સમતાના સ્થાનરૂપ, અને સર્વની પ્રથમ થએલા છતાં ઉત્તમ એવા કોઈ અનિર્વચનીય પુરૂષ (અર્હંત) નું અમે ધ્યાન કરીએ છીએ. ૧

વિવેચન.—આ લઘુ ગ્રંથકાર કોઇ નામ વગરના અનિર્વાચ્ય પુરૂષનું ધ્યાન કરવારૂપ મંગળાચરણ કરી ગ્રંથનો આરંભ કરે છે. ધ્યાન કરવા લાયક પુરૂષ કેવો જોઇએ? તેને માટે તે ચાર વિશેષણ આપે છે. જેનામાં અહંકાર વિગેરે દોષ ન હોય, અહિં વિગેરે શબ્દથી, રાગ, દ્વેષ, પ્રમુખનું ગ્રહણ કરવું. એટલે તેથી અઢાર દોષોથી રહિત એવા શ્રીઅર્હંત ભગવાનનુંજ ગ્રહણ થાય. બીજા વિશેષણથી કહે છે કે, જે પુરૂષ સ્વાભાવિક સમતાના સ્થાનરૂપ છે, એટલે જેનામાં સ્વભાવથીજ સમતાનો ગુણ રહેલો છે, આથી પણ શ્રીઅર્હંત ભગવાનનોજ બોધ થાય છે. જિનેશ્વર

ભગવાનમાં સમતાનો ગુણ સ્વભાવથીજ હોય છે. છદ્મસ્થાવસ્થામાં પણ પ્રભુ સમતાને ધારણ કરે છે. ત્રીજા વિશેષણથી કહે છે કે, જે આદ્ય એટલે સર્વની પ્રથમ થએલા છે. અહિં આદ્યપણું ઉત્પત્તિથી તીર્થંકરોમાં, ધર્મોપકારીપણાથી જગતના સર્વ દેવ મનુષ્યોમાં, અને વ્યવહારના બોધકપણાથી સર્વમાં કહેલું છે. કોઇ પણ મનુષ્ય કોઇ બોધક ગુરૂ વિના બોધ મેળવી શકતો નથી. ત્યારે જે આદિ પુરૂષ હોય, તેને બોધક ગુરૂ ક્યાંથી હોય? અને જ્યારે કોઇ બોધક ન હોય, ત્યારે તે શી રીતે ઉત્તમ થઇ શકે? તેથી અહિં ચોથા વિશેષણથી કહે છે કે, તે આદિ પુરૂષ છતાં ઉત્તમ છે. તેમને કોઈ બોધક ગુરૂની અપેક્ષા નથી. પોતે સ્વયંબુદ્ધ છે. આથી એમ પણ સિદ્ધ થયું કે, જેને કોઈ અપેક્ષા નથી, એવા સ્વયંબુદ્ધ ભગવાનને વિષે સ્વાભાવિક સમતા હોય, તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. આ ચાર વિશેષણોથીજ ધ્યેય પુરૂષ શ્રીવીતરાગ ભગવાન્ છે, એમ સિદ્ધ થાય છે. એથી ગ્રંથકાર લખે છે કે, કોઇ અનિર્વાચ્ય પુરૂષનું અમે ધ્યાન કરીએ છીએ. અહિં 'અમે' એ બહુવચન આપેલું છે, તે શિષ્યોના અભિપ્રાયથી જાણવું. એટલે પોતે કહે છે કે, "હું મારા ઘણા શિષ્યોની સાથે ભગવંતનું ધ્યાન ધરૂં છું. ૧

'સામ્ય' એ ગુણ યોગીઓનો છે, તેથી યોગીઓને ઉદ્દેશીને વિજયરૂપ મંગળ કરે છેઃ—

**उन्मनी भूयमास्थाय निर्मोय समतावशात् ।**
**जयंति योगिनः शश्वदंगीकृत शिवश्रियः ॥ २ ॥**

અક્ષરાર્થ.—માયા રહિત [ નિષ્કપટ ] સમતાને લઇને ઉન્મની ભાવ [ હૃદય વિકાશ ] ને પ્રાપ્ત કરી, હમેશાં મોક્ષલક્ષ્મીને અંગીકાર કરનારા યોગીઓ જય પામે છે. ૨

વિવેચન.—કોઇ પણ કાર્યને સાધવા માટે કૃત્રિમ સમતા ધારણ કરવી, તે માયા-કપટ ભરેલી સમતા છે. તેવી સમતા રાખવાથી હૃદયમાં ધ્યાનનો વિકાશ થતો નથી, તેથી નિર્માય-નિષ્કપટ-સમતાને ધારણ કરનારા યોગીઓના હૃદયમાં ધ્યાનનો વિકાશ થાય છે. જ્યારે હૃદય ઉન્મની ભાવને પ્રાપ્ત કરે, એટલે તેમાં શુકલ ધ્યાનનું બીજ પ્રગટ થાય છે, એ ધ્યાન મોક્ષ-લક્ષ્મીનુંજ કારણરૂપ છે. જેને માટે જૈન યોગશાસ્ત્રમાં લખેલું છે:—" अपवर्गैकनिदानं शुक्लमतः कीर्त्यते ध्यानम् " "શુકલ ધ્યાન મોક્ષનુંજ એક કારણ કહેવાય છે." આથી કરીને તેઓ મોક્ષલક્ષ્મીનો અંગીકાર કરે છે, માટે કહ્યું કે, મોક્ષલક્ષ્મીને અંગીકાર કરનારા યોગીઓ જય પામે છે. જે યોગીઓમાં નિષ્કપટ સમતાનો ગુણ હમેશાં રહેલો છે, તેવા યોગીઓ મોક્ષને પ્રાપ્ત કરે છે, જ્યારે મોક્ષને પ્રાપ્ત કરે, એટલે તેઓ સદા જયવંત રહે છે. આ લોકમાં તેવાઓનોજ ખરેખરો વિજય હોય છે. ૨

જે સામ્યનો આનંદ યોગીઓને મળે છે, તેનું જયમંગળ કહે છે:—

औदासीन्यक्रमस्थेन भोगीनां योगिनामयम् ।
आनंदः कोऽपि जयतात् कैवल्यप्रातिहस्तकः ॥ ३ ॥

અક્ષરાર્થ.—ઔદાસીન્ય-મધ્યસ્થપણાના ક્રમવડે ભોગ ભોગવતા એવા યોગીઓને મોક્ષ આપવામાં જામીન-રૂપ એવો જે કોઈ (અલૌકિક) આનંદ થાય છે, તે આનંદ જય પામો. ૩

વિવેચન.—આ જગતમાં અલૌકિક આનંદ કયો છે? તે પ્રથમ જાણવું જોઇએ. પ્રત્યેક ચતુર્ગતિમાં ફરનારા પ્રાણીઓને પોતપોતાના ઐચ્છિક વિષયથી આનંદ મળે છે, પણ તે આનંદ કૃત્રિમ છે. એટલે મધુબિંદુના દૃષ્ટાંતમાં વર્ણવેલા આનંદના જેવો તે આનંદ છે. એ બધો આનંદ લૌકિક આનંદ છે, અલૌકિક આનંદ નથી. ત્યારે અલૌકિક આનંદ કયો? તે જાણવું જોઇએ. તેવો આનંદ યોગીઓનેજ મળે છે. યોગી શિવાય બીજાઓને તેવો આનંદ મળી શકતો નથી. જે યોગીઓ ઉદાસીનપણામાં રહીને ભોગી બને છે, એટલે કદિ ભોગનિક કર્મ યોગે તે યોગી-ઓને ભોગી થવું પડે છે, પણ તેઓ ઉદાસીનપણે એટલે મધ્ય-સ્થપણે રહીને ભોગી થાય છે. કદિ ભોગ ભોગવવા પડે, તોપણ તેઓ ભોગાસક્ત થતા નથી, તેવા યોગીઓનેજ આનંદ અલૌ-કિક છે. આવો અલૌકિક આનંદ શું કરી શકે? એવો પ્રશ્ન ઉભો થાય, તો તેને માટે ગ્રંથકાર લખે છે કે, તેવો આનંદ યોગીઓને મોક્ષ આપવાનો જામીન થાય છે. એટલે અવશ્ય તે આનંદ યોગીઓને મોક્ષ અપાવે છે. અર્થાત્ સમતાનો જે આનંદ છે, તે મોક્ષદાયક થાય છે. ૩

હવે ધ્યાનાવસ્થામાં જે લય કહેવાય છે, તેનું મહાત્મ્ય કહે છે:—

साम्यपीयूषपाथोधि स्नाननिर्वाणचेतसाम् ।
योगिनामात्मसंवेद्यमहिमा जयताल्लयः ॥ ४ ॥

અક્ષરાર્થ.—સમતારૂપી અમૃતના સાગરમાં સ્નાન કરવાથી જેમનાં ચિત્ત શાંત થયાં છે, તેવા યોગીઓનો આત્મજ્ઞાનમાં તન્મય થવારૂપ લય જય પામો, કે જે લયનો મહિમા આત્માને અનુભવ થવારૂપ છે. ૪

વિવેચન.—જ્યારે યોગીઓ સમતારૂપ અમૃત સાગરમાં સ્નાન કરે છે, ત્યારે તેમનાં ચિત્ત શાંત થાય છે, એટલે ચિત્તની શાંતિ મેળવવી હોય, તો સમતા રાખવી જોઈએ. એવી સમતા રાખવાથી તે યોગીઓ આત્માના જ્ઞાનમાં તન્મય થઇ જાય છે. આત્મજ્ઞાનમાં અથવા આત્માના ધ્યાનમાં તલ્લીન થઇ જવું, તેનું નામ લય છે, આવો લય સંપાદન કરવા માટે સમતા રાખવાની જરૂર છે. એવા લયથી શો લાભ થાય? એમ જો કહો તો, તેને માટે ગ્રંથકાર લખે છે કે, તે લયનો મહિમા એવો છે કે, જેનાથી આત્માનો અનુભવ થાય છે. એટલે એમ થયું કે, યોગીઓને સમતાથી ચિત્તની શાંતિ થાય, અને ચિત્તની શાંતિ રાખવાથી આત્મજ્ઞાનમાં તલ્લીનપણું થાય, અને આત્મજ્ઞાનમાં તલ્લીનપણું રાખવાથી આત્માનો અનુભવ થાય, આવો ક્રમ દર્શાવ્યો છે.

તે લયથી બ્રહ્મજ્ઞાન થાય છે, તે દર્શાવે છે.

आस्तामयं लयः श्रेयान् कलासु सकलास्वपि ।
निष्कले किल योगेऽपि स एव ब्रह्मसंविदे ॥ ५ ॥

અક્ષરાર્થ.—એ આત્મજ્ઞાનમાં તલ્લીનપણું રાખવારૂપ લય સર્વ કળાઓમાં શ્રેષ્ઠ છે, એ વાત તો દૂર રહો, પરંતુ નિષ્કલ-સંપૂર્ણ એવા યોગમાં પણ તેજ લય બ્રહ્મજ્ઞાનને માટે [ ઉપયોગી ] થઇ પડે છે. ૫

વિવેચન.—સમતાના ગુણથી પ્રાપ્ત થયેલું આત્મજ્ઞાનમાં તલ્લીનપણું કે જેને લય કહે છે, તે લય સર્વે જાતની આત્મજ્ઞાન મેળવવાની કળાઓમાં પણ શ્રેષ્ટ છે, એ વાત સિદ્ધ કરવામાં આવી, પણ તે વાત તો એક તરફ રહી, પરંતુ તે લય નિષ્કલ-કળા વિનાના યોગમાં એટલે સંપૂર્ણ એવા મન વચન તથા કાયાના યોગમાં પણ રહેલ હોય તો બ્રહ્મજ્ઞાનને માટે ઉપયોગી થઇ પડે છે. એટલે મન વચન અને કાયાના સંપૂર્ણ યોગમાં જો તલ્લીનપણું કરવામાં આવ્યું હોય, તો તેમાંથી બ્રહ્મજ્ઞાન-આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૫

જેથી કોઇ પણ પદાર્થ ઉપર મન આસક્ત ન થાય, તેવી કળાની પ્રશંસા કરે છે:—

नित्यानंद सुधारश्मे रमनस्ककलामला ।
अमृत स्यादिमं बीज मनपाया जयत्यसौ ॥ ६ ॥

અક્ષરાર્થ—નિત્ય આનંદરૂપ ચંદ્રની મનની અનાસક્તિરૂપ જે નિર્મળ કળા છે, તે અમૃત—મોક્ષનું પ્રથમ બીજ છે, તે અવિનાશી—શાશ્વતી કળા જય પામે છે. ૬

વિવેચન—જેમ ચંદ્રની કળા અમૃતનું મૂળ બીજ છે, તેવી રીતે નિત્ય આનંદરૂપ ચંદ્રની નિર્મળ કળા અમૃત એટલે મોક્ષનું પ્રથમ બીજ છે. ચંદ્રની બધી કળાઓમાં જે કળા કલંક રહિત છે, તે નિર્મળ કળા છે. તેવી રીતે નિત્યાનંદરૂપ ચંદ્રની બીજી કળાંઓમાં 'અમનસ્ક' એટલે મનની આસક્તિ ન રાખવારૂપ જે કળા છે, તે નિર્મળ કળા છે. એ શાશ્વતી કળા મોક્ષનું આદિ બીજ છે, અને વળી શાશ્વતી છે. નિરંતર રહેનારી છે. ભાવાર્થ એવો નીકળે છે કે, મનની આસક્તિ ન રાખવી, એજ નિત્યાનંદની નિર્મળ કળા છે, અને એવો નિત્યાનંદ મોક્ષનું મૂળ બીજ છે, તેવા નિત્યાનંદનો કદિ પણ નાશ થતો નથી, તેથી તે શાશ્વત છે, એવો સમતા-જનિત નિત્યાનંદજ જય પામે છે. ૬

જો સમતામાં લય પ્રગટ ન થાય, તો પછી બુદ્ધિથી તેનો વિચાર કરવો જોઇએ. એ વાત દર્શાવવાને ગ્રંથકાર પોતાને ઉદ્દેશીને કહે છે—

**यः कश्चिन्न लयः साम्ये मनागाविरभून्मम।**
**तमाशु वचसां पात्रं विधातुं यतते मतिः॥ ७॥**

અક્ષરાર્થ—અને સમતામાં કોઈ જાતનો લય જરા પણ પ્રગટ થયો નહીં, તેથી હવે મારી બુદ્ધિ તે લયને તત્કાળ વચનનું પાત્ર કરવાનો પ્રયત્ન કરે છે. ૮

વિવેચન—સમતામાં તલ્લીનપણાની ઇચ્છા રાખનારો કોઇ પુરૂષ જણાવે છે કે, અદ્યાપિ મેં ઘણુંએ કર્યું, તથાપિ હું સમતામાં તલ્લીન થઇ શકયો નહીં. મારામાં સમતામાં તલ્લીન થવાનો ગુણ પ્રગટ થયો નહીં, તેથી કરીને મારી બુદ્ધિ તે લયને સત્વર વચનનું પાત્ર કરવાને, એટલે બુદ્ધિના ગુણથી મેળવવાને યત્ન કરે છે. ૭

અષ્ટાંગ યોગ વિદ્યાનું રહસ્ય સમતા છે, તે કહે છે.

**अष्टांगस्यापि योगस्य रहस्यमिदमुच्यते ।**
**यदंग विषयासंगत्यागान्माध्यस्थ्य सेवनम् ॥ ८ ॥**

અક્ષરાર્થ—વિષયોની આસક્તિને ત્યાગ કરી મધ્યસ્થ ભાવ ( સમતા )ને સેવવો, એ આઠ અંગવાળા યોગનું રહસ્ય કહેવાય છે. ૮

વિવેચન—યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ, આ આઠ અંગ યોગનાં છે, તેવા યોગ સાધવાનું રહસ્ય એટલું છે કે, ચિત્તની વૃત્તિનો નિરોધ કરવો, તે ચિત્તની વૃત્તિનો નિરોધ ક્યારે થાય ? કે જ્યારે મધ્યસ્થ ભાવ ધારણ થાય ત્યારે. જયાં સુધી સમતા—મધ્યસ્થ ભાવ પ્રાપ્ત થયો નથી, ત્યાં સુધી ચિત્ત વૃત્તિનો રોધ થઇ

શકતો નથી. જગતના સર્વ પદાર્થો ઉપર સમતા—સમાન દ્રષ્ટિ પ્રાપ્ત થાય, એટલે અષ્ટાંગ યોગ સિદ્ધ થઈ જાય છે. જ્યાં સુધી વિષયોમાં આસક્તિ હોય, ત્યાં સુધી મધ્યસ્થ ભાવ પ્રગટ થતો નથી, તેથી કહ્યું કે, જો વિષયાસક્તિ છોડી મધ્યસ્થ ભાવને સેવવામાં આવે, તો અષ્ટાંગ યોગ સિદ્ધ થયો, એમ સમજવું. કારણ કે, અષ્ટાંગ યોગનું રહસ્ય વિષયાસક્તિ છોડી સમતા રાખવી તે છે. ૮

'ઔદાસીન્ય' એટલે શું ? તે કહે છે.

**राग द्वेष परित्यागाद्विषयेष्वेषु वर्त्तनम् ।**
**औदासीन्यमिति प्राहुरमृताय रसांजनम् ॥ ९ ॥**

અક્ષરાર્થ—વિષયોની અંદર રાગ દ્વેષનો ત્યાગ કરીને પ્રવર્ત્તવું, તેને ઔદાસીન્ય કહે છે, તે ઔદાસીન્ય [ સમતા ] મોક્ષને માટે રસાંજન—ઔષધરૂપ છે. ૯

વિવેચન—સમતાનું બીજું નામ ઔદાસીન્ય છે, અહીં તે ઔદાસીન્યનું લક્ષણ જણાવે છે. ઇંદ્રિયોના પાંચ વિષયની અંદર રાગ તથા દ્વેષનો ત્યાગ કરીને પ્રવર્ત્તવાથી ઉદાસીનતા પ્રાપ્ત થાય છે. કદિ કોઇ વિષય નઠારો હોય તો, તેની તરફ દ્વેષ બતાવવો ન જોઇએ, તેમજ કોઇ વિષય સારો હોય તો, તેની તરફ રાગ બતાવવો ન જોઇએ. વીણા વગેરેના મધુર શબ્દથી રાજી થાય, અને ગધેડાના કઠોર શબ્દથી નારાજ થાય,

એ કઈ ઈંદ્રિયના વિષય તરફ રાગ તથા દ્વેષ બતાવ્યો ગણાય, તેવી રીતે બધી ઈંદ્રિયોના વિષય તરફ રાગ દ્વેષ બતાવે નહીં. એ પ્રમાણે હમેશાં પ્રવર્ત્તન કરે, તે ખરેખરૂં ઔદાસીન્ય એટલે સમતા કહેવાય છે. આવી સમતા ખરેખર મોક્ષને માટે રસાંજનરૂપ છે. જેમ રસાંજન અમૃત એટલે મરણ રહિત કરે છે, તેમ સમતારૂપ રસાંજન અમૃત એટલે મોક્ષ આપે છે. ૯

"તે ઔદાસીન્યનું બીજ નિર્મમત્વ છે"

તે કહે છે—

तस्यानघमहो बीजं निर्ममत्वं स्मरंति यत् ।
तद्योगी विदधीताशु तत्रादरपरं मनः ॥ १० ॥

અક્ષરાર્થ—અહા ! તે ઔદાસીન્યપણાનું બીજ નિર્મમતા છે, તેથી યોગીએ સત્વર તે નિર્મમત્વની ઉપર આદરવાળું મન કરવું. ૧૦

વિવેચન—ઔદાસીન્ય એટલે મધ્યસ્થપણું અથવા સમતાપણું, તેનું મૂળ કારણ શું છે ? એટલે સમતા શાથી ઉત્પન્ન થાય ? તે અવશ્ય જાણવું જોઇએ. તેથી કરીને કહે છે કે, તે સમતાનું બીજ નિર્મમત્વ છે, જ્યારે માણસ કોઇ વસ્તુ ઉપર મમતા રાખતો નથી, ત્યારે તેનામાં સમતાનો મહાન્ ગુણ દીપી નીકળે છે. જ્યારે મમતાનો ત્યાગ થયો, એટલે તરતજ સમતા સમાન બુદ્ધિ ઉત્પન્ન થાય છે. માણસને જ્યાં સુધી અમુક વસ્તુ ઉપર મમતા હોય છે, ત્યાં સુધી તેની મનોવૃત્તિમાં પક્ષપાત ર-

હે છે, અને પક્ષપાતને લઇને તેનામાં સમાનતાની બુદ્ધિનો મહાન્ ગુણ હોતોજ નથી. તેથી ગ્રંથકાર ઉપદેશ કરે છે કે, યોગીએ જો પોતાનું યોગીપણું જાળવી રાખવાને સમતા ગુણ મેળવવો હોય, તો સત્વર નિર્મમતાની ઉપરજ આદર કરવો. ૧૦

## નિર્મમત્વથી યોગીને ઘણો આનંદ થાય છે, તે કહે છે—

विहाय विषयग्राममात्माराममना भवन् ।
निर्ममत्वसुखास्वादान्मोदते योगिपुंगवः ॥ ११ ॥

અક્ષરાર્થ—વિષયોના સમુહને છોડી પોતાના આત્મામાં મનને રમાડતો ઉત્તમ યોગી નિર્મમપણાના સુખનો સ્વાદ લઇ આનંદ પામે છે. ૧૧

વિવેચન—ઉત્તમ યોગીને ક્યારે આનંદ થાય છે, તેને માટે ગ્રંથકાર ત્રણ બાબત મુખ્ય જણાવે છે. પ્રથમ તો તેણે વિષય સમુહનો ત્યાગ કરવો, જ્યારે વિષયનો ત્યાગ થાય, એટલે યોગીનું મન પછી આત્મારામ બને છે, એટલે આત્મસ્વરૂપમાં રમણ કરનારૂં થાય છે, જ્યારે મન આત્મારામ બન્યું, એટલે તેનામાં નિર્મમત્વ ગુણ ઉત્પન્ન થાય છે, એ મહાન્ ગુણમાંથી એવું સુખ મળે છે કે, જેથી યોગી તેનો સ્વાદ લઇ પરમ આનંદને પ્રાપ્ત કરે છે. આવો નિર્મમત્વનો ગુણ કોણ સંપાદન ન કરે ? અર્થાત્ સર્વે સંપાદન કરેજ. ૧૧

विषयोमां समता राखवाथी शुं फळ मळे छे ?

ते कहे छे.—

**येऽनिशं समतामुद्रां विषयेषु नियुञ्जते ।**
**करणैश्वर्यधुर्यास्ते योगिनो हि नियोगिनः ॥ १२ ॥**

અક્ષરાર્થ—જેઓ ઇંદ્રિયોના વિષયોમાં હમેશાં સમતાની મુદ્રાને યોજે છે, તે યોગીઓ ઇંદ્રિયોના નિયામકપણાને વહન કરનારા ખરેખરા સત્તાદાર અધિકારીઓ છે. ૧૨

વિવેચન—અહીં ગ્રંથકાર સમતા ગુણને ધારણ કરનારા યોગીઓને એક સત્તાધીશની સાથે સરખાવે છે. જે યોગીઓ ઇંદ્રિયોના વિષયોમાં હમેશાં સમતા ગુણને યોજે છે, તે યોગીઓ ખરેખરા સત્તાધીશની જેમ ઇંદ્રિઓના નિયામક થાય છે. જેમ સત્તાધીશ અધિકારીઓ વિષય એટલે દેશમાં પોતાની મુદ્રા એટલે મોહોર છાપ તેને લગાડી, તે દેશના ઐશ્વર્યના પુર્ણ નિયામક થાય છે, તેવી રીતે યોગીઓ ઇંદ્રિયોના વિષય એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, તેની અંદર પોતાની સમતારૂપ મોહોર છાપ મારે છે, અર્થાત્ દરેક વિષયો સારા કે નઠારા હોય, તોપણ તે ઉપર સમાન ભાવ રાખે છે, તો તેઓ તે તે વિષયની ઇંદ્રિયોની ઉપર પોતાની સત્તા ચલાવી શકે છે. ભાવાર્થ એવો છે કે, જો સમતા ગુણ વિષયોમાં ફોરવ્યો હોય તો, તે ઇંદ્રિયોને તાબે કરી શકે છે. અહીં વિષય શબ્દના બે અર્થ થાય છે.

યોગી પક્ષે ઇંદ્રિયોના વિષય અને અધિકારી પક્ષે વિષય એટલે દેશ. કરણના પણ ઈંદ્રિયો અને સાધનો, એવા બે અર્થ થાય છે. ૧૨

મમતા રાખવાથી શી હાની થાય છે ? તે કહે છે.

**ममत्ववासना नित्यसुखनिर्वासनानकः ।**
**निर्ममत्वं तु कैवल्य दर्शनप्रतिभूः परम् ॥ १३ ॥**

અક્ષરાર્થ—મમતાની વાસના મોક્ષને વિદાય કરવામાં પટહરૂપ છે, અને નિર્મમતા તો કૈવલ્ય-મોક્ષનું દર્શન કરાવવામાં ઉત્કૃષ્ટ જામીનરૂપ છે. ૧૩

વિવેચન—" આ મારૂં " એવી જે મમતાની વાસના છે, તે જેમાં નિત્યે સુખજ રહેલું છે, એવા મોક્ષને વિદાય કરવામાં પટહરૂપ છે, એટલે જેમ કોઈને બહારં વિદાય કરવાને માટે પડો વગાડવામાં આવે છે, તેમ મોક્ષને વિદાય કરવામાં મમતાની વાસના એ પટહ સમાન છે. અર્થાત્ જો મમતા હોય તો મોક્ષ મળતો નથી, અને જે નિર્મમત્વ-મમતાનો અભાવ છે, તે કૈવલ્ય દર્શન એટલે મોક્ષનું દર્શન કરાવવામાં જામીનરૂપ છે. જેમ કોઇ માણસ અમુક કામની જામીનગીરી માથે લે છે, તો તે કામ તેને બજાવવું પડે છે, તેવી રીતે નિર્મમતા મોક્ષ આપવાની જામીનગીરી માથે લે છે. જો માણસ મમતા છોડી દે, તો તેને અવશ્ય મોક્ષ મળે છે. બધાનો સારાંશ કે મમતા રાખવાથી મોક્ષ મળતો નથી, અને મમતા છોડવાથી મોક્ષ મળે છે. ૧૩

આસક્તિરૂપ જ્વરનું ઔષધ નિર્મમત્વ છે, તે કહે છે.

भुव्यभिष्वंग एवायं तृष्णाज्वरभरावहः ।
निर्ममत्वौषधं तत्र विनियुंजित योगवित् ॥ १४ ॥

અક્ષરાર્થ—આ જગતમાં અતિ આસક્તિ-મમતા રાખવી, તેજ તૃષ્ણારૂપ જ્વરનો મોટો બોજો છે. તેવા જ્વરની અંદર યોગી પુરૂષે નિર્મમતારૂપ ઔષધનો ઉપયોગ કરવો જોઇએ. ૧૪

વિવેચન—જ્યારે માણસને જ્વર આવે છે, ત્યારે તેણે ઔષધનો ઉપચાર કરવો જોઇએ, જેથી કરીને જ્વર શમી જાય છે, તેવી રીતે આ જગતના પદાર્થોની અંદર જે આસક્તિ મમતા છે, તેથી કરીને તૃષ્ણારૂપ મહા જ્વર ઉત્પન્ન થાય છે, આ મહા જ્વરને શમાવાને માટે યોગવેત્તા પુરૂષે નિર્મમતારૂપ ઔષધનો ઉપયોગ કરવો, કે જેથી કરીને એ તૃષ્ણારૂપ મહા જ્વર શમી જાય છે. ભાવાર્થ એવો છે કે, યોગવિદ્યાને જાણનારા પુરૂષે મમતાને લઇ ઉત્પન્ન થયેલી તૃષ્ણાને દુર કરવાને માટે નિર્મમતા રાખવી જોઈએ. ૧૪

નિર્મમત્વના મહાત્મ્યની પરાકાષ્ટા કહે છે.

पर्यवस्यति सर्वस्य तारतम्यमहो क्वचित् ।
निर्ममत्व मतः साधु कैवल्योपरि निष्ठितम् ॥ १५ ॥

અક્ષરાર્થ—અહા ! સર્વનું તારતમ્ય [ ન્યુનાધિક-

પણું ] કોઇપણ ઠેકાણે અવસાન પામે છે. ( સમાપ્ત થાય છે ) પણ એ બધાથી શ્રેષ્ટ એવું નિર્મમત્વપણું તો મોક્ષની ઉપર રહેલું છે. ૧૫

વિવેચન— આ જગતમાં દરેક વસ્તુમાં ન્યૂનાધિકપણું રહેલું છે. સર્વ પદાર્થો ઉંચામાં ઉંચી સ્થીતિએ જતાં અવસાન સ્થીતિએ આવે છે. દેવતાના સુખની પણ સીમા છે. અમુક પરાકાષ્ટાએ એ દેવતાનું સુખ પણ સમાપ્ત થાય છે, ત્યારે કઇ વસ્તુ એવી છે, કે જેની પરાકાષ્ટા સર્વથી અધિક છે ? તેવી વસ્તુ તો એકજ નિર્મમત્વજ છે. તે ઉત્તરોત્તર અધિકતાને પ્રાપ્ત કરી, મોક્ષ ઉપર જઇને ઠરે છે. ભાવાર્થ એવો છે કે, મમતાનો ત્યાગ કરવાથી મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે. ૧૫

મમત્વરૂપી વિષને ઉતારવાનું સાધન વૈરાગ્ય છે.

**ममत्वविषमूर्छालमांतरं तत्वमुत्सकैः ।**
**तद्वैराग्यसुधासेकाच्चेतयंते हि योगिनः ॥ १६ ॥**

અક્ષરાર્થ—મમતારૂપ ઝેરથી અત્યંત મુર્છા પામેલાં અંતરનાં તત્વને યોગિઓ વૈરાગ્યરૂપ અમૃતના સિંચનથી સચેત કરે છે. ૧૬

વિવેચન—મનુષ્યના હૃદયની અંદર જે તત્વ રહેલું છે, તે આંતર તત્વ કહેવાય છે, તે આંતરના તત્વ ઉપર જગતના વિવિધ જાતના બનાવો ઘણી અસર કરી શકે છે, આ સંસારનાં

સુખ દુઃખની અસર તે આંતર તત્વ ઉપર થાય છે. બાહેરના વિષયના વિકારો પ્રથમ એ તત્ત્વ ઉપરજ અસર કરે છે. એ આંતર તત્વની ઉપર જો મમતારૂપ ઝેર લાગુ પડે, તો તેથી તે મૂર્છિત થઇ જાય છે. જ્યારે મમતારૂપ ઝેરથી આંતર તત્વ ઘણું મૂર્છિત થાય, ત્યારે યોગવિદ્યાને જાણનારા યોગીઓ વૈરાગ્યરૂપ અમૃતનું સિંચન કરી, એ મૂર્છા પામેલા હૃદયતત્ત્વને સચેત કરે છે. ક્હેવાની મતલબ એવી છે કે, જ્યારે હૃદયમાં મમતા ઉત્પન્ન થાય, ત્યારે હૃદય ખિન્ન થઇ જાય છે, તેવા હૃદય ઉપર યોગીઓએ વૈરાગ્યની અસર કરવી જોઇએ, કે જેથી તે હૃદયમાંથી મમતાનું વિષ ઉતરી જાય, કારણ કે, વૈરાગ્ય પામેલા હૃદય ઉપર મમતાપણું રહી શકતું નથી. ૧૬

## વિષયપર આરૂઢ થએલો વૈરાગ્ય શું કરે છે?

**विरागो विषयेष्वेषु परशुर्भववकानने ।**
**समूलकाषं कषित ममता वल्लिरुल्वणः ॥ १७ ॥**

અક્ષરાર્થ—એ વિષયોની અંદર ઉત્પન્ન થયેલો વૈરાગ્ય આ સંસારરૂપ વનમાં કુવાડા સમાન છે, તે વૈરાગ્યરૂપ તીક્ષ્ણ કુવાડો મમતારૂપી વલ્લીને મુળમાંથી ઉખેડી નાખનાર છે. ૧૭

વિવેચન—વિષયોની અંદર ઉત્પન્ન થયેલા વૈરાગ્યને ગ્રંથકાર તીક્ષ્ણ કુવાડાની સાથે સરખાવે છે. જેમ તીક્ષ્ણ કુવાડો વેલડીઓને મૂળમાંથી ઉખેડી નાંખે છે, તેમ વૈરાગ્યરૂપી કુવાડો

આ સસારરૂપી વનની અંદર આવેલી મમતારૂપ વલ્લીને મૂળમાંથી ઉખેડી નાંખે છે. ભાવાર્થ એવા છે કે, જો ઇંદ્રિયોના વિષયની ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થાય તા, તેથી કરીને મમતાને મૂળમાંથી નાશ થઇ જાય છે. માટે ભવિ પ્રાણીએ સર્વ વિષયપર વૈરાગ્ય ધરી, મમતાના નાશ કરવો જોઇએ. ૧૭

## મોહના સ્વરૂપ વિષે.

### શરીર ઉપર મોહ રાખવાથી પ્રાણીને ક્લેશ થાય છે.

**शरीरकेऽपि दुःखाय मोहमाधाय तत्पराः ।**
**क्लिश्यंते जंतवो हंत दुस्तरा भववासना ॥ १८ ॥**

અક્ષરાર્થ— શરીરને વિષે પણ દુઃખને માટે મોહ રાખીને તે મોહમાંજ તત્પર રહેનારાં પ્રાણીઓ ક્લેશ પામે છે. અહા ! સંસારની વાસના કેવી દુસ્તર છે ? ૧૮

વિવેચન—મમતા થવાનું મૂળ કારણ મોહ છે, તેથી અહીં મોહ વિષે કહે છે—જો શરીરની અંદર મોહ રાખવામાં આવે તો, પ્રાણી તે મોહને લઇને દુઃખી થાય છે; એટલે મોહવશ થઇ, તે શરીરની અંદર શ્રૃંગારાદિ ધારણ કરવામાં, તેમજ કાંઈ પણ રોગની બાધા થાય તો, તેને શમાવવામાં તત્પર રહી ઘણો ક્લેશ પામ્યા કરે છે. તે અજ્ઞાની મોહાંધ પ્રાણી સમજતો નથી કે, આ શરીર નાશવંત છે; ગમે તેટલી સારવાર કરશું; તોપણ તે અશુચિ શરીર સુધરવાનું નથી. આવા શરીરમાં

પ્રાણીને મોહ રહે છે, તેનું કારણ બીજું કાંઇ પણ નથી; તે આ સંસારની વાસના છે કે જે વાસના દુસ્તર છે, એટલે દુઃખે તરી શકાય તેવી છે. ૧૮

મોહ વિદ્વાન્ માણસને પણ અંધ કરે છે.

अहो मोहस्य माहात्म्यं विद्वत्स्वपि विजृंभते ।
अहंकारभवात्तेषां यदंधं करणं श्रुतम् ॥ १९ ॥

અક્ષરાર્થ—અહા! વિદ્વાનોમાં પણ મોહનું માહાત્મ્ય વૃદ્ધિ પામે છે, તેઓને અહંકાર ઉત્પન્ન થવાથી શાસ્ત્ર પણ અંધ કરી નાખે છે. ૧૯

વિવેચન—જે વિદ્વાનો વિદ્યામદ ધારણ કરનારા છે, તેમને ઉદ્દેશીને ગ્રંથકાર આ શ્લોકથી ઉપદેશ આપે છે. કદિ મૂર્ખ—અજ્ઞાની માણસમાં મોહ વૃદ્ધિ પામે તો, તેથી કાંઈ આશ્ચર્ય પામવાનું નથી, પણ જે વિદ્વાન્ પુરૂષો છે, જ્ઞાનાવરણીય કર્મને ખપાવાથી જેઓએ સારી વિદ્વતા સંપાદન કરી છે, તેઓમાં મોહની વૃદ્ધિ થાય, એ વિશેષ આશ્ચર્યની વાત છે. તેથીજ ગ્રંથકાર કહે છે કે, મોહનું કેવું માહાત્મ્ય છે કે, જે વિદ્વાન્ માણસના હૃદયમાં પણ અસર કરે છે. એ મોહના માહાત્મ્યથીજ સન્માર્ગને દર્શાવનારૂં શાસ્ત્ર પણ વિદ્યામદવાળા વિદ્વાનોને પણ અહંકારમાં અંધ કરી નાખે છે. ૧૯

ઉપરની વાતનું વિશેષ સ્પષ્ટીકરણ કરે છે—

श्रुतस्य व्यपदेशेन विवर्त्तस्तमसामसौ ।
अंतः संतमसः स्फातिर्यस्मिन्नुदयमीयुषी ॥ २० ॥

અક્ષરાર્થ—જે શ્રુત ( શાસ્ત્ર ) ના મદને લઇને અંદર અજ્ઞાનરૂપ અંધકારનો વિસ્તાર ઉદય પામે, તે શાસ્ત્ર નથી, પણ શાસ્ત્રના મિષથી રહેલ અજ્ઞાનરૂપ અંધકારનું રૂપાંતર છે. ૨૦

વિવેચન—મોહને લઇને શાસ્ત્રના મદને ધારણ કરનારા પુરૂષોના હૃદયમાં જો અજ્ઞાનરૂપ અંધકારનો ઉદય થાય, એટલે શાસ્ત્રની વિદ્વતા છતાં જો તેઓ શાસ્ત્રના મદને ધારણ કરે તો તેઓના હૃદયમાં શાસ્ત્ર છે, એમ ધારવું નહીં; પણ તેમાં શાસ્ત્રને બહાને અજ્ઞાનરૂપ અંધકારનું રૂપાંતર છે, અર્થાત્ તેમનું શાસ્ત્ર તે અજ્ઞાનજ છે. ૨૦

મોહથી શાસ્ત્રનો ઉપયોગ વાદ—વિવાદમાંજ થાય છે.—

केषांचित्कल्पते मोहाद्व्यावभाषीकृते श्रुतम् ।
पयोऽपि खलु मंदानां सन्निपाताय जायते ॥ २१ ॥

અક્ષરાર્થ—કેટલાએક વિદ્વાનોને મોહથી તેમનું શાસ્ત્ર વાદ-વિવાદને માટે થાય છે, માંદા પુરૂષોને આપેલું દુધ પણ સંનિપાત રોગને માટે થઇ પડે છે. ૨૧

વિવેચન—સંપાદન કરેલા શાસ્ત્રનો ઉપયોગ કેવી રીતે કરવો જોઇએ? તે મોહને લઇને જાણી શકાતું નથી. જેઓના હૃદય ઉપર મોહની અસર થઇ હોય, તેઓનું શાસ્ત્ર જ્ઞાન વાદ વિવાદને માટેજ થઇ પડે છે. વાદ વિવાદ શિવાય તેના જ્ઞાનનો બીજો ઉપયોગ થતો નથી. માંદા માણસને આપેલું દૂધ સંનિપાતનો રોગ ઉત્પન્ન કરે છે. સર્વ મનુષ્યને દૂધ પુષ્ટિકારક છે; પણ જેને વ્યાધી થયેલ હોય, તેવા માણસને તે સંનિપાતનો રોગ ઉત્પન્ન કરે છે. મોહ વગરના વિદ્વાનોએ સંપાદન કરેલ શાસ્ત્ર જ્ઞાન તેના આત્માના ઉદ્ધારને માટે થાય છે, અને મોહવાળા વિદ્વાનનું શાસ્ત્ર જ્ઞાન ફકત વાદ વિવાદને માટેજ થાય છે. કહેવાની મતલબ એવી છે કે, શાસ્ત્રવેત્તા વિદ્વાનોએ પણ મોહ રાખવો ન જોઈએ. મોહ રાખવાથી સંપાદન કરેલું શાસ્ત્રીય જ્ઞાન પણ નિષ્ફળ થાય છે. ૨૧

## વૈરાગ્યરૂપ જળથી મમતારૂપ કાદવને ધોઇ નાખવો જોઇએ.

**ममत्वपंकं निःशंकं परिमार्ष्टुं समंततः ।**
**वैराग्य वारिलहरीपरीरंभपरो भव ॥ २२ ॥**

અક્ષરાર્થ—હે ભવિ પ્રાણી! મમતારૂપ કાદવને ચારે તરફથી નિશંકપણે ધોઇ નાખવા વૈરાગ્યરૂપ જળનો સંપર્ક કરવાને તત્પર થા. ૨૨

વિવેચન—જેમ શરીરપર કાદવ લાગ્યો હોય તો તેને જલ વડે ધોઇ નાખવાથી તે કાદવ દૂર થઇ જાય છે, તેમ જો મમતા-

રૂપ કાદવ લાગ્યો હોય તો, તે વૈરાગ્યરૂપ જળના તરંગવડે ધોવાથી દૂર થઇ જાય છે. આ ઉપદેશ આપવાને ગ્રંથકાર જણાવે છે કે, હે ભવિ પ્રાણી ! તારા હૃદયમાં મમતારૂપ કાદવ લાગ્યો છે, તેને ધોઈ નાખવા વૈરાગ્યરૂપ જળના તરંગનો સંપર્ક કરવામાં તું તત્પર થા. તે મમતારૂપ કાદવને થોડો ઘણો ધોઇશ નહીં, પણ ચારે તરફથી ધોઈ નાખજે. તેમજ તેને ધોઇ નાખતાં મનમાં જરા પણ શંકા રાખીશ નહીં. તેથી ગ્રંથકાર મૂલમાં "નિઃશંક" એ પદ મૂકે છે. બધા શ્લોકની કહેવાની મતલબ એવી છે કે, મમતાને દૂર કરવાનો ઉપાય વૈરાગ્ય છે. જ્યારે દરેક સાંસારિક પદાર્થ ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થાય, ત્યારે મમતા રહેતીજ નથી. ૨૨

રાગરૂપ સર્પે ડશેલો પુરૂષ વિવેકરૂપ ચૈતન્યથી રહિત થાય છે—

**रागोरगविषज्वालावलीढ दृढचेतनः ।**
**न किंचिच्चेतति स्पष्टं विवेकविकलः पुमान् ॥ २३ ॥**

અક્ષરાર્થ—જેનું ચેતન રાગરૂપ સર્પના વિષની જ્વાળાથી સજ્જડ વ્યાપ્ત થયેલું છે, એવો પુરૂષ સ્પષ્ટ રીતે વિવેક વગરનો થઇ જરા પણ ચેતન પામતો નથી. ૨૩

વિવેચન—આ શ્લોકથી રાગનો દોષ દર્શાવે છે. જેનો ચેતન એટલે ચૈતન્યમય જીવ રાગરૂપ ઝેરની જ્વાળાથી મજબુતપણે વ્યાપ્ત થએલ છે, તે પુરૂષ વિવેક વગરનો થઇ,

ચેતનથી રહિત થઇ જાય છે. અમુક વસ્તુ ઉપર પ્રીતિ કરવી—આસક્તિ રાખવી, તે રાગ કહેવાય છે. એ રાગને સર્પની ઉપમા આપે છે, જેમ સર્પનું વિષ ચડયું હોય, તો ચેતન રહેતું નથી, તેમ રાગરૂપ સર્પનું વિષ ચડવાથી પુરૂષ ચેતન રહિત થઇ જાય છે, અર્થાત્ તેનામાંથી વિવેક ચૈતન્ય ઉડી જાય છે. જ્યારે વિવેકનો અભાવ થયો એટલે પછી તેનું ચૈતન્ય મૂઢ થઇ જાય છે. મૂઢ ચૈતન્યવાળો પુરૂષ જીવતો રહે છે; પણ તે જીવતો મુઆ જેવો છે. જેનામાં સાર અસારનો, ગ્રહણ કરવા યોગ્ય તથાં ત્યાગ કરવા યોગ્યનો, આચાર તથા અનાચારનો, પુણ્ય તથા પાપનો, ધર્મ તથા અધર્મનો અને સમ્યકત્વ તથા મિથ્યાત્વનો વિવેક ન હોય, તે ચેતન વગરનો છે. હાલવું, ચાલવું, એ ચેતન તો પશુ, પક્ષી અને મનુષ્યમાં સમાન છે. તે ખરેખરૂં ચેતન નથી, ખરૂં ચેતન તો વિવેકનું છે. તે વિવેક રૂપ ચેતન રાગરૂપ સર્પના ઝેરથી નાશ પામી જાય છે. માટે ભવિપ્રાણીએ કોઇપણ વસ્તુમાં રાગ કરવો નહીં. ૨૩

## વિવેકરૂપ અમૃતસાગરમાં સ્નાન કરી રાગરૂપ સર્પના વિષને ઉતારવું જોઇએ.

**तद्विवेकसुधांभोधौ स्नात्वं स्नायमनामयः ।**
**विनयस्व स्वयं रागभुजंगम महाविषम् ॥ २४ ॥**

અક્ષરાર્થ—હે ભવિ પ્રાણી! તું પોતેજ વિવેકરૂપ અમૃતના સમુદ્રમાં સ્નાન કરી તંદુરસ્ત થઇ રાગરૂપી સર્પના મોટા ઝેરને દુર કર. ૨૪

વિવેચન—ગ્રંથકાર ઉપર કહેલા શ્લોકની પુષ્ટિમાંજ આ શ્લોક કહે છે. જે માણસ અમૃતના સમુદ્રમાં સ્નાન કરે તે નીરોગી થાય છે, અને કદિ તેના શરીરમાં સર્પનું ઝેર ચડયું હોય તો તે પણ ઉતરી જાય છે. તે પ્રમાણે જે માણસ વિવેકરૂપ અમૃતના સમુદ્રમાં સ્નાન કરે છે, તેના હૃદયમાંથી રાગરૂપ સર્પનું મહા વિષ ઉતરી જાય છે. કહેવાની મતલબ એવી છે કે, જ્યાં વિવેક હોય ત્યાં રાગ રહી શકતો નથી. જો કદિ રાગ ઉત્પન્ન થતો હોય તો વિવેકથી તેને દૂર કરવો. જો વિવેક રાખવામાં ન આવે તો એ રાગ સર્પના જેવો ભયંકર છે. માટેજ ગ્રંથકાર ઉપદેશ આપે છે કે, હે પ્રાણી ! રાગરૂપ અમૃત સાગરમાં સ્નાન કરી નિરોગી થઇ રાગરૂપ સર્પના મહા વિષને તું પોતાની જાતે દૂર કર. ૨૪

## વિવેક, એ ત્રીજું લોચન છે.

बहिरंतर्वस्तुतत्त्वं प्रथयन्तमनश्वरम् ।
विवेकमेकं कलयेत्तार्त्तीयीकं विलोचनम् ॥ २५ ॥

અક્ષરાર્થ—બાહેર અને અંદરની વસ્તુનાં તત્વને જોનાર અને કોઇ દિવસ નાશ નહીં પામનાર, એવો વિવેક એક ત્રીજું લોચન છે, એમ જાણવું. ૨૫

વિવેચન—ઉપર કહેલા રાગરૂપ સર્પના મહા વિષને દુર કરનારા વિવેકની ગ્રંથકાર બીજી રીતે પ્રશંસા કરે છે. વિવેક એક ખરેખરૂં ત્રીજું લોચન છે. તે આ ચર્મચક્ષુથી જુદી રીતનું છે. ચર્મચક્ષુ બાહેરનાં વસ્તુ તત્વને જુવે છે, અને વિવેકરૂપ ચક્ષુ બાહારનાં અને અંદરનાં વસ્તુ તત્વને જોઇ શકે છે. ચર્મચક્ષુ

પીડાથી વખતે નાશ પામી જાય છે, અને આ વિવેકરૂપ ચક્ષુ નાશ પામતુ નથી. તે અનશ્વર છે. આવાં વિવેકરૂપ ચક્ષુને દરેક મનુષ્યે મેળવવુ જોઇએ. ૨૫

( દ્વેષ વિષે. )

## દ્વેષરૂપ હાથીને કબજે રાખવો જોઇએ.

**उद्दामक्रममाबिभ्रद् द्वेषदंतावलो बलात् ।**
**धर्मारामममं भिन्दन्नियम्यो जितकर्मभिः ॥ २६ ॥**

અક્ષરાર્થ—દ્વેષરૂપી હસ્તી કે જે ઉદ્ધત રીતે ચાલી ધર્મરૂપી બગીચાને પોતાના બળથી ભાંગી નાખે છે, તેને કર્મને જીતનારા પુરૂષોએ નિયમમાં રાખવો જોઇએ. ૨૬

વિવેચન—રાગ વિષે વિવેચન કર્યા પછી હવે ગ્રંથકાર દ્વેષ વિષે લખે છે. પ્રથમ દ્વેષને એક ઉન્મત્ત ગજેંદ્રની ઉપમા આપે છે. જેમ ઉદ્ધત થઇ ચાલતો હાથી કોઇ ઝાડના બગીચાને ભાંગી નાખે છે, તેમ દ્વેષરૂપી હાથી ઉદ્ધત રીતે ચાલતો ધર્મરૂપી બગીચાને પોતાના બળથી ભાંગી નાખે છે. આવા દ્વેષરૂપી બળવાન્ હાથીને કબજે રાખવો જોઇએ. તેને કોણ કબજે રાખી શકે ? જેઓએ કર્મને જીત્યા હોય, એટલે જેઓ કર્મબંધ કરતા ન હોય, તે દ્વેષરૂપી ગજેંદ્રને કબજે કરી શકે છે. કહેવાની મતલબ એવી છે કે, કર્મને જીતનારા મનુષ્યોએ દ્વેષ કરવો નહીં;

કારણ કે તે દ્વેષ બળવાન્ થઈ ધર્મનો નાશ કરે છે. જ્યારે દ્વેષને કબજે ન કરી શકાય, તો પછી તેઓ કર્મને પણ જીતી શકતા નથી. દ્વેષ કરવાથી કર્મના બંધ થયા કરે છે. ૨૬

તે દ્વેષરૂપ અગ્નિને ઉપશમથી બુઝાવી દેવો જોઇએ.

**सैष द्वेषशिखी ज्वालाजटालस्तापयन्मनः ।**
**निर्वाप्यः प्रशमोद्दामपुष्करावर्त्तसेकतः ॥ २७ ॥**

અક્ષરાર્થ—જ્વાલાઓથી વ્યાપ્ત એવો એ દ્વેષ-રૂપી અગ્નિ કે જે હૃદયને તપાવે છે, તેને પ્રશમ-શમતારૂપ પુષ્કરાવર્ત્ત નામના ઉગ્રમેઘના જળનું સિંચન કરી શમાવવો જોઇએ. ૨૭

વિવેચન—ઉપર કહેલા ક્રોધને અગ્નિની ઉપમા આપી, તેને શમાવવાનો ઉપાય દર્શાવે છે. જેમ જ્વાળાઓથી ભરપુર એવો અગ્નિ મોટા મેઘના જળના છંટકાવથી શમી જાય છે, તેમ ક્રોધરૂપ અગ્નિ પ્રશમ—શમતારૂપ મેઘના જળથી શમી જાય છે. આ ક્રોધરૂપ અગ્નિ ભયંકર જ્વાળાઓથી વ્યાપ્ત છે, અને તેથી કરીને તે હૃદયને તાપ કરે છે. આવો ભયંકર અગ્નિ સાધારણ મેઘના જળથી બુઝાય નહીં, તેથી તેને શમતારૂપ પુષ્કરાવર્ત્ત મેઘના જળથી બુઝાવી દેવો જોઈએ. સર્વ મેઘોમાં પુષ્કરાવર્ત્ત મેઘ અતિ પ્રચંડ છે સારાંશ એવો છે કે જ્યારે મનને તાપ કરનાર ક્રોધ ઉત્પન્ન થાય, ત્યારે શમતા રાખવી, કે જેથી તે ક્રોધાગ્નિ શમી જાય છે. ૨૭

કોઇ પણ જાતની સંસારની વાસના વેશ્યાની
જેમ વશ થઇ શકતી નથી.

वश्या वेश्येव कस्य स्याद्वासना भवसंभवा ।
विद्वांसोऽपि वशे यस्याः कृत्रिमैः किलकिंचितैः ॥२८॥

અક્ષરાર્થ— આ સંસારની વાસના વેશ્યાની જેમ કોને વશ થાય ? જેના કૃત્રિમ હાવભાવથી વિદ્વાનો પણ વશ થઇ જાય છે. ૨૮

વિવેચન— મોહનું કારણ વાસના છે, તેથી ગ્રંથકાર વાસનાને માટે કહે છે. આ સંસારની વાસના કોઇ પણ માણસને વશ થઈ શકતી નથી, તેની ઉપર વેશ્યાનું દ્રષ્ટાંત આપે છે. જેમ સ્વતંત્ર ચાલનારી વેશ્યા સ્ત્રી કોઇ પણ પુરૂષને વશ થઇ શકતી નથી, મોટા મોટા વિદ્વાન્ પુરૂષો પણ તેના કૃત્રિમ હાવભાવથી તેને વશ થઇ જાય છે, તેવી રીતે સંસારની વાસના કોઇને વશ થઇ શકતી નથી. જેના કૃત્રિમ હાવભાવથી એટલે બનાવટી એવા મોહક બનાવોથી વિદ્વાન્ માણસ પણ તે વાસનાને વશ થઇ જાય છે, તેથી સર્વ ભવિ પ્રાણીઓએ એ વાસનાને વશ ન થવું જોઇએ. વાસનાને વશ થવાથી મોહનું બળ વધે છે, અને મોહથી દુર્ગતિ પ્રાપ્ત થાય છે. ૨૮

જ્યાં સુધી સંસારની વાસના હોય, ત્યાં સુધી
પ્રાણીને નિર્મમતામાં રૂચિ થતી નથી.

यावज्जागर्त्ति संमोहहेतुः संसारवासना ।
निर्ममत्वकृते तावत् कुतस्त्या जन्मिनां रुचिः ॥२९॥

અક્ષરાર્થ— જ્યાં સુધી પ્રાણીઓને મોહ થવામાં હેતુરૂપ સંસારની વાસના જાગે છે, ત્યાં સુધી પ્રાણીઓને નિર્મમતાને માટે રૂચિ કયાંથી થાય ? ૨૯

વિવેચન— સંસારની વાસના રાખવાથી પ્રાણીઓને શી હાનિ થાય છે ? તે ગ્રંથકાર આ શ્લોકથી જણાવે છે. સંસારની વાસના પ્રાણીઓને મોહની હેતુરૂપ છે; એટલે વાસના રાખવાથી મોહ થાય છે, અને જ્યારે મોહ ઉત્પન્ન થયો, તો પછી પ્રાણીઓને નિર્મમતા રહેતી નથી. કહેવાની મતલબ એવી છે કે કોઇ મનુષ્યે સંસારની વાસના રાખવી નહીં. જો સંસારની વાસના રાખવામાં આવે, તો પછી પ્રાણીઓને નિર્મમતાને માટે રૂચિ થશે નહીં. જ્યારે નિર્મમતાની રૂચિ ન થાય, તો પછી મોહ થવાનો, અને મોહને લઇને પ્રાણીની અધોગતિ થાય છે. ૨૯

### વાસના એ ત્રિદોષમય વિષમ જ્વર છે.

**दोषत्रयमयः सैष संस्कारो विषम ज्वरः ।**
**मेदुरीभ्रूयते येन कषायक्वाथयोगतः ॥ ३० ॥**

અક્ષરાર્થ—તે આ સંસ્કાર ( વાસના ) ત્રિદોષવાળા વિષમ જ્વરના જેવો છે, જે કષાયરૂપ કવાથ [ ઉકાળા ] ના યોગથી પુષ્ટ થાય છે. ૩૦

વિવેચન—વાસનાનો બીજો શબ્દ સંસ્કાર આપી તેને એક વિષમ જ્વરની ઉપમા આપે છે; જેમ ત્રિદોષ એટલે વાત પિત્ત અને કફનો યોગ જે સંનિપાતના નામથી ઓળખાય છે, તેનાથી ઉત્પન્ન થયેલો વિષમ જ્વર ઘણો ક્ષયકર હોય છે, તેની ઉપર જો કષાય કવાથનો ઉપાય કરવામાં આવે તો, તે વિષમ-જ્વર શમતો નથી, પણ ઉલટો વિશેષ પુષ્ટ થાય છે, તેમ સંસ્કારરૂપ વાસના કે, જે ત્રિદોષ એટલે મન, વચન અને કાયાના દુષ્ટ યોગની સાથે મિશ્ર થયેલ હોય, તેની સાથે ક્રોધ, માન, માયા અને લોભ—એ ચાર કષાયની યોજના થાય તો, તેનાથી તે વાસના વિશેષ વૃદ્ધિ પામે છે; તેથી દરેક માણસે ચાર કષાયની સાથે વાસનાનો ત્યાગ કરવો જોઈએ. ૩૦

## વાસના જો પવિત્ર હોય તો તેને સ્વિકારવી.

**तत्कषाया निर्मांश्छेत्तु मीश्वरी म विनश्वरीम् ।**
**पावनां वासना मेनामात्मसात्कुरुते द्रुतम् ॥ ३१ ॥**

**અક્ષરાર્થ—તેથી એ ચાર કષાયને છેદવાને સમર્થ અને કદિ નાશ ન પામે, એવી પવિત્ર વાસનાને સત્વર પોતાને આધિન કરવી. ૩૧**

વિવેચન—વાસના બે પ્રકારની હોય છે; એક સંસારની વાસના, અને બીજી ધર્મની વાસના, તેમાં સંસારની વાસનાનો ત્યાગ કરવો, અને ધર્મની વાસનાને પોતાને આધિન કરવી. એ ધર્મની વાસના ક્રોધ, માન, માયા અને લોભ—એ

ચાર કષાયોને છેદવાને સમર્થ થાય છે, અને તે કદિ પણ નાશ પામતી નથી; આવી પવિત્ર વાસનાને પોતાને આધિન કરવી ધર્મની વાસના રાખવાથી ચાર કષાય ઉત્પન્ન થતા નથી, અને તેનાથી હમેશાં હૃદય શુદ્ધ અને પવિત્ર રહે છે; માટે ગ્રંથકાર ભલામણ કરે છે કે, સંસારની વાસનાનો ત્યાગ કરવો, અને ધર્મની પવિત્ર વાસનાને સત્વર પોતાને સ્વાધીન કરવી; જેથી મનુષ્ય ઉત્તમ સ્થીતિ પ્રાપ્ત કરી શકે છે. ૩૧

## ક્ષમાથી ક્રોધનો નિગ્રહ કરવો.

स्पष्टं दुष्ट ज्वरः क्रोधश्चैतन्यं दलयन्नयम् ।
सुनिग्राह्यः प्रयुज्याशु सिद्धौषधिमिमां क्षमाम् ॥३२॥

અક્ષરાર્થ—ક્રોધ એ સ્પષ્ટ રીતે દુષ્ટ જ્વરના જેવો છે, ને ચૈતન્યને નાશ કરનારો છે, માટે ક્ષમારૂપી સિદ્ધ ઔષધિનો પ્રયોગ કરી, તેનો સત્વર નાશ કરવો. ૩૨

વિવેચન—અહીં ગ્રંથકાર ક્રોધને એક દુષ્ટ જ્વરની ઉપમા આપે છે; જેમ દુષ્ટ જ્વર ચૈતન્યનો નાશ કરે છે, તેમ ક્રોધ જ્ઞાનરૂપ ચૈતન્યનો નાશ કરે છે; જેમ સિદ્ધ કરેલી ઔષધિના પ્રયોગથી દુષ્ટ જ્વરને દુર કરી શકાય છે, તેમ ક્ષમાથી ક્રોધને દુર કરી શકાય છે. કહેવાની મતલબ એ છે કે, દરેક મનુષ્યે ક્ષમા ગુણથી ક્રોધનો નાશ કરવો જોઇએ. ૩૨

કોપ આનંદમય શરીરને ગ્લાન કરી દે છે.

आत्मनः सततस्मेरसदानंदमयं वपुः
स्फुरल्लुकाजिलस्फातिः कोपोऽयं ग्लपयत्यहो ॥३३॥

અક્ષરાર્થ— આ શરીર કે જે આત્માના નિરંતર વિકાશ પામેલા ઉત્તમ આનંદથી વ્યાપ્ત છે, તેવા શરીરને પ્રજ્વલિત જ્વાળાઓના વિસ્તારથી સ્ફુરણાયમાન, એવો ક્રોધ ગ્લાનિ પમાડે છે. ૩૩

વિવેચન— ગ્રંથકાર ક્રોધનો બીજો દોષ જણાવે છે—ક્રોધ એ જ્વાળામય અગ્નિરૂપ છે; જેમ અગ્નિથી કોઇ પદાર્થ દગ્ધ થઈ જાય છે, તેમ ક્રોધરૂપ અગ્નિથી આ શરીર ગ્લાનિ પામી જાય છે. કદિ કાષ્ટ જેવી અલ્પ ઉપયોગી વસ્તુનો નાશ થાય તો તે યુક્ત છે, પણ આ શરીર કે જે સર્વદા આત્માના આનંદનું સ્થાનરૂપ છે; એટલે તે માનવ શરીરથી આત્માનો આનંદ મેળવી શકાય તેમ છે, તેવા ઉપયોગી શરીરની નિરર્થક ગ્લાનિ થવા દેવી, તે મોટામાં મોટી હાનિ છે, માટે દરેક ભવિ પ્રાણીએ તે હાનિ ન થવા દેવી જોઇએ, તેવી મોટી હાનિ કરનાર ક્રોધનો અવશ્ય ત્યાગ કરવો, એ ઉપદેશ છે. ૩૩

ક્ષમારૂપ ચંદનના રસથી આત્માને શાંતિ આપો.

व्यवस्थाप्य समुन्मीलदहिंसा वल्लि मंडपे ।
निर्वापय तदात्मानं क्षमा श्रीचंदन द्रवैः ॥३४॥

અક્ષરાર્થ—હે ભવિ પ્રાણી ! તારા આત્માને અહિંસારૂપી પ્રફુલ્લિત, એવા લતામંડપમાં રાખીને ક્ષમારૂપી શ્રીચંદનના રસથી તેને શાંતિ આપ. ૩૪

વિવેચન—જેમ સુંદર લતામંડપમાં ચંદનના રસથી ઉત્તમ પ્રકારની શાંતિ પ્રાપ્ત થાય છે, તેવી રીતે આત્માને પણ ઉત્તમ પ્રકારની શાંતિ આપવી જોઇએ તે કેવી રીતે આપવી જોઇએ ? તેને માટે ગ્રંથકાર બોધ કરે છે. હે ભવિ પ્રાણી ! તું તારા આત્માને અહિંસારૂપી લતાના મંડપમાં રાખજે, અને ત્યાં તેને ક્ષમારૂપી શ્રીચંદનના રસથી શાંતિ આપજે. કહેવાનો આશય એવો છે કે, જો આત્માને પરમ શાંતિ આપવી હોય, તો અહિંસામાં વર્તવું, અંતરમાં દયા રાખવી, અને હમેશાં ક્ષમા-ગુણનું અવલંબન કરવું. અહિંસાથી દ્વેષનો અને ક્ષમાથી ક્રોધનો નાશ થાય છે; જ્યારે દ્વેષ તથા ક્રોધનો અભાવ થયો, એટલે આત્મા પરમ આનંદને પ્રાપ્ત કરે છે. ૩૪

## ક્ષમારૂપ સ્ત્રી ક્રોધરૂપ યોદ્ધાને ક્ષણ માત્રમાં હરાવે છે.

**क्रोधयोधः कथंकारमहंकारं करोत्ययम् ।**
**लीलयैव पराजिग्ये क्षमया रामयापि च ॥ ३५ ॥**

અક્ષરાર્થ— આ ક્રોધરૂપી યોધ્ધો શા માટે અહંકાર કરતો હશે ? કેમકે એક ક્ષમારૂપ સ્ત્રી તેને લીલા માત્રમાં હરાવી દે છે. ૩૫

વિવેચન— ક્રોધની આગળ ક્ષમા ગુણ કેવો બળવાન્ છે? તે દર્શાવે છે ક્રોધ એ પ્રચંડ યોદ્ધા છે, તે હમેશાં મહાન્ ગર્વ ધારણ કરે છે, તથાપિ ક્ષમારૂપ એક સ્ત્રી તેને લીલા માત્રમાં હરાવી દે છે ક્ષમારૂપ સ્ત્રીની આગળ ક્રોધનું કાંઇ પણ ચાલતું નથી, તેથીજ ગ્રંથકાર કહે છે કે ક્ષમારૂપ સ્ત્રીએ માત્ર રમતમાં હરાવી દીધેલો ક્રોધરૂપ યોદ્ધા શા માટે ગર્વ કરતો હશે? કહેવાનો ભાવાર્થ એવો છે કે ક્ષમાગુણની આગળ ક્રોધ એક પામર છે. જેનામાં ક્ષમા છે, તે ક્રોધને ક્ષણ માત્રમાં હરાવી શકે છે, તેથી પ્રત્યેક ભવિ મનુષ્યે ક્ષમાગુણ ગ્રહણ કરી ક્રોધને દુર કરવો, એ ઉપદેશ છે. ૩૫

## ક્ષાંતિ એ ખરેખર પતિવ્રતા સ્ત્રીનું વ્રત સેવે છે.

**भर्तुः शमस्य ललितैर्बिभ्रती प्रीतिसंपदम् ।**
**नित्यं पतिव्रता वृत्तं क्षांतिरेषा निषेवते ॥ ३६ ॥**

અર્થ— પોતાના વિલાસોથી શમરૂપ પતિની પ્રીતિની સંપત્તિને ધારણ કરતી એ ક્ષમારૂપ સ્ત્રી હમેશાં પતિવ્રતાના વ્રતને સેવે છે. ૩૬

વિવેચન ગ્રંથકાર આ શ્લોકથી ક્ષમા અને શમ બંનેને એક સ્ત્રી પુરૂષનું રૂપક આપી વર્ણવે છે. જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના વિલાસોથી પતિની પ્રીતિ મેળવે છે, તેમ ક્ષમારૂપી સ્ત્રી પોતાના વિલાસથી શમરૂપ પતિની પરમ પ્રીતિ સંપાદન કરે છે, જેમ પતિવ્રતા સતી પોતાના પતિ સિવાય અન્યની

સાથે પવિત્ર પ્રેમ ધારણ કરતી નથી, તેમ ક્ષમારૂપ રમણી શમ સિવાય બીજા કોઇની સાથે પ્રીતિ કરતી નથી. કહેવાનો આશય એવો છે કે જ્યાં શમ ગુણ હોય, ત્યાંજ ક્ષમાગુણ હોય છે. તેથી દરેક પ્રાણીએ ક્ષમાગુણને ધારણ કરવો, જેથી શમતા ગુણ પણ સાથેજ આવે છે. ક્ષમા અને શમ—ઉપશમ પરસ્પર એક બીજાના આલંબનરૂપ છે. ૩૬

## ક્ષમાથી કલેશ વિનાનું સુખ ઉત્પન્ન થાય છે.

कारणानुगतं कार्यमिति निश्चिनु मानस ।
निरायासा सुखं सूते यन्निः क्लेशमसौ क्षमा ॥ ३७ ॥

અક્ષરાર્થ— હે મન ! " કારણને અનુસરતું કાર્ય હોય છે, " એમ તું નિશ્ચય કર, જેથી ક્ષમા પ્રયત્ન વિના કલેશ વિનાનું સુખ ઉત્પન્ન કરે છે. ૩૭

વિવેચન—ગ્રંથકાર આ શ્લોકથી ક્ષમાનો બીજો ગુણ વર્ણન કરતાં મનને સંબોધન કરે છે. હે મન ! તું નિશ્ચય કરજે કે કારણને અનુસરતું કાર્ય હોય છે. જે કલેશ વિનાનું સુખ ઉત્પન્ન થાય છે, તેનું કારણ ક્ષમા છે. ક્ષમારૂપ કારણને અનુસરતું કલેશ રહિત સુખરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે, તેવા કલેશ વિનાના સુખને ઉત્પન્ન કરવામાં ઘણો પ્રયત્ન કરવો જોઇએ; પણ આ ક્ષમા તો પ્રયત્ન વિના કલેશ વિનાના સુખને ઉત્પન્ન કરે છે, તેથી સર્વ મનુષ્યોએ કલેશ રહિત સુખને ઉત્પન્ન કરવો, એ ઉપદેશ છે. ૩૭

## અહંકારરૂપ પર્વતપર ચડેલો માણસ ગુરૂ વર્ગને પણ જોતો નથી.

**अखर्वगर्व शैलाग्रशृंगादुद्धरकंधरः ।**
**पश्यन्नहंयुराश्चर्यं गुरूनपि न पश्यति ॥ ३८ ॥**

અક્ષરાર્થ— મોટા ગર્વરૂપ પર્વતના અગ્ર શિખર ઉપરથી ડોક ઉંચી કરીને આશ્ચર્યને જોતો એવો અહંકારી મનુષ્ય ગુરૂઓને પણ જોઇ શકતો નથી. ૩૮

વિવેચન— ગ્રંથકાર હવે ગર્વ–માન નામના કષાયનું સ્વરૂપ વર્ણવે છે. જેમ ઉંચે સ્થળે રહી, ઉંચી ડોક કરી, આશ્ચર્ય જોવામાં પડેલો માણસ બીજાઓને જોઇ શકતો નથી; કારણ કે તેનું લક્ષ આશ્ચર્ય જોવામાં તલ્લીન થએલું હોય છે, તેવી રીતે જે માણસ ગર્વરૂપ મોટા પર્વતની ટોચ ઉપર ચડેલો હોય, તે પોતામાંજ રહેલા આશ્ચર્યને જોયા કરે છે, તેથી તે બીજા ગુરૂ—વડીલ વર્ગને જોઇ શકતો નથી. અહંકારી માણસ એમ જાણે છે કે મારી સમાન કોઈ નથી, અને તેથી તે રૂપમદ, ધનમદ, અને વિદ્યામદનાં આશ્ચર્યો પોતાનામાંજ જુવે છે, માટે બીજા પોતાના પૂજ્ય—વડિલ વર્ગને તૃણ સમાન ગણે છે. આવો અહંકારી માણસ ધિક્કારને પાત્ર છે. કહેવાની મતલબ એ છે કે જેમાં વડિલ—પૂજ્ય વર્ગનું અપમાન થાય છે, એવા માનરૂપ કષાયને દરેક મનુષ્યે છોડી દેવો જોઇએ.

અહીં " अहंपुराश्चर्य " એ પદમાં " अहंयुः " એટલે અહંકારવાળો—તે પદને સ્થાને જો " अहंपुराश्चर्य " એવો પાઠ લઇએ તો અહંકારરૂપ નગરનું આશ્ચર્ય જોતો એવો માની પુરૂષ વડિલ વર્ગને જોઇ શકતો નથી, એવો અર્થ થાય. પર્વતના ઉંચા શિખરપર ચડેલો માણુસ નગરને જોવામાં તલ્લીન થવાથી બીજાઓને જોઈ શકે નહીં. ૩૮

અહંકારરૂપ પર્વત ઉપર ચડેલો માણુસ બીજા ગુરૂઓને લઘુ માને, તે ઘટિત છે.

**उच्चैस्तरमहंकारनगोत्संगमसौ श्रितः**
**युक्तमेव गुरून्मानी मन्यते यल्लघीयसः ॥ ३९ ॥**

અક્ષરાર્થ—અહંકારરૂપ પર્વતના ઉંચા ઉત્સંગમાં રહેલો માની પુરૂષ જે ગુરૂ—મોટાને લઘુ—હલકા માને છે, તે યુક્તજ છે. ૩૯

વિવેચન—જેમ મોટા સ્થાનમાં રહેલો માણુસ બીજાને પોતાથી લઘુ માને, તે વાત ઘટીત છે—તેવી રીતે અહંકારરૂપ પર્વતના ઉંચા પ્રદેશમાં ચડેલો માણુસ ગુરૂજનને લઘુ માને છે, તે વાત ઘટીત છે. કહેવાનો આશય એવો છે કે જે માણુસ અહંકારી કે માની હોય છે, તે ગુરૂ—વડિલ જનને લઘુ—હલકા માને છે, તેવો માની પુરૂષ સર્વદા દોષપાત્ર છે, માટે કોઇએ અહંકાર ન રાખવો જોઇએ. અહંકારથી પુરૂષ બીજાને

તૃણુવત્ ગણે છે. વળી લોકમાં પણ જે પર્વત ઉપર ચડયો હોય, તે નીચેના લોકોને નાના દેખે છે. ૩૯

## માન પ્રકાશને રોકનારો વિષમ પર્વત છે.

**तिरयन्नुज्ज्वलालोकमभ्युन्नतशिराः पुरः**
**निरुणद्धि सुखायानं मानो विषमपर्वतः ॥ ४० ॥**

અક્ષરાર્થ— માન—અહંકાર એ ઉંચા શિખરવાળો વિષમ પર્વત છે, જે પોતાની આગળ રહેલા ઉજ્વળ પ્રકાશને ઢાંકી, સુખની આવકને રોકે છે. ૪૦

વિવેચન— ગ્રંથકાર, માનને વિષમ પર્વતનું રૂપક આપી વર્ણવે છે. માન—અહંકાર એ ઉંચા શિખરવાળો વિષમ પર્વત છે, તે પોતાના ઉંચા મસ્તકથી ઉજ્વળ પ્રકાશને ઢાંકી દે છે, અને પ્રકાશને ઢાંકવાથી સુખની પ્રાપ્તિને અટકાવે છે. જેમ ઉંચા શિખરવાળો વિષમ પર્વત પ્રકાશને અટકાવી, લોકોના સુખને નાશ કરે છે, તેમ જે પુરૂષમાં માનરૂપ ઉંચો ગિરિ રહેલો હોય, તે તેના જ્ઞાનરૂપ પ્રકાશને ઢાંકી દે છે. કારણ કે માની પુરૂષ પોતે સર્વજ્ઞ છે, એમ જાણી જ્ઞાન સંપાદન કરી શકતો નથી, તેથી પોતે સર્વદા અજ્ઞાન અવસ્થામાં રહી, સુખને મળવી શકતો નથી. ઉજ્વળ પ્રકાશમય જ્ઞાનથી જે સુખ પ્રાપ્ત થાય, તે માની પુરૂષને મળતું નથી, માટે ભવિ પ્રાણીએ સર્વદા માનનો ત્યાગ કરવો. ૪૦

તે માનરૂપ પર્વત કેવી રીતે ભેદાય ? તેવો હૃદયને બોધ કરે છે.

मृदुत्वभिदुरोद्योगादेनं मानमहीधरम् ।
भित्वा विधेहि हे स्वांत प्रगुणां सुखवर्त्तिनीम् ॥४१॥

અક્ષરાર્થ—હે હૃદય ! એ માનરૂપ પર્વતને કોમળતારૂપ વજ્રવડે ભેદીને સુખનો માર્ગ સરલ કર. ૪૧

વિવેચન—ગ્રંથકાર આ શ્લોકથી ઉપર વર્ણવેલા માનરૂપી પર્વતને ભેદવાનો હૃદયને બોધ આપે છે—હે હૃદય ! એ માનરૂપ પર્વતને કોમળતારૂપ વજ્રથી ભેદીને સુખનો માર્ગ સરળ કર; જેમ વચમાં પર્વત આવેલો હોય, તો માર્ગ વિષમ ગણાય છે; પછી જો તે પર્વતને વજ્રથી ભેદવામાં આવે તો, તે માર્ગ સરળ થાય છે, તેમ આ સંસારનો માર્ગ માન—ગર્વરૂપ પર્વતથી વિષમ હોય છે; તેવા સંસાર માર્ગને સરળ કરવાની જરૂર છે, તો કોમળતાના ગુણથી એ માનરૂપ પર્વતને દુર કરવો; જેથી તે માર્ગ સારી રીતે સરળ થાય છે. પર્વતને વજ્રથી ભેદાય છે, તેમ આ માનરૂપી પર્વતને કોમળતાથી ભેદવો. કહેવાનો આશય એવો છે કે, અહંકાર—માનના દોષને ટાળવાનો ઉપાય કોમળતા છે. કોમળતા એ હૃદયનો ગુણ છે; જો હૃદયમાં કોમળતા હોય, તો માનનો દોષ દુર થઇ જાય છે, માટેજ અહીં હૃદયને સંબોધીને કહેલું છે. ૪૧

કમળના જેવી કોમળ મૃદુતા અહંકારરૂપ
પર્વતને તોડી પાડે છે.

चित्रमंभोजिनीकोमलं किल मार्दवम् ।
वज्रसारमहंकारपर्वतं सर्वतः स्यति ॥ ४२ ॥

અક્ષરાર્થ—કમળના પત્રના જેવી કોમળ મૃદુતા વજ્રના જેવા અહંકારરૂપ પર્વતને ચોતરફથી તોડી નાખે છે, એ આશ્ચર્ય છે. ૪૨

વિવેચન—મૃદુતા ગુણથી શો લાભ થાય ? તે દર્શાવવાને ગ્રંથકાર આલંકારિક ભાષામાં વર્ણવે છે. મૃદુતા એટલે કોમળતા, અર્થાત્ હૃદયની આર્દ્રતા તે કમળના પત્ર જેવી કોમળ છે; તેવી કોમળ મૃદુતા અહંકારરૂપ પર્વતને તોડી પાડે છે. તે અહંકારરૂપ પર્વત વજ્રના જેવો મજબુત છે; છતાં કોમળતા તેને તોડી શકે છે, એ કેવા આશ્ચર્યની વાત છે ? કહેવાનો આશય એવો છે કે, જે માણસના હૃદયમાં કોમળતાનો ગુણ હોય, તેનામાં અહંકાર ટકી શકતો નથી. અર્થાત્ જ્યાં કોમળતા ત્યાં અહંકાર રહેતોજ નથી, માટે સર્વ મનુષ્ય પ્રાણીએ કોમળતાનો ગુણ ધારણ કરવો, કે જેથી અહંકારનો દોષ દુર થઇ જાય છે. ૪૨

પુરૂષો આ સંસારરૂપ જંગલમાં માયારૂપ લતાગૃહની
અંદર બેભાન થઇ સુઇ રહે છે.

अस्मिन् संसार कांतारे स्मेरमाया लतागृहे ।
अश्रांतं शेरते हंत पुमांसो हृतचेतसः ॥ ४३ ॥

અક્ષરાર્થ—આ સંસારરૂપ જંગલમાં આવેલા માયારૂપ વિકાશ પામેલા લતાગૃહની અંદર પુરૂષો હૃદય વગરના બેભાન થઇ હમેશાં સુઇ રહે છે. ૪૩

વિવેચન—સંસારને એક જંગલનું રૂપક આપી ગ્રંથકાર વર્ણન કરે છે; જેમ કોઇ જંગલમાં આવેલાં સુંદર ખીલેલા લતાગૃહની અંદર પુરૂષો બેભાન થઇ સતત પડયા રહે છે, તેમ આ સંસારરૂપ એક જંગલ છે, તેની અંદર માયારૂપ એક વિકાશિ લતા ગૃહ છે, તેમાં પુરૂષો હતચેત થઇ હમેશાં પડયા રહે છે. સંસારને જંગલની સાથે સરખાવ્યું કે તે બરાબર છે; આ સંસાર એક ભયંકર જંગલ છે. જંગલમાં જેમ લતાગૃહ હોય, તેમ એ સંસારરૂપી જંગલમાં માયા એ લતાગૃહ છે. સાધારણ લતાગૃહ નથી, પણ સ્મેર, એટલે વિકાશ પામેલ લતાગૃહ છે. લતાગૃહમાં સુખ માની પડેલા પુરૂષનું હૃદય હણાઈ જાય છે. જ્યારે હૃદય હતપ્રાય થાય, એટલે બેભાની થાય છે, તે બેભાનીમાં પડેલો પુરૂષ પ્રમાદને વશ થઇ ઘણો કાળ પડયો રહે છે; તે માટે ગ્રંથકારે “ અશ્રાંત ” પદ મુક્યું છે. આ બધું કહેવાનો આશય એવો છે કે, સંસારી જીવે માયારૂપ કષાયનો સર્વદા ત્યાગ કરવો; જો તેનો ત્યાગ ન કરવામાં આવે, તો પુરૂષો હૃદયશુન્ય થઇ જાય છે. જ્યારે હૃદયશુન્ય થવાય, એટલે પછી તેઓને ધર્મ, અધર્મ, પાપ, પુણ્ય, અને કાર્ય, અકાર્યનું ભાન રહેતું નથી; આથી કરીને તેઓ હમેશાં પાપ કર્મમાં વધતા જાય છે, અંતે છેવટે દુર્ગતિના પાત્ર થાય છે, માટે દરેક મનુષ્ય પ્રાણીએ માયાનો ત્યાગ કરવો જોઇએ. ૪૩

## માયારૂપ લતાવિતાન પુરૂષને ઉલટી સંતાપકારી છાયા આપે છે.

**मायावल्लीवितानोऽयं रुद्धब्रह्मांडमंडपः ।**
**विधत्ते कामपिच्छायां पुंसां संतापदीपनीम् ॥४४॥**

અક્ષરાર્થ—જેણે આ બ્રહ્માંડ—જગત્રૂપ મંડપને ઢાંકી દીધો છે, એવો આ માયારૂપ લતાનો ચંદરવો પુરૂષોને કોઇ જાતની સંતાપ કરનારી છાયા આપે છે. ૪૪

વિવેચન—હવે માયાને એક લતાના ચંદરવાનું રૂપ આપી વર્ણન કરે છે. આ માયારૂપ લતાનો ચંદરવો કે જે આ બધા બ્રહ્માંડરૂપ મંડપને ઢાંકીને રહેલો છે. અર્થાત્ બધા જગતમાં છવાઇને રહેલો છે, તે તેના આશ્રય નીચે રહેલા પુરૂષોને કોઇ જુદી તરેહની છાયા કરે છે, કે જે છાયાથી ઉલટા સંતાપનું ઉદ્દીપન થાય છે. બીજો લૌકિક ચંદરવો શીતળ છાયા આપે છે; ત્યારે આ માયારૂપ લતાનો ચંદરવો કોઇ એવી જાતની છાયા આપે છે કે, જે છાયાથી સંતાપ ઉત્પન્ન થાય છે; આવી વિપરીત ધર્મવાળી છાયા છે, તેથી ગ્રંથકારે મુળમાં "कामपि" [ કોઇ જુદી તરેહની ] એ પદ મુકી સૂચવ્યું છે. બીજા લૌકિક મંડપમાં બાંધેલો ચંદરવો તેના આશ્રિતને શીતળ છાયા આપે છે, ત્યારે માયાનો ચંદરવો તેના આશ્રિતને પરિતાપની છાયા આપે છે, માટેજ તે વિચિત્ર છે; આ ઉપરથી એવો ઉપ-

દેશ લેવાનો છે કે, આ સંસારમાં સર્વ સ્થળે છવાઇ રહેલી માયા પુરૂષને સંતાપ આપે છે, માટે તેનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૪૪

માયારૂપી સર્પિણી આ જગતને ડશ્યા કરે છે.

**सूत्रयंती गतिं जिह्मां मार्दवं बिभ्रती बहिः ।**
**अजस्त्रं सर्पिणीवेयं माया दं दश्यते जगत् ॥ ४५ ॥**

અક્ષરાર્થ— વક્રગતિને ધારણ કરતી, અને બહારથી કોમળતાને દેખાડતી, આ માયા સર્પિણીની જેમ નિરંતર જગતને અતિશે ડશ્યા કરે છે. ૪૫

ગ્રંથકાર માયાને સર્પિણીની સાથે સરખાવે છે. જેમ સર્પિણી વાંકી ચાલે છે, તેમ માયા પણ વાંકી ચાલે છે. એટલે માયાની ગતિ વાંકી છે, કે જેથી માયાવી પુરૂષ વિપરીતપણે વર્ત્તે છે. સર્પિણી જેમ ઉપરથી કોમળ દેખાય છે, તેમ માયા ઉપરથી સારી લાગે છે, પણ અંદરખાતે વિપરીત છે. સર્પિણીના ડંખથી માણસની જેવી સ્થિતિ થાય, તેવી સ્થિતિ માયાથી પણ થાય છે. સર્પિણીનું વિષ જેમ માણસને મુર્છિત કરી, મૃત્યુ પમાડે છે, તેમ માણસ માયાને લઈ મોહ પામી, આખરે મરણાવસ્થા પણ અનુભવે છે. આ બધું જગત્ એ માયારૂપ સર્પિણીનો ભોગ થઈ પડે છે. આપણે પ્રત્યક્ષપણે પણ જોઇએ છીએ કે અનેક પુરૂષો માયામાં તલ્લીન થઈ, મૃત્યુને શરણ થએલા છે, અને થાય છે, તેથી ભવ્ય પ્રાણીએ એ માયાથી સર્વદા દુર રહેવું યોગ્ય છે. ૪૫

માયારૂપ સર્પિણીનો નિરોધ કરવાને માટે સરળતા એક જાંગુલી મંત્ર સમાન છે.

प्रणिधाय ततश्चेतस्तन्निरोधविधित्सया ।
ऋजुतां जांगुलीमेतां शीतांशु महसं स्मरेत् ॥४६॥

અક્ષરાર્થ— તેથી તે માયાને રોકવાની ઇચ્છા હોય, તો ચિત્તને સ્થિર રાખીને ચંદ્રની કાંતિ જેવા સરળતારૂપી જાંગુલી મંત્રનું સ્મરણ કરવું જોઇએ. ૪૬

વિવેચન— હવે ગ્રંથકાર તે માયાને રોકવાનો ઉપાય દર્શાવે છે. જાંગુલી મંત્રથી જેમ સર્પનું વિષ ઉતરી જાય છે, તેમ માયારૂપી સર્પિણીનું વિષ ઉતારવું હોય, તો સરળતારૂપી જાંગુલી મંત્રનું સ્મરણ કરવું જોઇએ. જેમ કોઈ મંત્રનો જપ કરવો હોય, ત્યારે મનને સ્થિર રાખવામાં આવે છે, તેમ સરળતારૂપ જાંગુલી મંત્રના સ્મરણ વખતે પણ હૃદયને સ્થિર રાખવાનું છે. જાંગુલી મંત્રમાં ચંદ્રના જેવી શીતળતા છે, તેવી રીતે સરળતામાં પણ શીતળતાના જેવો આનંદ રહેલો છે. કહેવાનો આશય એવો છે કે માયારૂપ સર્પિણીનો નિરોધ કરવાને સરળતારૂપ જાંગુલી મંત્રનું સ્મરણ કરવું જોઇએ; એટલે સરળતાનો ગુણ રાખીને માયાનો ત્યાગ કરવો જોઇએ. જ્યાં સરળતા હોય, ત્યાં માયા રહી શકતી નથી. સરળતાના ગુણની આગળ માયાનું બળ ચાલતું હોય, અર્થાત્ જે પુરૂષમાં સર-

ળતાનો ગુણ હોય, તેનામાં માયાનો પ્રવેશ નથી એમ સમજવું, અને જ્યાં માયાનો પ્રવેશ છે, ત્યાં સરળતાનો ગુણ જરા પણ રહેતો નથી, તેથી ભવ્ય મનુષ્યોએ સર્વદા સરળતાનો ગુણ ધારણ કરવો. ૪૬

## લોભરૂપ વૃક્ષનો ટેકો લઇ, તૃષ્ણારૂપી વેલ ઉગીને પ્રસરે છે.

**लोभद्रुममवष्टभ्य तृष्णावल्लिरुदित्वरी ।**
**आयासकुसुमस्फीता दुःखैरेषा फलेग्रहिः ॥ ४७ ॥**

અક્ષરાર્થ— તૃષ્ણારૂપી વેલ લોભરૂપ વૃક્ષનો ટેકો લઇને ઉદિત થાય છે, તે પ્રયાસરૂપ પુષ્પોથી વૃદ્ધિ પામે છે, અને તેને દુઃખરૂપ ફળો થાય છે. ૪૭

વિવેચન— ગ્રંથકાર તૃષ્ણા અને લોભ નામના દુર્ગુણોને વૃક્ષ તથા વલ્લીનું રૂપક આપી વર્ણવે છે. જેમ વેલ વૃક્ષનો ટેકો લઇ ઉછરે છે, અને તેને પુષ્પ તથા ફળ આવે છે, તેવી રીતે તૃષ્ણારૂપી વેલ લોભરૂપી વ્રક્ષનો ટેકો લઈ આગળ વધે છે, અને તેને પ્રયાસરૂપ પુષ્પો થાય છે, અને તે પછી દુઃખરૂપ ફળ આવે છે. આ રૂપકને ઘટાવવામાં ગ્રંથકારે ઘણી ખુબી કરી છે. જે માણસને તૃષ્ણા થાય છે, તે લોભને લઈને થાય છે, તેથી તૃષ્ણારૂપ વેલને લોભરૂપ વૃક્ષનો ટેકો મળે છે, એ રૂપક બરાબર યોગ્ય છે. જ્યારે લોભને લઇને તૃષ્ણાની વૃદ્ધિ

પામતી જાય, તો પછી તે તૃષ્ણાતુર એવા લોભી માણસને ઘણો પ્રયાસ પડે છે. દરેક વસ્તુની તૃષ્ણા પુર્ણ કરવામાં માણસને અનેક જાતના પ્રયાસો કરવા પડે છે, તેથી પ્રયાસ એ તૃષ્ણા વેલનાં પુષ્પો છે. પ્રયાસરૂપી પુષ્પો આવ્યા પછી ફળ આવવાં જોઈએ, તો અહીં દુઃખરૂપ ફળો છે. તૃષ્ણાને લઇને પ્રયાસો કરે, અને પ્રયાસો કરવામાં અનેક જાતનાં દુઃખ ઉત્પન્ન થાય છે, તેથીજ દુઃખને તૃષ્ણારૂપ વલ્લીનાં ફળ કહ્યાં છે. આ ઉપરથી એટલો ઉપદેશ લેવાનો છે કે દરેક માણસે લોભ અને તૃષ્ણાનો ત્યાગ કરવો. જો તેનો ત્યાગ ન કરે, તો પ્રયાસને લઇને તે અનેક દુઃખો પ્રાપ્ત કરે છે. ૪૭

## લોભ પુરૂષાર્થરૂપી હંસોને દુર કરવામાં મેઘ સમાન છે.

**आशाः कुवलयन्नुचेस्तमो मांसलयन्नयम् ।**
**लोभः पुमर्थहंसानां प्रावृषेण्यघनाघनः ॥ ४८ ॥**

અક્ષરાર્થ— આશાઓને ઉંચે પ્રકારે પ્રફુલિત કરતો, અને તમ—અંધકારને પુષ્ટ કરતો એવો લોભ પુરૂષાર્થરૂપ હંસોને વર્ષાકાળના મેઘના જેવો છે. ૪૮

વિવેચન—ગ્રંથકાર લોભને વર્ષાઋતુના મેઘની ઉપમા આપી વર્ણન કરે છે. વર્ષાકાળનો મેઘ " આશા " એટલે દિશાઓને પ્રફુલ્લિત

કરે છે, અને "તમ" એટલે અંધકારને પુષ્ટ કરે છે, તે મેઘ રાજહંસોને નસાડી મુકે છે. વર્ષાકાળમાં રાજહંસ નાશીને માન સરોવરમાં ચાલ્યા જાય છે. કારણ કે તે કાળે જો તેઓ રહે તો, તેમને રોગ થાય છે; તેવી રીતે લોભ એ વર્ષાકાળના મેઘના જેવો છે, તે આશા, એટલે ઇચ્છાઓને પ્રફુલ્લિત કરે છે. લોભથી માણુસને નવનવી ઇચ્છાઓ વધતી જાય છે. વળી તમ, એટલે અજ્ઞાનને પુષ્ટ કરે છે, લોભથી માણુસમાં અજ્ઞાનતા પુષ્ટ થતી જાય છે; તેમજ વર્ષાકાળના મેઘથી જેમ રાજહંસો નાસી જાય છે, તેમ લોભરૂપ મેઘથી ધર્મ અર્થ, કામ અને મોક્ષ—એ ચાર પુરૂષાર્થરૂપી રાજહંસો નાસી જાય છે. અર્થાત્ જે માણુસને લોભ હોય, તેના પુરૂષાર્થ સિદ્ધ થતા નથી. લોભી માણુસ ચાર પુરૂષાર્થોને સિદ્ધ કરી શકતો નથી; આ શ્લોકથી એવો ઉપદેશ લેવાનો છે કે દરેક મનુષ્યે લોભનો ત્યાગ કરવો જોઇએ. કારણુ કે લોભ રાખવાથી આશાઓ થયા કરે છે, અજ્ઞાન પુષ્ટ થાય છે, અને ચાર પુરૂષાર્થોની હાનિ થાય છે. ૪૮

## લોભ એક નવી તરેહનો સમુદ્ર છે.

क्षमाभृदप्रियः साधुवृत्तलक्ष्मीविनाकृतः ।
मर्यादामदयं लुंपन् लोभोऽबुधिरयं नवः ॥४९॥

અક્ષરાર્થ—આ લોભરૂપી સમુદ્ર નવી જાતનો છે, તે ક્ષમાભૃત્ ( ક્ષમાધારી ) અને પર્વતને અપ્રિય છે. સાધુવૃત્ત ( સારી રીતે વર્તુળાકાર અને સારા

આચરણ )ની લક્ષ્મી વગરનો છે, અને નિર્દયપણે મર્યાદાને લોપનારો છે. ૪૯

વિવેચન—ગ્રંથકાર શ્લેષ અલંકારથી લોભને સમુદ્રનું રૂપક આપે છે; આ લોભરૂપી સમુદ્ર એક નવી જાતનો સમુદ્ર છે. સમુદ્ર ક્ષમાભૃત્ એટલે પર્વતોને પ્રિય હોય છે, ત્યારે આ લોભરૂપી સમુદ્ર ક્ષમાભૃતને અપ્રિય છે. અંહીં ક્ષમાભૃત્ એટલે ક્ષમાવાળા પુરૂષોને અથવા રાજાઓને અપ્રિય છે. સમુદ્ર સાધુવૃત્તની લક્ષ્મીથી યુક્ત છે. સાધુવૃત્ત એટલે સારી રીતે વર્તુળાકાર તેની લક્ષ્મી—શોભાથી યુક્ત છે; અથવા લૌકિક પ્રમાણે સાધુ આચરણવાળી લક્ષ્મીથી યુક્ત છે. લક્ષ્મી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલી છે, એમ લૌકિકમાં છે; આ લોભરૂપી સમુદ્ર સાધુવૃત્ત સારાં આચરણની લક્ષ્મીથી રહિત છે; જ્યાં લોભ હોય, ત્યાં સદાચરણની લક્ષ્મી રહેતી નથી. સમુદ્ર હમેશાં પોતાની મર્યાદા છોડતો નથી, અને આ લોભરૂપ સમુદ્ર મર્યાદાનો લોપ કરે છે; જ્યાં લોભ હોય, ત્યાં કોઇ જાતની મર્યાદા રહેતી નથી, તેથી જળ સમુદ્રના કરતાં આ લોભરૂપ સમુદ્ર એક નવી જાતનો છે. કહેવાનો આશય એવો છે કે, દરેક મનુષ્યે લોભ રાખવો ન જોઇએ. લોભથી ક્ષમા રહેતી નથી, સદાચરણનો નાશ થાય છે, અને મર્યાદાનો લોપ થાય છે. ૪૯

લોભનો વૈભવ જાણવાને કોઇ પણ સમર્થ નથી.

लवणो दन्वतो यः स्यादमाघबोघने विभुः ।
अलंभविष्णुः सोऽप्यस्य नैव वैभवसंविदे ॥५०॥

અક્ષરાર્થ—જે પુરૂષ લવણ સમુદ્રની અગાધતાને જાણવામાં સમર્થ હોય, તે પુરૂષ પણ આ લોભના વૈભવને જાણવાને સમર્થ થતો નથી. ૫૦

વિવેચન—લોભનો વૈભવ કેવો મહાન્ છે ? તે દર્શાવવાને ગ્રંથકાર આ શ્લોક લખે છે. જો કોઇ માણસ એવો હોય કે જે લવણ સમુદ્રની ઉંડાઈ જાણવાને સમર્થ હોય, તેવો પણ માણસ આ લોભના વૈભવને જાણવાને સમર્થ થતો નથી. તાત્પર્ય એ છે કે, લવણ સમુદ્ર કેટલો ઉંડો છે ? તે જાણવાને કોઇ સમર્થ નથી, તથાપિ રખેને કોઇ તે જાણવાને સમર્થ માણસ થાય, તેવો પણ માણસ લોભના અગાધ વૈભવને જાણી શકતો નથી. અર્થાત્ લોભ લવણ સમુદ્રથી પણ અગાધ છે, લોભરૂપ મહાસાગર અગાધ છે, તેની અંદર મગ્ન થયેલાં મનુષ્યોનો ઉદ્ધાર થઈ શકતો નથી, તેથી એ લોભના દુર્ગુણ તજી દેવા જોઇએ. ૫૦

### લોભરૂપ સમુદ્રને શોષવાને સંતોષરૂપ અગસ્ત્ય મુનિનો આશ્રય કરવો.

समंतात्तस्य शोषाय स्वस्थीकृतजलाशयम् ।
इमं मानससंतोषमगस्तिं श्रय सत्वरम् ॥ ५१ ॥

અક્ષરાર્થ—એ લોભરૂપ સમુદ્રનું શોષણ કરવાને જળાશયને સ્વસ્થ કરનાર હ્રદય સંતોષરૂપ અગસ્તિ મુનિનો સત્વર આશ્રય કર. ૫૧

વિવેચન—લૌકિકમાં એવી કથા છે કે, અગસ્તિ નામના મુનિએ સમુદ્રનું પાન કરીને શોષણ કર્યું હતું; તેમ વળી પદાર્થ શાસ્ત્ર પ્રમાણે અગસ્તિનો તારો જ્યારે ઉગે છે, ત્યારે સમુદ્ર જળનું શોષણ થાય છે, અને બીજાં જળાશયોનાં જળ સ્વચ્છ થઇ જાય છે; તેવી રીતે લોભરૂપ સમુદ્રનું શોષણ કરવાને માટે હૃદય સંતોષરૂપ અગસ્તિનો આશ્રય કરવો જોઇએ. હૃદયમાં સંતોષ રાખવાથી લોભનો નાશ થઇ જાય છે. અગસ્તિનો તારો જેમ જળાશયને સ્વસ્થ કરે છે, તેમ હૃદય સંતોષ જળાશયને, એટલે ड તથા ल સરખા ગણવાથી જડાશયને—જડ જેવા આશયને સ્વસ્થ કરે છે. તેથી હે પ્રાણી ! લોભનો નાશ કરવાને સંતોષ ગુણને ધારણ કર; જે સંતોષથી તારા જડ હૃદયને સ્વસ્થતા પ્રાપ્ત થશે, અને લોભ જેવા નઠારા ગુણનો નાશ થઈ જશે. ૫૨

## સંસારના સુખને અનિચ્છાથી વશ કરી આશ્રય કર.

यस्मै समीहसे स्वांत वैभवं भवसंभवम् ।
अनीहयैव तद्वश्यमवश्यं श्रय संसुखम् ॥ ५२ ॥

અક્ષરાર્થ—હે હૃદય ! જે સુખને માટે તું સંસારના વૈભવને ઇચ્છે છે, તે સુખને અનિચ્છાથી વશ કરી અવશ્ય તેનો આશ્રય કર. ૫૨

વિવેચન— આ શ્લોકથી ગ્રંથકાર હૃદયને બોધ આપે છે. હે હૃદય ! પ્રથમ તો તારે સંસારના વૈભવ સુખની ઇચ્છા ન કરવી જોઇએ, તે છતાં જો તારે તે સુખની ઇચ્છા હોય, તો તે સુખને અનિચ્છાથી વશ કરી લેજે, અને પછી તેનો આશ્રય કરજે. કહેવાની મતલબ એવી છે કે, સંસારના વૈભવનું સુખ જો મેળવવાની ઇચ્છા હોય, તો તેની ઇચ્છા રાખ્યા વિના તે સુખ સંપાદન કરવું, એટલે તે મેળવવાની તીવ્ર તૃષ્ણા રાખવી નહીં. બુદ્ધિપૂર્વક તે સુખ મેળવવાને પ્રયત્ન કરવો નહીં, જે સુખ મેળવવાને નિશ્ચિત થયું હોય, તે સુખ મળે છે એમ સંતોષ માની જે સુખ મળે, તેમાં આનંદ માનવો. ૫૨

## જો કષાયને જીતવા હોય, તો ઇંદ્રિયોને જીતવી જોઇએ.

**अजितैरिंद्रियैरेष कषायविजयः कुतः ।**
**तदेतानि जयेद्योगी वैराग्यस्थेमकर्मभिः ॥ ५३ ॥**

અક્ષરાર્થ— એ કષાયનો વિજય ઇંદ્રિયોને જીત્યા વિના ક્યાંથી થાય ? તેથી યોગીએ વૈરાગ્યની સ્થિરતા કરી, એ ઇંદ્રિયોને જીતવી જોઇએ. ૫૩

વિવેચન— અહીં સુધી કષાય વિષે વિવેચન કરી, હવે કષાયનો વિજય કરવાનો ઉપાય દર્શાવે છે. જ્યાં સુધી ઇંદ્રિયોને જીતી ન હોય, ત્યાં સુધી કષાયનો વિજય થતો નથી. કારણ

૭

કે ક્રોધ, લોભ, માન, અને માયા એ ચાર કષાય ઇંદ્રિયોના વિકારથીજ ઉત્પન્ન થાય છે, તેથી પ્રથમ ઇંદ્રિયોને જીતી હોય, તો તે કષાયો સત્વર જીતી શકાય છે. તે ઇંદ્રિયોને કેવી રીતે જીતવી જોઇએ ? તે ઉપાય દર્શાવે છે. યોગી પુરૂષે વૈરાગ્યને સ્થિર કરી, ઇંદ્રિયોને જીતવી જોઇએ. જ્યારે દરેક ઇંદ્રિયો અને તેના વિષયો તરફ વૈરાગ્ય ભાવ પ્રગટ થાય છે, ત્યારે ઇંદ્રિયો તરફ અનાદર થાય છે, અને ઇંદ્રિયોને કાબુમાં રાખવાની હૃદયમાં દ્રઢતા થાય છે. આ કર્ત્તવ્ય ખરેખરા યોગીનું છે. જૈન યોગ વિદ્યાના ઉપાસકે ઇંદ્રિયોનો જય કરવાની જરૂર છે. જ્યારે ઇંદ્રિયોનો જય થયો, તો પછી કષાયનો જય થયોજ સમજવો. તેથી યોગાભ્યાસી પુરૂષે કષાય જય કરવાને ઇંદ્રિય જય કરવો. ૫૩

### ઇંદ્રિયો દુર્જનોની જેમ મહાન્ પુરૂષોના શ્રેષ્ટ મનનો દ્વેષ કરે છે.

**एतानि सौमनस्यस्य द्विषंति महतामपि ।**
**स्वार्थसंपात्तिनिष्टानि स्पर्धंते हंत दुर्जनैः ॥ ५४ ॥**

અક્ષરાર્થ— સ્વાર્થ સાધવામાં તત્પર એવી એ ઇંદ્રિયો મહાન્ પુરૂષોના શ્રેષ્ટ હૃદયનો પણ દ્વેષ કરે છે, એથી તેઓ ખરેખર દુર્જન પુરૂષોની સ્પર્ધા કરે છે, એટલે દુર્જન પુરૂષોની સાથે હરીફા-ઈમાં ઉતરે છે. ૫૪

વિવેચન— ગ્રંથકાર ઇંદ્રિયોને દુર્જન પુરૂષોની સાથે સરખાવે છે. ઇંદ્રિયો બરાબર દુર્જનોની સાથે હરીફાઇ કરે છે. દુર્જનો જેમ પોતાના સ્વાર્થમાં તત્પર હોય છે, તેમ ઇંદ્રિયો પોતપોતાના સ્વાર્થમાં તત્પર હોય છે, નેત્રેંદ્રિય સુંદર વસ્તુ જોવાનો પોતાનો સ્વાર્થ સાધવામાં સર્વદા તત્પર રહે છે. કર્ણેંદ્રિય મધુર શબ્દ—સંગીત સાંભળવારૂપ પોતાનો સ્વાર્થ સાધવામાં પરાયણ રહે છે, નાસિકા સુગંધને આઘ્રાણ કરવાનો, અને રસના મધુર રસના સ્વાદનો સ્વાર્થ સાધવામાં તત્પર રહે છે, એમ બધી ઇંદ્રિયો સ્વાર્થ સાધવામાં તત્પર હોય છે. જેમ દુર્જનો મોટા પુરૂષોના સારા હૃદયને માટે દ્વેષ કરે છે, સજ્જનોની સજ્જનતાને તેઓ જોઈ શકતા નથી, તેમ ઇંદ્રિયો પણ મહાન્ પુરૂષોના શ્રેષ્ટ હૃદયનો દ્વેષ કરે છે, એટલે તેવા ઉત્તમ પ્રકારના હૃદયમાં દોષ ઉત્પન્ન કરવા પોતાના વિષયો તરફ તે હૃદયને ખેંચવાનો પ્રયાસ કરે છે, આથી કરીને તે ઇંદ્રિયો સર્વ રીતે દુર્જનોની સ્પર્ધા કરે છે. કહેવાનો આશય એવો છે કે દરેક મનુષ્યે સ્વાર્થ સાધવાની તત્પરતાથી અને મહાન્ પુરૂષોના શુભ હૃદયનો દ્વેષ કરવાથી દુર્જનની સ્પર્ધા કરનારી ઇંદ્રિયોને અવશ્ય જીતવી જોઇએ. ૫૪

ઇંદ્રિયો દુર્જનોથી પણ વધારે હાનિ કરે છે.

यद्वामी पिशुनाः कुर्युरनार्यमिह जन्मनि ।
इंद्रियाणि तु दुर्वृत्ता न्यमुत्रापि प्रकुर्वते ॥ ५५ ॥

અક્ષરાર્થ— યદ્વા એ દુર્જન પુરૂષો આ જન્મ-

માંજ અનર્થ કરે છે, અને દુષ્ટ આચરણવાળી ઇંદ્રિયો તો આ જન્મમાં અને બીજા જન્મમાં પણ અનર્થ કરે છે. ૫૫

વિવેચન—દુર્જન લોકો જો તેમના સહવાસમાં આવ્યા હોય, તો તેઓ આ જન્મમાં અનર્થ કરે છે, એટલે તેઓ પોતાની દુર્જનતાથી આપણને હાનિ કરે છે, અને ઇંદ્રિયો જો દુરાચરણને માર્ગે લઇ જાય, તો તેઓ આ ભવ અને પરભવમાં અનર્થ કરે છે. કહેવાની મતલબ એવી છે કે ઇંદ્રિયોને હમેશાં વશ રાખવી જોઇએ. જો ઇંદ્રિયોને વશ રાખવામાં ન આવે, તો તેઓ દુરાચરણમાં પુરૂષને આકર્ષે છે, અને તેથી દુરાચારી પુરૂષનો આ ભવ તથા પરભવ બગડે છે, માટે ઇંદ્રિયો દુર્જન પુરૂષથી પણ નઠારી છે. ૫૫

**વિષયો દ્રષ્ટિવિષ સર્પથી પણ વધારે ભયંકર છે.**

**भोगिनो द्रग्विषाः स्पष्टं द्रशा स्पृष्टं दहंत्यहो ।**
**स्मृत्यापि विषयाः पापा दंदहंते च देहिनः ॥५६॥**

અક્ષરાર્થ—દ્રષ્ટિવિષ જાતના સર્પો દ્રષ્ટિથી સ્પર્શ કરે, તેને બાળી નાખે છે, અને પાપી વિષયો તો સ્મરણ માત્રથી પણ પ્રાણીઓને અતીશે બાળી નાખે છે. ૫૬

વિવેચન—વિષય અને દ્રષ્ટિવિષ સર્પને સરખાવી વ્યતિરેક

અલંકારથી વર્ણન કરે છે. દ્રષ્ટિવિષ જાતના સર્પો કે જેઓની દ્રષ્ટિમાં વિષ રહેલું છે; જેની ઉપર તેઓ દ્રષ્ટિ નાખે, તે પુરૂષ તેના વિષમ દગ્ધ થઇ જાય છે, તેવા દ્રષ્ટિવિષ સર્પથી પણ વિષયો વધારે નઠારા છે. દ્રષ્ટિવિષ સર્પ દ્રષ્ટિથી પ્રાણીને બાળે છે; ત્યારે આ વિષયો માત્ર તેમનું સ્મરણ કર્યું હોય, તોપણ તેઓ પ્રાણીઓને અતીશે બાળે છે; તેથી તે વિષયો ખરેખરા પાપી છે. કહેવાનો આશય એવો છે કે, ભવ્ય મનુષ્યે તેવા પાપી વિષયોનું સ્મરણ ન કરવું જોઇએ. જે વિષયના સ્મરણથી પ્રાણીને મહા પીડાનો અનુભવ લેવો પડે છે; એ વિષયના પ્રભાવે ભ્રમર, પતંગ, મીન, મૃગ અને હાથી પોતાનાં પ્રાણ ખુએ છે; જે દ્રષ્ટાંત વિશ્વમાં વિખ્યાત છે, માટે એવા વિષયોનો સર્વથા ત્યાગ કરવો, એ ઉપદેશ છે. ૫૬

## વિષયોની અંદર ચેષ્ટા કરતી ઇંદ્રિયોને સામ્ય-ગુણથી વશ કરવી જોઇએ.

**विषयेष्विन्द्रियग्रामश्चेष्टमानोऽसमंजसम् ।**
**नेतव्यो वश्यतां प्राप्य साम्यमुद्रां महीयसीम् ॥५७॥**

અક્ષરાર્થ—વિષયોની અંદર અયોગ્ય ચેષ્ટા કરનારા ઇંદ્રિયોના સમુહને સમતાની મોટી મુદ્રા પ્રાપ્ત કરી વશ કરવો જોઇએ. ૫૭

વિવેચન—ઇંદ્રિયોનો સમુહ વિષયોની અંદર અયોગ્ય ચેષ્ટાઓ કર્યા કરે છે; જે ચેષ્ટાઓ મનુષ્યને વિષય તરફ ખેંચી

જાય છે, આવી ઉન્મત્ત ઇંદ્રિયોના સમુહને વશ કરી લેવો જોઇએ. ઇંદ્રિયોનો સમુહ બળવાન્ હોય છે, તેને વશ કરવાનો ઉપાય ગ્રંથકાર બતાવે છે. ઇંદ્રિયોને વશ કરવાને સામ્યમુદ્રાને ધારણ કરવી; એ મહા મુદ્રાના પ્રભાવથી ઇંદ્રિયો વશ થઇ જાય છે. સામ્ય એટલે સમાન ભાવ; જ્યારે સર્વમાં સમાન ભાવ થયો, એટલે ઇંદ્રિયોના વિષય આકર્ષી શકતા નથી; જ્યાં સમાન ભાવ હોય, ત્યાં રાગ-દ્વેષ હોતા નથી; જ્યારે રાગ-દ્વેષ ન હોય તો, પછી ઇંદ્રિયો સ્વતઃ વશ થઇ જાય છે, માટે ભવ્ય પ્રાણીએ સામ્યની મુદ્રાથી ઇંદ્રિયોને વશ કરી લેવી. " મુદ્રા " એ શબ્દનો બીજો અર્થ મોહોર છાપ થાય છે; જેમ મોહોર છાપ દેખીને બીજાને તાબે થવું પડે છે, તેમ સામ્ય ભાવની મુદ્રા—મોહોર છાપથી ઇંદ્રિયો તાબે થઇ જાય છે. ૫૭

### વિષયો વિષથી પણ વધાર દુઃખદાયક છે.

**यदामनंति विषयान् विषसब्रह्मचारिणः ।**
**तदलीकममी यस्मादिहामुत्रापि दुःखदाः ॥५८॥**

અક્ષરાર્થ—કેટલાએક વિષયોને વિષના જેવા કહે છે, તે ખોટું છે. કારણ કે વિષ તો આલોકમાંજ દુઃખ આપે છે, અને વિષયો તો આલોક અને પરલોકમાં પણ દુઃખ આપનારા છે. ૫૮

વિવેચન—" વિષયો વિષના જેવા છે " એમ કેટલાએક

કહે છે તે ખોટું છે. .કારણ કે વિષ ખાવાથી આ લોકમાંજ દુઃખી થવાય છે, અને વિષયોનો ઉપભોગ કરવાથી આલોક, અને પરલોક બનેમાં દુઃખ થાય છે; જેમ કોઇએ વિષ ભક્ષણ કર્યું હોય તો, તે વિષના ઘેનમાં દુઃખી થઇ મૃત્યુ પામે છે, તેમ વિષયોનું સેવન કરવાથી માણસ આલોક અને પરલોકમાં દુઃખી થાય છે; આ લોકમાં વિષયી મનુષ્યને કોઇ વાર રોગાદિનું દુઃખ થાય છે, તેમજ વિષયને લીધે વ્યભિચાર જેવાં કૃત્ય કરવાથી રાજદંડ વિગેરેની મહાન્ આપત્તિ આવી પડે છે, અને મૃત્યુ પામ્યા પછી પરલોકમાં નારકીની પીડા પ્રાપ્ત થાય છે; તેથી આલોક અને પરલોક બનેમાં વિષયો દુઃખ આપનારા છે, માટેજ વિષયોને વિષના જેવા કહેવા, તે તદ્દન ખોટું છે. ૫૮

## ઇંદ્રિયો આત્માના સુખને બાધ કરે છે.

**यदात्मन्येव निःक्लेशं नेदीयोऽकृत्रिमं सुखम् ।**
**अमीभिः स्वार्थलांपट्यादिंद्रियैस्तद्विबाध्यते ॥५९॥**

અક્ષરાર્થ—જે ક્લેશ વગરનું અને અકૃત્રિમ સ્વાભાવિક સુખ આત્માની નજીક રહેલું છે, તે સુખને આ ઇંદ્રિયો પોતાના સ્વાર્થના લંપટપણાથી બાધ કરે છે. ૫૯

વિવેચન—દરેક આત્માની નજીક ક્લેશ વગરનું અને અકૃત્રિમ—સ્વાભાવિક સુખ રહેલું છે, એટલે આત્માનો એવો

ગુણુજ છે કે જેમાં સ્વાભાવિક સુખ સર્વદા રહ્યા કરે છે. તે આત્માના સુખને ઇંદ્રિયો પોતાના સ્વાર્થના લંપટપણાથી બાધ કરે છે. દરેક ઇંદ્રિયોના જુદા જુદા સ્વાર્થ છે. નેત્રનો સ્વાર્થ સુંદર વસ્તુ જોવામાં છે, કાન મધુર શ્રવણ કરવામાં પોતાનો સ્વાર્થ માને છે, જીવ્હા ઇંદ્રિય મીઠાં મીઠા રસનો સ્વાદ લેવામાં પોતાનો સ્વાર્થ સાધે છે, અને નાસિકા સુગંધના આઘ્રાણમાં સ્વાર્થી બને છે. આ બધી ઇંદ્રિયો પોતપોતાનો સ્વાર્થ સાધવામાં લંપટ બની રહે છે, તેથી કરીને તેઓ મનને પોતપોતાના વિષયો તરફ ખેંચે છે, એટલે આત્માના સ્વાભાવિક સુખનો બાધ થાય છે, માટે તેવી આત્મિક સુખને બાધ કરનારી ઇંદ્રિયોને તાબે થવું ન જોઇએ. જેઓ તે સ્વાર્થ સાધક ઇંદ્રિયોને તાબે થાય છે, તેઓનું આત્મિક સહજ સુખ નાશ પામી જાય છે, માટે સર્વથા ઇંદ્રિયોને વશ રહેવું ન જોઇએ. ૫૯

## ઇંદ્રિયોથી શાસ્ત્રનું બળ પણ ગુપ્ત થઇ જાય છે.

अंतरंगद्विषत्सैन्यनासीरैर्वीर कुंजरैः ।
क्षणादक्षैः श्रुतबलं लीलयैव विलुप्यते ॥ ६० ॥

અક્ષરાર્થ—અંતરંગ (અંદરના) શત્રુઓના સૈન્યની મોખરે રહેનારા ઇંદ્રિયોરૂપ મહા વીરો એક લીલા માત્રથીજ શ્રુત બળને ક્ષણમાં નાશ પમાડે છે. ૬૦

વિવેચન— જેમ સેનાની મોખરે રહેનારા મહાવીર યોદ્ધાઓ બીજાના બળને એક રમતમાં હરાવી દે છે, તેમ ઇંદ્રિયરૂપી મહાવીર યોદ્ધાઓ અંતરંગ શત્રુરૂપ કામ, ક્રોધ, વિગેરેના સૈન્યની મોખરે રહીને શ્રુતબળ—એટલે શાસ્ત્રજ્ઞાનના બળને [ સૈન્યને ] એક લીલા માત્રથીજ ક્ષણમાં હરાવી દે છે. કહેવાનો આશય એવો છે કે ગમે તેવું શાસ્ત્રબળ સંપાદન કર્યું હોય, પણ જો અંતરના શત્રુ કામ ક્રોધને ઉત્પન્ન કરનાર ઇંદ્રિયોને તાબે થવાય, તો તે શાસ્ત્રનું જ્ઞાન નાશ પામી જાય છે. ગમે તેવો વિદ્વાન્ હોય, પણ જો તેનામાં કામ, ક્રોધ વિગેરે અંતરના શત્રુઓનું પ્રબળ હોય, અને ઇંદ્રિયોના વિષયમય વિકારોથી તે આક્રાંત થયો હોય, તો તેનું શાસ્ત્રજ્ઞાન નકામું છે, એટલુંજ નહીં, પણ આખરે તે જ્ઞાન તેનામાં ટકી શકતું નથી; માટે સર્વથા શ્રુતજ્ઞાન સંપાદન કરનારાઓએ કામ, ક્રોધ વિગેરેનો ત્યાગ કરવો, અને જિતેંદ્રિય રહેવું જોઇએ. ૬૦

## રજોગુણથી તત્વ દ્રષ્ટિનો નાશ થાય છે.

स्वैरचारींद्रियाश्वीयविश्रृंखलपदक्रमैः ।
विसृत्वरेण रजसा तत्वद्रष्टिर्विलीयते ॥ ६१ ॥

અક્ષરાર્થ— સ્વેચ્છાચારી ઇંદ્રિયોરૂપી અશ્વોના ઉદ્ધત પગલાંથી ઉડેલ રજવડે તત્વ દ્રષ્ટિ લોપાય છે. ૬૧

વિવેચન—જેમ ઘોડાઓની ખરીઓવડે ઉડેલ રજથી દ્રષ્ટિ લોપી જાય છે, તેમ રજ એટલે રજોગુણથી, તત્વ દ્રષ્ટિ એટલે તત્વ જ્ઞાનનું દર્શન વિલય પામી જાય છે. આ રજને ઇંદ્રિયોરૂપી ઘોડાઓ ઉડાડે છે. જે ઇંદ્રિયોરૂપી ઘોડાઓ સ્વેચ્છાચારી છે—પોતાની મરજી પ્રમાણે વર્ત્તનારા છે, વળી તેઓનાં પગલાં વિશ્રૃંખલ એટલે સાંકળના બંધ વગરનાં છે, અર્થાત્ ઉદ્ધત છે; આવા સ્વેચ્છાચારી ઇંદ્રિયોરૂપી ઘોડાઓના છુટા પગના મુકવાથી પ્રસરેલા રજ—રજોગુણવડે તત્વ દ્રષ્ટિ લોપાય છે. કહેવાની મતલબ એવી છે કે જે મનુષ્યની ઇંદ્રિયો સ્વેચ્છાચારી અને ઉદ્ધત હોય છે, તે મનુષ્યમાં રજોગુણ પ્રાપ્ત થાય છે, અને તે રજોગુણને લઇને તેની તત્વ દ્રષ્ટિ લોપાય છે. જ્યારે તત્વ દ્રષ્ટિ નાશ પામી, એટલે તે અંધ બને છે. ઇંદ્રિયોના વિકારમાં અંધ થએલો પ્રાણી કાર્ય અકાર્ય જોઇ શકતો નથી, તે ગુણ દોષની અપેક્ષા રાખી શકતો નથી, તેથી કરીને તે તત્વ વિમુખ રહી, દુર્ગતિનું પાત્ર થાય છે, તેથી દરેક ભવ્ય મનુષ્યે ઇંદ્રિયોરૂપી ઉદ્ધત ઘોડાને તાબે કરવા, કે જેથી રજોગુણ ન થાય, અને તત્વ દ્રષ્ટિનો લોપ પણ ન થાય. ૬૧

કામદેવ ઇંદ્રિયરૂપી બાણોથી ત્રણ જગતનો જય કરી, શત્રુઓની છાતી ઉપર પગ મુકે છે.

**इंद्रियाण्येव पंचेषुर्विधाय किल सायकान् ।**
**जगत्त्रयजयी दत्ते पदं वक्षसि विद्विषाम् ॥ ६२ ॥**

અક્ષરાર્થ— કામદેવ પાંચ ઇંદ્રિયોનેજ પાંચ બાણ કરી, ત્રણ જગતને જીતી શત્રુઓની છાતી ઉપર પગ મુકે છે. ૬૨

વિવેચન—કામદેવ " પંચેષુ " એટલે પાંચ બાણુવાળો કહેવાય છે. તે પાંચ બાણ પાંચ ઇંદ્રિયોજ છે, અને તે પાંચ ઇંદ્રિયોને પોતાનાં પાંચ બાણો બનાવી, તેનાથી તે ત્રણ જગતને જીતી લે છે, અને શત્રુઓની છાતી ઉપર પગ મુકે છે. કહેવાની મતલબ એ છે કે પાંચ ઇંદ્રિયોના વિકારોથી કામ વિકાર ઉત્પન્ન થાય છે, અને વિકારને વશ થએલો પ્રાણી કામદેવને આધીન થઇ જાય છે, જેથી કરીને તે અનેક જાતનાં કુકર્મ કરે છે. કામદેવને કવિઓ " પંચેષુ " એટલે પાંચ બાણુવાળો કહે છે, તે બરાબર છે. કારણ કે તે પાંચ ઇંદ્રિયોને પોતાનાં પાંચ બાણ બનાવી, તે વડે આ જગતને જીતી લે છે. કામના વિકારને બધું જગત તાબે થઇ જાય છે. જ્યારે શત્રુ તાબે થાય, ત્યારે તેની છાતી ઉપર પગ મુકવામાં આવે છે, તેમ કામદેવ હૃદય—મન ઉપર પગ મુકે છે, એટલે મનમાં પોતાનું સ્થાન કરે છે, તેથીજ કામદેવને " મનોભૂ " એટલે મનમાં ઉત્પન્ન થનાર કહે છે. કહેવાનો આશય એવો છે કે ઇંદ્રિયોના વિષયને લઇને કામદેવ થાય છે, અને તે કામના વિકારથી માણસ અકાર્ય કરે છે, માટે દરેક ભવ્ય પ્રાણીઓએ ઇંદ્રિયોને વશ રાખવી, કે જેથી દુરાચારી કામદેવને અવકાશજ ન મળે. ૬૨

કામદેવ તે પાંચ ઈંદ્રિયોરૂપ યોદ્ધાઓથીજ પૂર્ણ છે.

वीरपंचतयीमेतामुरीकृत्य मनोभवः ।
उपैति सुभटश्रेणी संख्यारेखां न पूरर्णाम् ॥६३॥

અક્ષરાર્થ— મનમાંથી ઉત્પન્ન થનારો કામદેવ એ પાંચ ઈંદ્રિયોરૂપ યોદ્ધાઓને અંગીકાર કરીને સુભટોની શ્રેણીની પુરનારી સંખ્યાને પ્રાપ્ત થતો નથી. અર્થાત તે તેટલાથીજ પૂર્ણ છે. ૬૩

વિવેચન— જેમ કોઇ માણસને પોતાનાં પસંદગીનાં સારાં માણસો મળ્યાં હોય, તો પછી તેને બીજાં માણસોની જરૂર રહેતી નથી, તેમ અહીં કામદેવને પાંચ ઇંદ્રિયો મળી છે. તે ઇંદ્રિયો મહાન્ યોદ્ધાઓ છે, તેથી તેને બીજા સુભટોની શ્રેણીની જરૂર નથી. તેને હવે બીજા સુભટોની પૂર્ણ સંખ્યા કરવાની જરૂરીયાત નથી. કામદેવ પોતે એવો એક સમર્થ યોદ્ધો છે, અને તેને સહાયકારી પાંચ ઈંદ્રિયરૂપી મહાવીરો મળ્યા છે, તેથી હવે તેનાથી વધારે પૂર્ણ સંખ્યાના આંકડાની જરૂર નથી. તે પાંચ ઈંદ્રિયોથીજ પરિપૂર્ણ છે. કહેવાનો ભાવાર્થ એવો છે કે પાંચ ઇંદ્રિયો એવી બળવાન્ છે કે તેઓનો અંગીકાર કરીને કામદેવ ઘણોજ સમર્થ થાય છે, માટે તેવી ઇંદ્રિયોમા જય કરવો, તેને યમ નિયમથી વશ રાખવી, જેથી કામદેવ નિર્બળ થઈ જાય. ૬૩

## કામદેવ એક એવો નવિન વિધાતા છે કે જે દુઃખને સુખને નામે ધારણ કરે છે.

**अहो संकल्पजन्मायं विधाता नूतनः किल ।**
**क्लेशजं दुःखमप्येतद्धत्ते यस्तु सुखाख्यया ॥६४॥**

અક્ષરાર્થ— અહો ! સંકલ્પથી જન્મ પામનારો કામદેવ એક નવી જાતનો વિધાતા છે, કે જે કલેશથી ઉત્પન્ન થયેલાં દુઃખને પણ સુખને નામે ધારણ કરે છે. ૬૪

વિવેચન—કામદેવનો જન્મ સંકલ્પમાંથી છે, જ્યારે મનમાં વિકારની અસર થાય છે, ત્યારે કામ ઉત્પન્ન થાય છે, તેથી તે સંકલ્પજન્મા કહેવાય છે; એવો મનોભૂ કામદેવ એક નવી જાતનો વિધાતા છે, કે જે કલેશથી ઉત્પન્ન થયેલાં દુઃખને, સુખને નામે ધારણ કરે છે. બીજો લોક પ્રસિદ્ધ વિધાતા તો દુઃખને દુઃખરૂપે અને સુખને સુખરૂપે ઓળખાવે છે, ત્યારે આ અદ્‌ભુત નવો વિધાતા સુખને દુઃખરૂપે ઓળખાવે છે; તેથીજ તે નવી જાતનો કહ્યો છે. કહેવાનો આશય એવો છે કે, કામદેવના રસમાં માણસ સુખ માને છે, પણ તે ખરી રીતે કલેશ જનિત દુઃખ છે; માત્ર તેમાં સુખાભાસ દેખાય છે, તે પણ મનથી માનેલ છે, માટે તેવા દુઃખને સુખરૂપે મનાવનારા કામદેવથી દુર રહેવું. તે કામદેવ સંકલ્પથી ઉત્પન્ન થાય છે, માટે તેવા

દુષ્ટ સંકલ્પો કરવા નહીં. સંકલ્પ—વિકલ્પનું સ્થાન મન છે, મન જેવું ચિંતવે તેવાજ સંકલ્પો થાય છે, માટે મનમાં શુભ ધ્યાનજ કરવું, અશુભ ધ્યાનનો ત્યાગ કરવો, કે જેથી સંકલ્પ-જન્મા કામદેવનો અવકાશજ રહે નહીં. ૬૪

## વિશ્વને ઠગનારો કામદેવ ધૂર્ત્ત જનનો રાજા છે.

**विषमेषुरयं धूर्त्तचक्रशक्रत्वमर्हति ।**
**दुःखं सुखतयादर्शि येन विश्वप्रतारिणा ॥६५॥**

અક્ષરાર્થ—વિષમ બાણુવાળો એ કામદેવ ધૂર્ત્ત લોકોના સમુહનો ઇંદ્ર થવાને લાયક છે. કારણ કે વિશ્વને ઠગનારો તે કામદેવ દુઃખને સુખ તરીકે દેખાડે છે. ૬૫

વિવેચન—જેમ ઠગારો માણુસ જે ખોટી વસ્તુને ખરી, અને ખરી વસ્તુને ખોટી કરી બતાવે છે, તેમ વિશ્વને ઠગનારો કામદેવ આ જગતમાં દુઃખને સુખરૂપે બતાવે છે; આથી કરીને તે લુચ્ચો કામદેવ ધૂર્ત્ત લોકોનો રાજા થવાને લાયક છે. જે જે જગતમાં ઠગાઇ કરે છે, તે ધૂર્ત્ત લોકોનો રાજા સમજવો; જે માણુસ વંચક હોય, તેનામાં વિષમતા હોય છે, તેમ આ કામદેવ વિષમેષુ છે, એટલે વિષમ બાણુવાળો છે. વિષમ એટલે વિપરીત અથવા એકી સંખ્યાવાળાં, અર્થાત્ પાંચ સંખ્યાનાં બાણોને ધારણુ કરનારો છે; જે વિષમ હોય, તે ધૂર્ત્ત

જનનો રાજા થવાને લાયક હોય છે. કહેવાની મતલબ એવી છે કે, દુઃખને સુખરૂપે બતાવનારા એ જગતના ઠગારા કામદેવથી દુર રહેવું જોઇએ; નહીં તો દુઃખને સુખરૂપે બતાવનારા તે કામદેવથી છેતરાઈ જવાય છે. ૬૫

કામદેવના સામ્રાજ્યની મશલત કરવામાં
સ્ત્રીઓજ પ્રધાન છે, તો તેનું સામ્રાજ્ય
કેમ ટકી શકે ?

यस्य साम्राज्यचिंतायां प्रधानं हंत योषितः।
सोऽपी संकल्पभूः स्वस्य कथं स्थेमानमीहते ॥६६

અક્ષરાર્થ—ઘણી દિલગીરીની વાત છે કે, જેના સામ્રાજ્યની મશલતમાં સ્ત્રીઓ પ્રધાન છે, એવો તે કામદેવ પોતાનીજ સ્થિરતા કેમ ઇચ્છતો હશે ? ૬૬

વિવેચન—જેના સામ્રાજ્યની મશલત કરવામાં સ્ત્રીઓ મંત્રી હોય છે, એવો રાજા કદિ પણ સ્થિર રહી શકતો નથી; જે રાજા સ્ત્રીને પ્રધાનપદ આપે, અને પછી પોતાની સ્થિરતાની ઇચ્છા રાખે, તે ખરેખરો મૂર્ખ સમજવો. તેવી રીતે કામદેવના સામ્રાજ્યની મશલતમાં સ્ત્રીઓજ પ્રધાન છે, તેમ છતાં તે પોતાની સ્થિરતા ઇચ્છે છે, તે કેવી વાત કહેવાય ? વળી પોતે સંકલ્પભૂ છે—સંકલ્પમાંથી જન્મ પામનારો છે. કહેવાનો આશય એવો છે કે, સ્ત્રીઓની પ્રધાનતાવાળો કામદેવ અસ્થિર

છે, ક્ષણીક દુઃખમય સુખને આપનારો છે, તેથી તેનો સર્વદા ત્યાગ કરવો જોઇએ. ૬૬

### ઇંદ્રજાલિકના જેવી સ્ત્રીઓ વિશ્વાસ પાત્ર કેમ ગણાય ?

**दर्शयंति खलवैरतथ्यमपि तात्त्विकम् ।**
**या इंद्रजालिकप्रष्टास्ताः किं विश्रंभभाजनम् ॥६७॥**

અક્ષરાર્થ—જે સ્ત્રીઓ શબ્દના લેશથી અસત્યને પણ સત્ય તરીકે બતાવે છે, એવી તે ઇંદ્રજાળ રચવામાં નિપુણ સ્ત્રીઓ વિશ્વાસનું પાત્ર કેમ ગણાય ? ૬૭

વિવેચન—કામદેવનું દુષિત સ્વરૂપ બતાવી ગ્રંથકાર હવે સ્ત્રીનાં દુષિત સ્વરૂપને દર્શાવે છે; જે સ્ત્રીઓ અસત્ય હોય, તેને પણ પોતાના શબ્દના લેશથી એટલે થોડા શબ્દોથી સત્ય કરી દેખાડે છે, તેવી ઇંદ્રજાળની રચના કરનારી સ્ત્રીઓ વિશ્વાસ પાત્ર કેમ ગણાય ? જેમ ઇંદ્રજાળની વિદ્યા જાણનારા અસત્યને સત્ય કરી દેખાડે છે, તેવી રીતે સ્ત્રીઓ અસત્યને સત્ય કરી બતાવે છે, તેવી સ્ત્રીઓની ઉપર વિશ્વાસ કેમ રાખી શકાય ? કહેવાનો આશય એવો છે કે સમ્યકત્વના સાધક ભવ્ય પ્રાણીએ સ્ત્રીનો વિશ્વાસ કરવો ન જોઇએ. ૬૭

શ્વાન જેમ સુકાં અસ્થિને રસથી ચાટે છે,
તેમ પ્રાણી વાસનાને લઇને વસ્તુપર
પ્રીતિ રાખે છે.

निजलालाविलं लीढे यथा श्वा शुष्ककीकसम् ।
स्ववासनारसाज्जंतुर्वस्तुभिः प्रीयते तथा ॥ ६८ ॥

અક્ષરાર્થ— જેમ શ્વાન પોતાની લાળથી વ્યાપ્ત એવાં સુકાં અસ્થિને રસથી ચાટે છે, તેમ પ્રાણી પોતાની વાસનાના રસથી વસ્તુઓથી પ્રસન્ન થાય છે. ૬૮

વિવેચન— શ્વાન પોતાની લાળથી ભરેલાં સુકાં હાડકાંને રસથી ચાટે છે. જેમ અજ્ઞાની શ્વાન જાણે છે કે આ અસ્થિમાં રસ છે, અને તેથી તેમાં તે સ્વાદ માને છે, તેવી રીતે પ્રાણી સાંસારિક વસ્તુઓથી પોતાની વાસનાને લઈને ખુશી થાય છે. વસ્તુતાએ તેમાં બીલકુલ રસ નથી, પણ તેને તે રસરૂપે માની તેના ઉપભોગથી આનંદ માને છે. કહેવાનો આશય એવો છે કે વિષયોપભોગ કરવામાં પ્રાણી સુખ માને છે, પણ તે અંતે દુઃખરૂપ થાય છે. ૬૮

જડ પુરૂષો દેહને શ્રૃંગાર કરી, આત્માને
ઠગે છે.

विधाय कायसंस्कारमुदारघुसृणादिभिः ।
आत्मानमात्मनैवाहो वंचयंते जडाशयाः ॥ ६९ ॥

અક્ષરાર્થ—જડ હૃદયના પુરૂષો ઉંચી જાતનાં કેશર વિગેરેથી પોતાના શરીરને શણગારી; આત્માથીજ આત્માને ઠગે છે. ૬૯

વિવેચન—આ શરીરને ઉંચી જાતના કેશર વિગેરે પદાર્થોથી શણગારવું, તે પોતાથીજ પોતાના આત્માને ઠગવા જેવું છે. એવું કરનારા પુરૂષો જડ છે; કારણ કે તેઓ વિચાર વગરના છે. આ શરીર મલિન છે, તેનાં છીદ્રોમાંથી વિષ્ટા, મૂત્ર, લીંટ, બડખા વિગેરે મેલા પદાર્થો ઝર્યા કરે છે, તેવા શરીરને ગમે તેટલા સંસ્કારો કરવામાં આવે, પણ તે નકામા છે; કારણ કે તેની મલિનતા કદિ પણ જવાની નથી. તે છતાં જે પ્રાણી તેને શણગારે છે, તેઓ ખરેખરા જડ છે એટલુંજ નહીં, પણ તેઓ પોતાના આત્માને આત્માથી ઠગનારા છે. કહેવાનો આશય એવો છે કે મલિન અને દુર્ગંધથી ભરેલી કાયાને સંસ્કાર કરવાનો મોહ રાખવો નહીં, અને જો તેવો મોહ રાખવામાં આવે, તો આત્મવંચકપણાનો મહાન્ દોષ પ્રાપ્ત થાય. ૬૯

તત્વ વિચારથી મનનો જય કરવો, અને
તે પછી ઈંદ્રિયોનો જય કરવો જોઇએ.

स्वांतं विजित्य दुर्दांतमिंद्रियाणि सुखं जयेत् ।
तत्तु तत्वविचारेण जेतव्यमिति मे मतिः ॥ ७० ॥

અક્ષરાર્થ—દુઃખે કરીને દમન થાય, તેવા મનને જીતવાથી ઈંદ્રિયો સુખે જીતી શકાય છે,

અને તે મનને તત્વ વિચારથી જીતવું જોઇએ, એમ મારૂં માનવું છે. ૭૦

વિવેચન— ઇંદ્રિયોને અને મનને જીતવાનો ઉપાય દર્શાવતાં ગ્રંથકાર કહે છે. જો ઇંદ્રિયોને સુખે જીતવી હોય, તો પ્રથમ મનને જીતવું જોઇએ; કારણ કે સર્વથી મન દુર્દાંત એટલે દુઃખેથી દમન કરી શકાય તેવું છે, માટે તેવા દુર્દાંત મનને જીતીને તે પછી ઇંદ્રિયોને સુખે જીતવી. હવે તે દુર્દાંત મનને કેવી રીતે જીતવું જોઇએ ? તે ઉપાય દર્શાવે છે. તે મનને તત્વ વિચારથી જીતવું. તત્વનો વિચાર કરવાથી મન જીતી શકાય છે. તત્વ વિચાર એટલે વસ્તુના યથાર્થપણાનો વિચાર. જેમકે "આ વસ્તુ આમજ છે," એવો નિશ્ચય કરવો તે. "આ જગત્ ખોટું છે, શરીર નાશવંત છે, આ જીવ છે, આ અજીવ છે, અને આ બંધ કે મોક્ષ છે," એવી રીતે તત્વનો વિચાર કરવાથી મન વશ થઈ જાય છે. કારણ કે રાગ, દ્વેષ જે મનના ધર્મ છે, તે તત્વ વિચાર કરવાથી દુર થઇ જાય, એટલે મન જીતાઇ જાય છે. ૭૦

## શ્રી વીતરાગના શાસનથી મનરૂપી હાથી વશ થાય છે.

संचरिष्णुरसौ स्वैरं विषयग्रामसीमसु ।
स्वांतदंती वशं याति वीतकर्मानुशासनात् ॥७१॥

અક્ષરાર્થ— વિષયરૂપી ગામના સીમાડામાં

સ્વેચ્છાથી ફરનારો એ મનરૂપ હાથી કર્મ રહિત એવા શ્રી વીતરાગના શાસનથી વશ થઇ જાય છે. ૭૧

વિવેચન—ગ્રંથકાર મનને વશ કરવાનો બીજો ઉપાય દર્શાવે છે. જેમ કોઇ હાથી ઉન્મત્ત થઇ, ગામના સીમાડામાં સ્વેચ્છાથી ફરતો હોય, તેને શાસન—શિક્ષા કરવાથી તે હાથી વશ કરવામાં આવે છે, તેમ મનરૂપી હાથી, કે જે વિષયરૂપ ગામના સીમાડામાં સ્વેચ્છાએ ફર્યા કરે છે, તેને વીત કર્મ—કર્મ રહિત એવા શ્રી વીતરાગ પ્રભુના શાસનથી વશ કરી લેવો. કહેવાની મતલબ એવી છે કે, વિષયમાં તલ્લીન રહેનારા મનને વીતરાગ પ્રભુના શાસનથી વશ કરવું, એટલે શ્રી વીતરાગની વાણીનું શ્રવણ કરવાથી તત્વ વિચાર ઉત્પન્ન થાય છે, અને તત્વ વિચારથી મનની ચપળતા દુર થતાં મન વશ થઇ જાય છે; માટે સર્વ ભવ્ય પ્રાણીએ શ્રી વીતરાગની વાણી શ્રવણ કરવામાં તત્પર રહેવું. ૭૧

મન પવનથી પણ વધારે ચંચળ છે.

**मनः पवनयोरैक्यं मिथ्या योगविदो विदुः ।**
**बंभ्रमीति यतः स्वैरमतीत्य पवनं मनः ॥ ७२ ॥**

અક્ષરાર્થ—યોગને જાણનારા પુરૂષો મન અને પવનનું ઐક્ય કહે છે, તે મિથ્યા છે. કારણ કે મન પવનને પણ ઉલ્લંઘન કરીને સ્વેચ્છાએ અતિશય ફર્યા કરે છે: ૭૨

વિવેચન—યોગશાસ્ત્રને જાણનારા પુરૂષો મન અને પવનનું ઐક્ય કહે છે, એટલે “ મન અને પવન સરખાં છે. ” એમ કહે છે, તે મિથ્યા છે. કારણ કે મન તો પવનને પણ ઉલ્લંઘન કરીને સ્વેચ્છાએ ફર્યા કરે છે, અર્થાત્ મન પવનથી પણ વધારે ચંચળ છે; તેથી મન અને પવન સરખાં છે, એમ કહેવું તે તદ્દન મિથ્યા છે, માટે સુજ્ઞ પુરૂષે એવા ચંચળ મનને વશ કરવાનો પ્રયત્ન કરવો. ૭૨

## સ્વાર્થી ઇંદ્રિયોનું અભિમાન રાખનારો આત્મા બુદ્ધિમાન્ કેમ ગણાય ?

चक्षुष्यद्वेष्यतां भावेर्ष्विद्रियैः स्वार्थतः कृताम् ।
आत्मन् स्वस्याभिमन्वानः कथं नु मतिमान्
भवान् ॥ ७३ ॥

અક્ષરાર્થ—હે આત્મા ! સર્વ પદાર્થોમાં ઇંદ્રિયોએ સ્વાર્થથી કરેલું જે રાગ-દ્વેષપણું, તે તરફ તું પોતાનું અભિમાન રાખે છે, તેથી તું બુદ્ધિમાન્ કેમ ગણાય ? ૭૩

વિવેચન—ઇંદ્રિયો જગતના સર્વ પદાર્થોની અંદર પોતાના સ્વાર્થ માટે રાગ-દ્વેષપણું રાખે છે; જે પદાર્થ જે ઇંદ્રિયને પ્રિય હોય, તેમાં તે રાગ રાખે છે, અને જે અપ્રિય હોય, તેમાં તે દ્વેષ રાખે છે, તેથી ઇંદ્રિયો ખરેખર સ્વાર્થી છે; તે છતાં અજ્ઞાની

આત્મા—જીવ તેની અંદર પોતાની અહંતા રાખે છે, એટલે "આ પદાર્થ મને પ્રિય છે, અને આ અપ્રિય છે." એવો અહંભાવ રાખે છે, તેવો જીવ બુદ્ધિમાન્ કેમ ગણાય? અર્થાત્ નજ ગણાય. જે બુદ્ધિમાન્ હોય, તે બીજાએ સ્વાર્થથી કરેલા રાગ-દ્વેષને પોતાને માથે ઓઢી લેતો નથી; તેથી ગ્રંથકાર આત્માને ઉપાલંભ આપે છે કે, હે આત્મા! જો તું બુદ્ધિમાન્ કહેવાતો હોય તો, તે ખોટું છે. કારણ કે તું સ્વાર્થી ઇંદ્રિયોના રાગ-દ્વેષ તરફ પોતાનો અહંભાવ દર્શાવે છે. આ ઉપર એવો ઉપદેશ લેવાનો છે કે, બુદ્ધિમાન્ જીવે ઇંદ્રિયોને લઇને કોઇ પદાર્થ ઉપર રાગ-દ્વેષ રાખવો ન જોઇએ. સર્વત્ર સામ્ય સમાન ભાવ રાખવો જોઇએ. ૭૩

### મૂઢ જીવે સ્ત્રીના વિલાસમાં મન ન રાખતાં મૈત્રી વિગેરેમાં રાખવું, કે જેથી પોતાના આત્માનું હિત થાય છે.

**अवधत्से यथा मूढ ललना ललिते मनः ।**
**मैत्र्यादिषु तथा धेहि विधेहि हितमात्मनः ॥७४॥**

અક્ષરાર્થ—હે મૂઢ જીવ! જેમ તું સ્ત્રીના વિલાસમાં મન રાખે છે, તેમ મૈત્રી વિગેરેમાં રાખ, અને તારા આત્માનું હિત કર. ૭૪

વિવેચન—ગ્રંથકાર આ શ્લોકથી મૂઢ જીવને ઉપદેશ આપે

છે. હે મૂઢ જીવ ! જેવી રીતે તું સ્રીના વિલાસમાં મન રાખે છે, તેવી રીતે મૈત્રી વિગેરેમાં રાખ, કે જેથી આત્માનું હિત થાય. માણસ જેવી રીતે સ્રી વિલાસમાં મન રાખે છે, તેવી રીતે મૈત્રી વિગેરેમાં રાખતો નથી; જેવી આસક્તિ સ્રી વિલાસમાં હોય, તેવી આસક્તિ જો મૈત્રી વિગેરેમાં રાખવામાં આવે, તો પ્રાણીના આત્માનું હિત સત્વર થાય છે. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને મધ્યસ્થપણું એ ચાર ગુણો ધર્મ ધ્યાનના ઉપકારને માટે કહેલા છે. " કોઇ પણ પ્રાણી પાપ કરો નહીં, કોઇ દુઃખી થાઓ નહીં, અને બધા જગતનો મોક્ષ થાઓ. " એવી બુદ્ધિ તે " મૈત્રી " કહેવાય છે. જ્ઞાન અને ક્રિયાથી યુક્ત એવા મુનિઓમાં પક્ષપાત રાખવો, તે " પ્રમોદ " કહેવાય છે. દુઃખી પ્રાણીઓને કષ્ટોમાંથી છોડવવાની જે બુદ્ધિ તે " કારૂણ્ય " અને દેવ ગુરૂ નિંદક, ક્રૂર અને આત્મ પ્રશંસા કરનાર ઉપર ઉપેક્ષા કરવી, તે " મધ્યસ્થપણું " કહેવાય છે. આ મૈત્રી વિગેરેમાં સ્રીના વિલાસની જેમ જે પુરૂષ પોતાનું મન જોડી રાખે, તે પુરૂષ આત્માનું હિત કરી શકે છે; માટે ગ્રંથકાર વિલાસી અને વિષયી પુરૂષને હૃદયથી બોધ આપે છે કે, હે મૂઢ ! જો તારે આત્મહિત કરવું હોય, તો મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને મધ્યસ્થ ભાવ—એ ચારમાં મનની આસક્તિ રાખજે; જેથી તું આત્મસાધન કરી શકીશ, અને જો સ્રીમાં આસક્તિ રાખીશ તો, તારી દુર્ગતિ થશે; આત્મહિત નહીં થાય. ૭૪

આત્માની નજીક સુગમ સુખ છતાં બાહેરનાં
સુખને માટે પ્રયાસ કરવો, તે મૂઢતા છે.

आत्मन्येव हिनेदिष्टे निरायासे सुखे सति ।
किं ताम्यसि बहिर्मूढ सतृष्णायामिवैणकः ॥७५॥

અક્ષરાર્થ—હે મૂઢ જીવ! તારા આત્માની નજીક પ્રયાસ વિનાનું સુખ રહેલું છે, તે છતાં ઝાંઝવાંના જળ તરફ મૃગલાંની જેમ તું બાહેર શામાટે વલખાં મારે છે? ૭૫

વિવેચન—આત્માની નજીક સુખ રહેલું છે, એટલે આપણા આત્માને ઉદ્દેશી જે સુખ રહેલું છે, તે સુખ પ્રયાસ વગરનું છે. બીજાં સુખની જેમ આત્મિક સુખ સંપાદન કરવામાં પ્રયાસ પડતો નથી, તે સુખ અનાયાસેજ મળી શકે છે. તેવું આત્મિક સુખ પોતાની પાસે છતાં મૂઢ પ્રાણી બાહેરનાં સુખને માટે વલખાં મારે છે; જે આત્માના આનંદના અનુભવથી સુખ પ્રાપ્ત થાય છે, તે આત્મિક સુખ છે. વળી ધર્મના આનંદને સંપાદન કરાવનારૂં આત્મિક સુખ છે, તે સુખ ઉપશમને અવલંબન કરીને રહેલું છે. તે સુખનો અનાદર કરી પ્રાણી બાહેરનાં સાંસારિક સુખને માટે ભગીરથ પ્રયત્ન કરે છે, તે કેવી મૂઢતા? જેમ હરણ પોતાની નજીક રહેલા જળાશયને જોતું નથી, અને દુર રહેલા ઝાંઝવાંના જળને માટે દોડાદોડ કરે છે, તેમ વિષય સુખની તૃષ્ણાથી આતુર એવો પ્રાણી

પોતાની પાસે રહેલાં આત્મિક સુખને જોતા નથી, અને બાહેરનાં કૃત્રિમ અને દુર્ગતિદાયક સુખને માટે વલખાં મારે છે, તે પ્રાણી ખરેખરો મૂઢ છે, અને તેવા મૂઢને ઉદ્દેશીને ગ્રંથકારે આ શ્લોકથી ઉપદેશ આપ્યો છે. ૭૫

## કોઇ પણ વસ્તુ ઉપર પ્રિય અપ્રિયનો વ્યવહાર વાસનાને લઇને છે.

प्रियाप्रियव्यवहृतिर्वस्तुनो वासनावशात् ।
अंगजत्वे सुतःप्रेयान् यूकालिक्षमसंमतम् ॥ ७६ ॥

અક્ષરાર્થ—કોઇ પણ વસ્તુને વિષે " આ પ્રિય છે, અને આ અપ્રિય છે, " એવો વ્યવહાર વાસનાને લઇને છે. [ તાત્વિક નથી ] કેમકે શરીરથી ઉત્પન્ન થએલો પુત્ર પ્રિય છે, અને તેજ શરીરથી ઉત્પન્ન થએલ જુ અને લીંખ અપ્રિય છે. ૭૬

વિવેચન—ગ્રંથકાર હવે વાસનાનું બળ દર્શાવે છે. જગતમાં કોઈ પણ વસ્તુ ઉપર પ્રીતિ અને અપ્રીતિ થવાનો જે વ્યવહાર છે, તે વાસનાને લઇને છે. જે વસ્તુ એકજ રીતિએ ઉત્પન્ન થઇ હોય, તેમાં સરખી પ્રીતિ રહે, એવો પણ નિયમ નથી. જેમાં પ્રીતિની વાસના થઇ હોય, તેજ વસ્તુ પ્રિય લાગે છે. જેમકે પુત્ર અને જુ તથા લીખું આપણા શરીરમાંથી ઉત્પન્ન થાય છે, પણ તેમાં પુત્રની અંદર વાસના હોવાથી તે

પ્રિય લાગે છે, અને જું તથા લીંખમાં તેવી વાસના નથી, તેથી તે અપ્રિય લાગે છે. જો કે તે બંને અંગમાંથીજ ઉત્પન્ન થાય છે, તથાપિ વાસનાને લઇને પ્રિય અપ્રિય થવાનો વ્યવહાર બંધાય છે. આવી પ્રબળ વાસના છે, તેથી દરેક ભવ્ય પ્રાણીએ વાસનાને દુર કરવી જોઇએ, એ ઉપદેશ છે. જો વાસનાનો ક્ષય ન કરવામાં આવે, તો વાસના વધતી જાય છે, અને વાસનાની વૃદ્ધિથી રાગ, દ્વેષ ઉત્પન્ન થતાં આખરે દુર્ગતિનું પાત્ર થવાય છે. ૭૬

## સંકલ્પથી થએલું સુખ અજ્ઞાની પુરૂષોને રાજી કરે છે.

इदं कृत्रिमकर्पूरकल्पं संकल्पजं सुखम् ।
रंजयत्यंजसा मुग्धानंतरज्ञानदुःस्थितान् ॥ ७७ ॥

અક્ષરાર્થ—બનાવટી કપૂરના જેવું સંકલ્પથી ઉત્પન્ન થએલું સુખ અંતરના જ્ઞાનથી રહિત એવા મુગ્ધ લોકોને તત્કાળ રાજી કરે છે. ૭૭

વિવેચન—સંકલ્પ એટલે માનસિક કલ્પનાથી ઉત્પન્ન થએલું સુખ એ ખરેખરૂં સુખ નથી, પણ બનાવટી કપૂરના જેવું છે. બનાવટી કપૂર જેમ તત્કાળ સારૂં લાગે છે, પણ ક્ષણ પછી તે ખરાબ થઇ જાય છે, તેમ સંકલ્પ જનિત સુખ તત્કાળ રાજી કરે છે, પણ પરિણામે નિરસ છે. આવું કૃત્રિમ સુખ કેવા પુરૂષોને રાજી કરે ? તે કહે છે. જે પુરૂષોને અંતર

જ્ઞાન એટલે આત્મિક જ્ઞાન ન હોય, તેવા મુગ્ધ પુરૂષોને તે સુખ રાજી કરે છે; પણ જે પુરૂષોમાં અંતરજ્ઞાન રહેલું હોય, તેવા સુજ્ઞ પુરૂષોને એ સંકલ્પજનિત સુખ રંજન કરી શકતું નથી. ૭૭

## વાસનાથીજ મમત્વ છે, વસ્તુથી નથી.

**ममत्वं माम भावेषु वासनातो न वस्तुतः ।**
**औरसादपरत्रापि पुत्रवात्सल्यमीक्ष्यते ॥ ७८ ॥**

અક્ષરાર્થ— પદાર્થોની અંદર વાસનાથીજ મમત્વ છે, વસ્તુથી નથી. જેમ પોતાના ઐારસ પુત્રથી બીજે પણ પુત્ર વાત્સલ્ય જોવામાં આવે છે. ૭૮

વિવેચન—અમુક પદાર્થ પોતાનો છે, તેથી તેની અંદર મમત્વ થાય છે, એવો પણ નથી. જે મમત્વ છે, તે વાસનાને લઇને થાય છે, કાંઇ પોતાની વસ્તુને લઈને થતું નથી. જેમ પોતાનો ઐારસ પુત્ર એટલે પોતાથી ઉત્પન્ન થએલો ખરેખર પુત્ર હોય, તેને વિષે મમત્વ થાય, તે ઘટિત છે. કારણ કે તે પુત્રરૂપ પદાર્થ પોતાનો છે, પણ પોતાના પુત્ર સિવાય બીજે પણ પુત્ર વાત્સલ્ય જોવામાં આવે છે, તેનું શું કારણ ? તેનું કારણ વાસનાજ છે. કદિ પોતાની વસ્તુ ન હોય, પણ જો તેમાં વાસના કરવામાં આવે, તો તેની તરફ પ્રીતિ ઉત્પન્ન થાય છે;

માટે જે રાગ છે, તે વાસનાથી છે, કાંઇ વસ્તુથી નથી. કહેવાનો આશય એવો છે કે કોઈએ કોઇ પણ પદાર્થમાં વાસના રાખવી નહીં, વાસના રાખવાથી મમતા થાય છે, અને મમતા રાગ દ્વેષનું કારણ છે. ૭૮

## મમતા વાસનાના આવેશથી છે, વસ્તુ-તાએ નથી.

**वासनावेशवशतो ममता नतु वास्तवी ।**
**गवाश्वादिनि विक्रीते विलीनेयं कुतोऽन्यथा ॥७९॥**

**અક્ષરાર્થ— મમતા વાસનાના આવેશને લઇને છે, વસ્તુતાએ નથી. જો વસ્તુતાએ મમતા સાચી હોય, તો ગાય, અશ્વ, વિગેરે વેચી દીધા પછી તે મમતા કેમ લીન થઇ જાય છે ? ૭૯**

વિવેચન— મમતા એટલે 'આ મારૂં છે' એવી જે બુદ્ધિ તે વાસનાના આવેશને લઇને છે, વાસ્તવિક રીતે નથી. જો વાસના વગર મમતા વસ્તુતાએ સાચી હોત તો, જ્યારે આપણે ગાય, ઘોડા વિગેરે વેચી દઇએ છીએ, ત્યારે તેઓની ઉપરથી મમતા કેમ ઉડી જાય છે ? જો મમતા સાચી હોય, તો તેમ થવું ન જોઇએ. કહેવાની મતલબ એવી છે કે મમતા થવાનું કારણ જે વાસના છે, તેનો ત્યાગ કરવો. કોઇ પદાર્થ ઉપર વાસના કરવી નહીં. ૭૯

## આ વિશ્વ માયામય છે, તેને માટે શોક કરવો ન જોઇએ.

**विश्वं विश्वमिदं यत्र मायामयमुदाहृतम् ।**
**अवकाशोऽपि शोकस्य कुतस्तत्र विवेकिनाम् ॥८०॥**

અક્ષરાર્થ—જેમાં આ બધું વિશ્વ માયામય કહેલું છે, તેની અંદર વિવેકી પુરૂષોને શોકનો અવકાશજ ક્યાં છે ? અર્થાત વિવેકી પુરૂષોએ શોક કરવો ન જોઇએ. ૮૦

વિવેચન—જે વસ્તુ સત્ય હોય, તેનો શોક કરવો ઘટે છે, પણ જે વસ્તુ માયામય—ખોટી છે, તેને માટે શોક કરવો ઉચિત નથી. આ બધું વિશ્વ માયામય—ખોટું છે, તેને માટે શોક કરવો યોગ્ય નથી; જો કદિ કોઇ અવિવેકી પુરૂષ તેનો શોક કરે તો, તે સંભવે, પણ જે વિવેકી છે, એટલે " આ ખરૂં છે, અને આ ખોટું છે. " એવો જેનામાં વિવેક છે, તેવા વિવેકી પુરૂષોને આ માયામય જગતને માટે શોક કરવાનો અવકાશજ નથી; કારણ કે તેઓ વસ્તુ સ્વરૂપને સમજનારા છે. કહેવાનો ભાવાર્થ એવો છે કે, આ બધું જગત માયામય છે, અને તેની અંદર સુખ-દુઃખ થયા કરે છે, તેમાં સુખ થાય, ત્યારે હર્ષ, અને દુઃખ થાય, ત્યારે શોક કરવો ન જોઇએ. કેમકે જે વસ્તુ ખરેખરી હોય, તેને માટે હર્ષ શોક કરવો ઘટિત છે, પણ જે વસ્તુ માયામય—કલ્પિત છે, તેને માટે હર્ષ શોક કરવો યુક્ત નથી. ૮૦

## આ મોહમય અવિદ્યાને ધિક્કાર છે.

धिगविद्यामिमां मोहमयीं विश्वविसृत्वरीम् ।
यस्याः संकल्पितेऽप्यर्थे तत्वबुद्धिर्विजृंभते ॥८१॥

અક્ષરાર્થ—આ વિશ્વમાં પ્રસરતી મોહમય અ-વિદ્યાને ધિક્કાર છે, કે જેનાથી સંકલ્પિત કરેલા પણ પદાર્થમાં તત્વબુદ્ધિ ઉત્પન્ન થાય છે. ૮૧

વિવેચન—ગ્રંથકાર આ શ્લોકથી અવિદ્યાને ધિક્કારે છે. આ જગતમાં મોહમય અવિદ્યા પ્રસરેલી છે, એ મોહમય અવિદ્યાને લઇને સંકલ્પ કરેલા પદાર્થની અંદર તત્વબુદ્ધિ ઉત્પન્ન થાય છે; જે પદાર્થો અસ્થિર હોવાથી ખોટા છે, તે પદાર્થોની ઉપર તત્વબુદ્ધિ, એટલે સાચાપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, એજ અવિદ્યા છે; આવી અવિદ્યા આ વિશ્વની અંદર પ્રસરીને રહેલી છે. અવિદ્યાનો પ્રભાવ એટલો બધો ચમત્કારી છે, કે જેનાથી સંકલ્પિત કરેલા અર્થમાં તત્વબુદ્ધિ ઉત્પન્ન થાય છે; જે પદાર્થ માત્ર સંકલ્પથીજ કલ્પવામાં આવ્યા હોય, તેવા ખોટા પદાર્થ ઉપર સત્યપણાની બુદ્ધિ થાય, એ અવિદ્યાનોજ પ્રભાવ છે. આ ઉપરથી એટલો ઉપદેશ લેવાનો છે, કે આ જગતમાં જે અસ્થિર પદાર્થો છે, તેની ઉપર સ્થિરપણાની બુદ્ધિ ઉત્પન્ન કરાવનારી મોહાત્મક અવિદ્યાનો ત્યાગ કરવો. કે જેથી દુર્ગતિનું મહા દ્વાર બંધ રહે. ૮૧

એ વાસના . સામ્યરૂપ શસ્ત્રથી છેદાય છે.

अनादिवासनाजालमाशातन्तुभिरुंभितम् ।
निशातसाम्यशस्त्रेण निकृंतति महामतिः ॥८२॥

અક્ષરાર્થ—મહામતિ પુરૂષ આશાઓના તંતુઓથી ભરેલા, એવા અનાદિ વાસના જાળને સામ્યરૂપ તીક્ષ્ણ શસ્ત્રથી છેદે છે. ૮૨

વિવેચન—જેમ કોઇ જાળને શસ્ત્રથી છેદવામાં આવે, તેમ વાસનાના જાળને સામ્યરૂપી તીક્ષ્ણ શસ્ત્રથી છેદવામાં આવે છે; જેમ જાળમાં અનેક તંતુઓ ભરેલાં હોય છે, તેમ એ વાસનારૂપ જાળમાં આશારૂપ તંતુઓ ભરેલાં છે. આવા વાસનાના જાળને કોણ છેદી શકે ? કે જે મહામતિ હોય. જેને વિવેકવાળી મતિ હોય, તે મહામતિ કહેવાય છે, એટલે વિવેક બુદ્ધિવાળો પુરૂષ સામ્ય ગુણને અધિકારી છે, તેથી તે વાસનાના અનાદિ જાળને છેદી શકે છે. કહેવાને આશય એવો છે કે, દરેક ભવ્ય મનુષ્યે વિવેકવાળી બુદ્ધિ રાખી આશા તંતુથી ભરેલા અનાદિ વાસનાના જાળને સામ્યરૂપ તીક્ષ્ણ શસ્ત્રથી છેદી નાખવું જોઇએ; જેનામાં સામ્યગુણ હોય, તે આશા તંતુથી ભરેલા વાસનાના જાળને છેદી શકે છે, તેથી અવશ્ય સામ્યગુણ સંપાદન કરવા યોગ્ય છે. ૮૨

## યોગી પોતાના જ્ઞાનના પ્રકાશથી માયારૂપી રાત્રિનો નાશ કરે છે.

**अनादिमायारजनीं जननीं तमसां बलात् ।**
**स्वज्ञानभास्वदालोकादंतं नयति योगवित् ॥८३॥**

અક્ષરાર્થ— યોગ વિદ્યાને જાણનાર યોગી પુરૂષ અંધકારને ઉત્પન્ન કરનારી અનાદિ માયા-રૂપી રાત્રિનો પોતાના જ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશથી બળાત્કારે નાશ કરે છે. ૮૩

વિવેચન—સૂર્યથી રાત્રિનો નાશ થાય છે, એ વાત લોક પ્રસિદ્ધ છે. અહીં તે વાત ગ્રંથકાર ઘટાવી વર્ણન કરે છે. યોગી પુરૂષ માયારૂપી અનાદિ રાત્રિનો પોતાના જ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશથી નાશ કરે છે. રાત્રિ જેમ અંધકારને ઉત્પન્ન કરનારી છે, તેમ માયારૂપી રાત્રિ 'તમ' એટલે અજ્ઞાનરૂપ અંધકારને અથવા તમોગુણને ઉત્પન્ન કરનારી છે, તેવી અનાદિ માયારૂપી રાત્રિનો સ્વજ્ઞાન એટલે આત્મજ્ઞાન અથવા આત્માનું જ્ઞાન, તેના પ્રકાશથી એટલે તેને સ્ફુરવવાથી નાશ કરે છે. કહેવાનો ભાવાર્થ એવો છે કે માયાનો નાશ સ્વજ્ઞાનથી—આત્મજ્ઞાનથી થાય છે, અને તે માયાનો નાશ યોગી પુરૂષથી થઇ શકે છે. કારણ કે યોગવેત્તા પુરૂષને આત્મજ્ઞાન સુલભ છે, તેથી જેણે તમ—અજ્ઞાનને નાશ કરનારી માયાનો નાશ કરવો હોય, તેણે યોગ વિદ્યા દ્વારા આત્મજ્ઞાન સંપાદન કરવું જોઈએ. ૮૩

ઉદાસીનપણું—મધ્યસ્થ ભાવને સતેજ કરનાર પુરૂષને આત્મ તત્વનું દર્શન થાય છે.

अध्यात्मोपनिषद्वीजमौदासीन्यममंदयन् ।
न किंचिदपि यः पश्येत्स पश्येत्तत्वमात्मनः ॥८४॥

અક્ષરાર્થ— અધ્યાત્મ જ્ઞાનના બીજરૂપ ઉદાસીનપણાને સતેજ કરનાર જે પુરૂષ કાંઇ પણ જોતો નથી, તે પુરૂષ આત્મ તત્વને જુવે છે. ૮૪

વિવેચન—ગ્રંથકાર આત્મ તત્વને જોનાર કેવો પુરૂષ હોય છે? તે વિષે જણાવે છે. જે પુરૂષ ઉદાસીનપણાને સતેજ કરે છે, એટલે જેનામાં સામ્યગુણ છે, તે પુરૂષ બીજું કાંઇ પણ જોતો નથી; એટલે જે કાંઇ તે જુવે છે, તે બધું તેને અનિત્ય લાગે છે, તેથી તેની જ્ઞાનમય દ્રષ્ટિમાં જોવામાં કાંઇ પણ આવતું નથી; અર્થાત્ સાંસારિક પદાર્થો તરફ તેની ઉદાસીનતા છે, એટલે પછી તેને આત્મ તત્વનું દર્શન થાય છે. વળી તે ઉદાસીનતા કેવી છે? કે જે અધ્યાત્મ જ્ઞાનનું બીજરૂપ છે, એટલે અધ્યાત્મ જ્ઞાનનું કારણ ઉદાસીનતા છે. કહેવાની મતલબ એ છે કે જેનામાં ઉદાસીનતા—મધ્યસ્થપણું અર્થાત્ સામ્ય હોય, તેને અધ્યાત્મ જ્ઞાન થાય છે, અને અધ્યાત્મ જ્ઞાનથી આત્મ તત્વનું દર્શન થાય છે, માટે ભવ્ય પ્રાણીએ સામ્યગુણ ધારણ કરવો, કે જેથી અધ્યાત્મ જ્ઞાન પ્રાપ્ત થાય, અને તે પછી આત્મ તત્વની પ્રાપ્તિ થાય છે. જ્યારે આત્મ

તત્વની પ્રાપ્તિ થઇ, પછી તેને કાંઇ પણ બેવાનું રહેતું નથી. ૮૪

નિઃસંગ થઇ સામ્યગુણને ધારણ કરનારા પુરૂષની બુદ્ધિ યોગ વિદ્યામાં પ્રવેશ કરે છે.

निःसंगतां पुरस्कृत्य यः साम्यमवलंबते ।
परमानंदजीवातौ योगेऽस्य क्रमते मतिः ॥ ८५ ॥

અક્ષરાર્થ—જે પુરૂષ નિઃસંગપણાને આગળ કરીને સામ્યગુણનો આશ્રય કરે છે, તે પુરૂષની બુદ્ધિ પરમાનંદને જીવન આપનારી યોગ વિદ્યામાં પ્રવેશ કરે છે. ૮૫

વિવેચન—ગ્રંથકાર હવે યોગ વિદ્યાનો અધિકાર કેવા પુરૂષને છે ? તે દર્શાવે છે. જે પુરૂષમાં સામ્યગુણ હોય, અને તે પણ નિઃસંગપણાની સાથે હોય, તો તે પુરૂષની મતિ યોગમાં પ્રવેશ કરે છે. કહેવાનો આશય એવો છે કે જે પુરૂષ કોઇનો સંગ કરે નહીં, અને સામ્યગુણ રાખે, એટલે સર્વત્ર સમાનભાવે વર્ત્તે, તે પુરૂષ યોગ વિદ્યાનો અધિકારી થાય છે. કદિ અહીં શંકા થાય કે યોગ વિદ્યાથી શો લાભ થાય છે ? તેને માટે ગ્રંથકાર લખે છે કે જે યોગ પરમાનંદને જીવન આપનાર છે, એટલે મોક્ષ સુખને આપનારો છે. ભાવાર્થ એવો છે કે નિઃસંગ

પુરૂષ સામ્યગુણનું અવલંબન કરે, તો તેને પરમાનંદદાયક એવી યોગ વિદ્યા પ્રાપ્ત થાય છે, માટે હમેશાં નિઃસંગ થઈ, સામ્યગુણને ધારણ કરવો, કે જેથી મોક્ષ સુખને આપનારા યોગમાં બુદ્ધિનો પ્રવેશ થાય. ૮૫

સકપટ એવા નિઃસંગથી પણ સંપત્તિઓ
પ્રાપ્ત થાય છે, અને જો તે નિષ્કપટ
હોય, તોં તેનાથી મોક્ષપદ દુર નથી.

दंभजादपि निःसंगाद् भवेयुरिह संपदः ।
निःछद्मनः पुनस्तस्मात् किं दवीयः परंपदम् ॥८६॥

અક્ષરાર્થ—આ લોકમાં દંભવડે કરેલા નિઃસંગપણાથી પણ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે, તો જો તે નિઃસંગપણું નિષ્કપટ હોય, તો તેનાથી મોક્ષપદ અતિ દુર કેમ હોય? અર્થાત્ નજ હોય. ૮૬

વિવેચન—હવે ગ્રંથકાર નિઃસંગપણાનું માહાત્મ્ય દર્શાવે છે. નિઃસંગપણું એ મોટામાં મોટો ગુણ છે, જો કદિ તે નિઃસંગપણું દંભથી કરવામાં આવ્યું હોય, તોપણ તેનાથી સંપત્તિઓ પ્રાપ્ત થાય છે, તો તે જો નિષ્કપટપણે આચર્યું હોય, તો પછી મોક્ષપદ દુર રહેતુંજ નથી. સંગનો અર્થ આસક્તિ થાય છે. કોઈ પણ પદાર્થમાં આસક્તિ રાખવી ન જોઈએ. આ-

સક્તિ રાખવાથી અનેક જાતની વિપત્તિઓ આવી પડે છે. જો કોઇ પણ પદાર્થ ઉપર આસક્તિ ન રાખે, તો તે માણસને સંપત્તિ—સુખ પ્રાપ્ત થાય છે. કદિ તેવી આસક્તિ દંભથી પણ રાખી હોય, તો તે સંપત્તિનું પાત્ર બને છે, તો જો તે નિઃસંગ વૃત્તિથી શુદ્ધ ભાવે રાખી હોય, તો પછી તે માણસથી પરમપદ—શિવપદ જરા પણ દુર નથી. અર્થાત્ તે મોક્ષપદનો અધિકારી થાય છે.

કહેવાનો આશય એવો છે કે દરેક ભવ્ય પ્રાણીએ નિઃસંગતાનો ગુણ ધારણ કરવો. કોઇ પણ પદાર્થ ઉપર અતિ આસક્તિ રાખવી નહીં. એવા ગુણથી મોક્ષપદની પ્રાપ્તિ સત્વર થાય છે. ૮૬

## નિઃસંગપણાથી અનિર્વચનીય સુખ પ્રાપ્ત થાય છે.

संगावेशान्निवृत्तानां माभून्मोक्षोवशंवदः ।
यत्किंचन पुनः सौख्यं निवक्तुं तन्न शक्यते ॥८७॥

અક્ષરાર્થ—સંગના આવેશથી નિવૃત્ત થએલા પુરૂષોને કદિ મોક્ષ વશ ભલે ન થાય, પણ તેનાથી જે સુખ પ્રાપ્ત થાય, તે અનિર્વચનીય છે—કહી શકાય તેવું નથી. ૮૭

વિવેચન—જે પુરૂષો સંગના આવેશથી રહિત છે, એટલે

જેઓ કોઇમાં આસક્ત થતા નથી, તેવા પુરૂષોને અવશ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે. તે છતાં કદિ કર્મયોગે તેમને મોક્ષ વશ ન થાય, તોપણ નિઃસંગપણામાં જે સુખ પ્રાપ્ત થાય છે, તે સુખ અનિર્વચનીય છે, તે સુખનો આનંદ વચનથી કહી શકાય તેવો નથી. કહેવાનો આશય એવો છે કે, સુખ એટલે નિશ્ચિંતપણું, તે નિશ્ચિંતપણું નિઃસંગપણામાંજ રહેલું છે; જ્યારે માણસને કોઇ પદાર્થ કે સ્ત્રી પુત્રાદિકમાં આસક્તિ હોય છે, ત્યારે તેના હૃદયમાં ચિંતા થયા કરે છે; જેમકે "રખેને મારાં સ્ત્રી પુત્રાદિકને કાંઇ પીડા થાય, અથવા આ મારો પ્રિય પદાર્થ નષ્ટ થઇ જાય," આવી ચિંતાથી તેના હૃદયમાં સતત દુઃખ થયા કરે છે, પણ જો નિઃસંગપણું હોય તો, તેના હૃદયમાં બીલકુલ ચિંતા થતી નથી, અને સર્વની ઉપર સમાનભાવ હોવાથી તેને અનુપમ આનંદ પ્રાપ્ત થાય છે, તેથી ઉત્તમ પુરૂષોએ સર્વદા નિઃસંગ વૃત્તિ રાખવી જોઇએ. ૮૭

## આ ભવસાગર ભયંકર છે.

**स्फुरतृष्णालताग्रंथिर्विषयावर्त्तदुस्तरः ।**
**क्लेशकल्लोलहेलाभिर्भैरवो भवसागरः ॥ ८८ ॥**

અક્ષરાર્થ—આ સંસારરૂપ સમુદ્ર કે જેની અંદર તૃષ્ણારૂપી લતાની ગ્રંથિઓ સ્ફુરણાયમાન થાય છે. વિષયરૂપ આવર્ત્ત [ ઘુમરી ]થી તે દુસ્તર છે, અને ક્લેશરૂપ તરંગોની ક્રીડાઓથી ભયંકર છે. ૮૮

વિવેચન—સમુદ્રની અંદર લતાઓની ગ્રંથિઓ, ઘુમરીઓ અને કલ્લોલના ઉછાળા હોય છે, તેથી તે ભયંકર લાગે છે, તેવી રીતે આ સંસાર એક મહાસાગર છે, તેની અંદર તૃષ્ણારૂપ લતાઓની ગ્રંથિઓ રહેલી હોય છે. વિષયરૂપ ઘુમરીઓ થયા કરે છે, અને કલેશરૂપી કલ્લોલની ક્રીડાઓ ઉદ્ભવે છે; તેથી એ ભવસાગર ઘણોજ ભયંકર છે. કહેવાની મતલબ એવી છે કે, સંસારમાં પ્રાણીઓને તૃષ્ણાઓ ગ્રંથિની જેમ બાંધી લે છે, વિષયો જળની ભમરીની જેમ દુઃખ આપે છે, અને કલેશો ઉછળતા કલ્લોલની જેમ ઉછળી ઉછળીને કષ્ટો આપે છે, તેથી દરેક ભવિ પ્રાણીએ તે ભવસાગર તરી શકાય, તેવો ઉપાય કરવો, નહીં તો ચતુર્વિધ ગતિઓથી એ ભયંકર ભવસાગરની અંદર ભમી ભમી મહાન્ કષ્ટ ભોગવવાં પડશે. ૮૮

## તે ભવસાગરને તરવાને સમતારૂપ નાવિકામાં બેસવું જોઇએ.

**विदलद्बंधकर्माणमद्भुतां समतातरीम् ।**
**आरुह्य तरसा योगिन् तस्य पारीणतां श्रय ॥८९॥**

અક્ષરાર્થ—હે યોગી ! જેના બંધ કર્મ તુટી ગયા છે, એવી સમતા [ સામ્ય ]રૂપ અદ્ભુત નાવિકામાં બેસી સત્વર તે ભવ સમુદ્રનો પાર પામ. ૮૯

વિવેચન—આ શ્લોકમાં ગ્રંથકાર સમતાને એક નાવિકાનું રૂપક આપે છે, સમતા એક નાવિકા છે, તે લૌકિક નાવિકાથી અદ્ભુત છે, લૌકિક નાવિકામાં બંધ[1] કર્મ હોય છે, ત્યારે આ સમતારૂપ નાવિકા બંધ કર્મ વગરની છે, એટલે સમતા હોય, ત્યાં કર્મના બંધ હોતા નથી, તેથી તે અદ્ભુત નાવિકા છે; જેમ લૌકિક નાવિકા ઉપર આરૂઢ થઇને માણસ સમુદ્રનો પાર પામે છે, તેમ એ સમતારૂપ નાવિકા ઉપર બેસીને આ સંસારરૂપ સમુદ્રનો પાર પમાય છે. તેથી યોગી એટલે મન, વચન, અને કાયાના યોગને વશ કરનાર મહા મુનિ તેને ઉદ્દેશીને ગ્રંથકાર કહે છે કે, હે યોગી ! જો તારે સંસારરૂપ સમુદ્રનો પાર પામવો હોય તો, તું સમતારૂપ નાવિકા ઉપર આરૂઢ થજે; એટલે સમતા ગુણને ધારણ કરજે, જેથી તારા કર્મના બંધ ગળી જશે, એટલે તું આ સંસારમાંથી મુક્ત થઇ મોક્ષના સુખનું ભાજન થઇ. ૮૯

## સમતા વિના તપ નકામું છે.

शीर्णपर्णाशनप्रायैर्यन्मुनिस्तप्यते तपः ।
औदासीन्यं विना विद्धि तद्भस्मनि हुतोपमम् ॥९०॥

અક્ષરાર્થ—મુનિ સુકાં પાત્રાંનો આહાર કરવાના જે તપ કરે છે, તે તપ સમતા વિના રક્ષામાં હોમેલા પદાર્થના જેવા જાણો. ૯૦

[1] દોરના બંધ.

વિવેચન—મુનિઓ—મનનશીળ ઋષિઓ ગમે તેટલું તપ કરે, પણ જો તેમનામાં ઉદાસીનતા એટલે સમાનભાવ ન હોય તો, તે અગ્નિની રાખમાં હોમેલાના જેવું નિરર્થક છે; જેમ અગ્નિ વિના તેની રક્ષામાં ગમે તેટલો હોમ કરે, તોપણ તે હોમ નકામો છે, તેવી રીતે મુનિઓ સુકાં પાત્રાં ખાઇને તપશ્ચર્યા કરે, અથવા વાયુ ભક્ષણ કરી તપસ્યા કરે, તોપણ તે સામ્ય વિના—સમભાવ વિના કાંઇ પણ ફળદાયક નથી. કહેવાનો આશય એવો છે કે, જગતના બધા પદાર્થો ઉપર સમભાવ રાખે, એટલે શત્રુ અને મિત્ર ઉપર, સુવર્ણ અને માટી ઉપર તથા સ્ત્રી અને તૃણ ઉપર સમાન દ્રષ્ટિએ જુએ, તે ખરેખરો તપસ્વી છે. અર્થાત્ સામ્ય ગુણ તપસ્યાથી પણ અધિક છે. ૯૦

## તપસ્યાથી પણ કોઇ વાર બંધન થાય છે.

येनैव तपसा प्राणी मुच्यते भवसंततेः ।
तदेव कस्यचिन्मोहाद् भवेद्बंधनिबंधनम् ॥९१॥

અક્ષરાર્થ—જે તપથી પ્રાણી આ સંસારની પરંપરાથી મુક્ત થાય છે, તેજ તપ કોઇ પુરૂષના મોહને લઇ સંસારના બંધનું કારણરૂપ થાય છે. ૯૧

વિવેચન—તપના બે પ્રકાર છે. એક સકામ તપ અને બીજું નિષ્કામ તપ. કાંઇ કામ, એટલે નિદાન ( નીયાણું ) બાંધીને તપ કરવું, તેવું તપ પ્રાણીને મોહ ઉત્પન્ન કરે છે,

અને તે મોહને લઇને સંસારનું બંધન દ્રઢ થાય છે, માટે તેવું તપ નહીં કરતાં નિષ્કામ એટલે નિયાણા રહિત તપ કરવું જોઇએ, અને તેવાં શુદ્ધ તપથી પ્રાણી આ સંસારના બંધનમાંથી મુકત થઇ જાય છે તેવાં શુદ્ધ તપમાં કેવો ગુણ જોઇએ ? તે વિચાર કરતાં જણાશે કે તે ગુણ સમતા—સામ્યનો છે. સામ્યગુણને ધારણ કરી, જો તપસ્યા આચરવામાં આવે, તો તે પ્રાણી આ સંસારની પરંપરામાંથી મુકત થઇ જાય છે, તેથી દરેક ભવિ પ્રાણીએ સમતા ગુણને ધારણ કરી, નિષ્કામ—નિયાણા રહિત તપસ્યા કરવી જોઇએ. આ બધા ઉપરથી સિદ્ધ થયું કે જે તપસ્યાથી પ્રાણી સંસારની પરંપરામાંથી મુક્ત થઇ જાય છે, તેનું તેજ તપ મોહને લઇને કરવામાં આવે, તો તે પ્રાણીને ઉલટું સંસારનું બંધનરૂપ થઇ પડે છે, પણ જો સામ્ય ભાવ ધારણ કરી, મોહ રહિતપણે કરવામાં આવ્યું હોય, તો પ્રાણીને અવશ્ય મોક્ષનું કારણરૂપ થાય છે.

આ ઉપરથી એમ સમજવું નહીં કે તપસ્યાથી બધાને મુક્તિનો રોધ થાય છે, તપસ્યાથી ઘણાઓને અવશ્ય મુક્તિ મળે, એ તો નિર્વિવાદ વાત છે. સંસારનું બંધન તો મોહને લઇને કોઈજ પ્રાણીને થાય છે, તેથીજ મૂળમાં ' कस्यचित् ' ' કોઈને ' એ પદ મુકેલું છે. ૯૧

## સંતોષથી અનિર્વાચ્ય આનંદ ઉત્પન્ન થાય છે.

संतोषः संभवत्येष विषयोपप्लवं विना ।
तेन निर्विषयं कंचिदानंदं जनयत्ययम् ॥ ९२ ॥

અક્ષરાર્થ— વિષયોના ઉપદ્રવ વિના એવો સંતોષ ઉત્પન્ન થાય છે કે જેથી એ સંતોષ વિષય વગરના કોઇ [ અનિર્વાચ્ય ] આનંદને ઉત્પન્ન કરે છે. ૯૨

વિવેચન— ઉપર તપશ્ચર્યામાં વિઘ્ન કરનાર મોહ છે એમ કહ્યું, તે મોહ વિષયોથી ઉત્પન્ન થાય છે, અને વિષયો સંતોષમાં વિઘ્ન કર્ત્તા છે, તે જણાવવાને ગ્રંથકાર આ શ્લોકથી સૂચના કરે છે. સંતોષ એ મનનો ધર્મ છે, અને મનની વૃત્તિઓને ખેંચનારા વિષયો છે, તેથી સંતોષ ગુણ ઉત્પન્ન થવામાં વિષયો વિઘ્નરૂપ થાય છે, અને તે વિષયોના વિઘ્નોને લઇને મન સંતોષને ઉત્પન્ન કરી શકતું નથી, માટે વિષયોનો ઉપદ્રવ ખરેખર સંતોષને અટકાવે છે. તેથી ગ્રંથકાર કહે છે કે " વિષયોનો ઉપદ્રવ ન હોય, તોજ સંતોષ ઉત્પન્ન થાય છે. એ સંતોષ ગુણ શું કરે છે ? એટલે સંતોષના ગુણથી મનુષ્ય પ્રાણીને શો લાભ થાય છે ? તેને માટે ગ્રંથકાર કહે છે કે તે સંતોષ કોઇ જાતના નિર્વિષય આનંદને ઉત્પન્ન કરે છે. તે આનંદ મુખેથી કહી શકાય તેવો નથી, તે અનિર્વાચ્ય આનંદ છે, માટે સર્વદા સંતોષ ગુણ ધારણ કરવો, અને તેવા આનંદદાયક સંતોષને ઉપદ્રવ કરનાર વિષયોને દુર કરવા. ૯૨

નિઃસ્પૃહ પુરૂષને પરબ્રહ્મની સંવિત્તિ [ જ્ઞાન ]
સ્વયં આલિંગન કરે છે.

**वशीभवंति सुंदर्यः पुंसां व्यक्तमनीहया ।**
**यत्परब्रह्मसंवित्तिर्निरीहं श्लिष्यति स्वयम् ॥९३॥**

અક્ષરાર્થ—નિઃસ્પૃહ પુરૂષને પરબ્રહ્મની સંવિત્તિ [ જ્ઞાન ] પોતેજ આલિંગન કરે છે. કારણ કે સુંદર સ્ત્રીઓ સ્પૃહા વગરના પુરૂષને પોતાની મેળે વશ થાય છે, એ વાત સ્પષ્ટ છે. ૯૩

વિવેચન—જેનામાં સંતોષ ગુણ હોય, તે પુરૂષ નિઃસ્પૃહ રહે છે, તેવા નિઃસ્પૃહ પુરૂષને શો લાભ થાય ? તે ગ્રંથકાર વર્ણવે છે. જગતમાં એવો નિયમ છે કે જે પુરૂષ સ્પૃહા રાખે નહીં, તેને સુંદર સ્ત્રીઓ પોતાની મેળે વશ થઇ જાય છે. સ્પૃહા રાખનાર પુરૂષની તરફ સ્ત્રીઓ તેવી રીતે વર્ત્તતી નથી. કારણ કે ચતુર સ્ત્રીઓ જો પુરૂષની ગરજ જુવે, તો તેની તરફ અનાદર બતાવતી જાય છે, અને પુરૂષને પોતાને તાબે કરી, પોતે સ્વતંત્ર થતી જાય છે; પણ જો પુરૂષ નિઃસ્પૃહ રહે, તો સ્ત્રીઓ પોતાની મેળેજ તેને વશ થાય છે. આ લૌકિક દ્રષ્ટાંત આપી, ગ્રંથકાર પ્રસ્તુત વિષયમાં આ પ્રમાણે મેળવે છે—બ્રહ્મ સંવિત્તિ એટલે બ્રહ્મજ્ઞાન. સંવિત્તિ એ સ્ત્રીલિંગ જાતિથી સ્ત્રી છે, તેથી તે સ્પૃહા રહિત એવા પુરૂષને પોતાની મેળે આલિંગન કરે છે. કહેવાનો ભાવાર્થ એવો છે કે નિઃસ્પૃહ પુરૂષને બ્રહ્મજ્ઞાન સ્વતઃ પ્રાપ્ત થાય છે, એ વાત નિર્વિવાદ છે. ૯૩

## સમતારૂપ લતા કોઇ અનિર્વાચ્ય સુગંધ આપે છે.

सूते सुमनसां कंचिदामोदं समतालता ।
यद्वशादाप्नुयुः सख्यसौरभं नित्यवैरिणः ॥ ९४॥

અક્ષરાર્થ—સમતારૂપ લતા સુમનસ્—સારા મનવાળાને અથવા પુષ્પોના કોઇ અનિર્વાચ્ય સુગંધને ઉત્પન્ન કરે છે, જેને લઇને નિત્ય વૈર રાખનારાં પ્રાણીઓ પણ મિત્રપણારૂપ ખુશબોને પ્રાપ્ત કરે છે. ૯૪

વિવેચન—લોકમાં જેમ લતા પુષ્પની સુગંધને ઉત્પન્ન કરે છે, અને તે ખુશબોને બીજાઓ મેળવે છે, તેવી રીતે સમતારૂપી લતા કોઇ અનિર્વાચ્ય ખુશબોને ઉત્પન્ન કરે છે. સુમનસ્ એ શબ્દના અર્થ બે રીતે થાય છે. લતાપક્ષે સુમનસ્ એટલે પુષ્પ અને સમતાપક્ષે સુમનસ્ એટલે સારા મનવાળા પંડિતો, એમ બે અર્થ ઘટાવાય છે. લતા પુષ્પોને સુગંધ ઉત્પન્ન કરે છે, ત્યારે સમતા સારા મનવાળા વિદ્વાનોને આમોદ—હર્ષ ઉત્પન્ન કરે છે. જેમ લતાનાં પુષ્પોમાં ઉત્પન્ન થએલ સુગંધ બીજાને પોતાની ખુશબો આપે છે, તેવી રીતે સમતારૂપ લતા પોતામાં ઉત્પન્ન થએલ સુગંધ બીજાઓને આપે છે. તે સુગંધ શું છે, અને તે કોને સુગંધ આપે છે ? સમતારૂપ લતાના પુષ્પમાંથી જે સુગંધ ઉત્પન્ન થાય છે, તે સુગંધ કોઈ અનિર્વચનીય છે, જેમાંથી નિત્યના વૈરીઓ મિત્રતારૂપ સુગંધને પ્રાપ્ત કરે છે. કહેવાનો આશય એવો છે કે જો સમતા ગુણ હોય, તો હમેશાં વૈરવાળાં પ્રાણીઓ પણ મિત્ર થઇને રહે છે, માટે સમતા ગુણને ધારણ કરવો જોઈએ. ૯૪

## મુમુક્ષુઓ સામ્યરૂપી બ્રહ્માસ્ત્ર લઇને મોહરૂપ રાક્ષસરાજની સેના ઉપર વિજય મેળવાય છે.

**साम्यब्रह्मास्त्रमादाय विजयंतां मुमुक्षुवः ।**
**मायाविनीमिमां मोहरक्षोराजपताकिनीम् ॥९५॥**

અક્ષરાર્થ—મુમુક્ષુ જન સામ્યરૂપ બ્રહ્માસ્ત્રને લઇને મોહરૂપ રાક્ષસરાજની આ માયાવી સેના ઉપર વિજય મેળવો. ૯૫

વિવેચન—આ સંસારમાં મોહ અને તેના આશ્રિત બીજા મોહોત્પાદક પદાર્થોને જીતવા અતિશય મુશ્કેલ છે, તે દર્શાવવાને ગ્રંથકાર મોહને એક રાક્ષસરાજનું રૂપક આપે છે; જેમ રાક્ષસોના સ્વામીની સેના ઘણી માયાવી હોય છે, તેથી તે ઉપર વિજય મેળવવો ઘણો અશક્ય છે, તેવી રીતે મોહ એક રાક્ષસરાજ છે. રાક્ષસના જેવો ભયંકર છે, તેની સેના પણ તેના જેવીજ ભયંકર છે. વળી અતિશય માયાવી છે, માટે તેની ઉપર વિજય મેળવવામાં કોઇ ઉત્તમ હથીયારની જરૂર છે, તે હથીયાર એવું જોઇએ, કે જે તે રાક્ષસપતિની સેનામાં અપ્રતિહત રહે, એવું હથીયાર તો એક બ્રહ્માસ્ત્રજ છે. બ્રહ્માસ્ત્રની આગળ રાક્ષસની માયા ચાલતી નથી, માટે ગ્રંથકાર કહે છે કે, જેઓ મુમુક્ષુ છે—આ સંસારમાંથી મુક્ત થવાને ઇચ્છનારા છે, તેઓએ જો એ મોહરૂપ રાક્ષસપતિની માયાવી સેના ઉપર

વિજય મેળવવો હોય તો, તેમણે સામ્ય--સમાનભાવ—રૂપ બ્રહ્માસ્ત્રને લઇ તે ઉપર વિજય મેળવવો. કહેવાનો ભાવાર્થ એવો છે કે, મોક્ષની ઇચ્છા રાખનારાં પ્રાણીઓએ હમેશાં સામ્યગુણ રાખવો, તે સામ્યગુણથી મોહ તથા તેની સેના એટલે મોહોત્પાદક પદાર્થો તેને નડી શકશે નહીં. ૯૫

કવિ કલ્પિત અમૃતને મેળવવાની ઇચ્છાથી
તેમાં મોહ કરવો નહીં. મોક્ષપદને માટે
સામ્યગુણને સેવવો જોઇએ.

मा मुहः कविसंकल्पकाल्पितामृतलिप्सया ।
निरामयपदप्राप्त्यै सेवस्व समतासुधाम् ॥९६॥

અક્ષરાર્થ—અરે ભાઇ ! કવિ લોકોએ મનના ઉઠાવથી કલ્પેલાં અમૃતને મેળવવાની ઇચ્છાથી મોહ પામ નહીં, પણ મોક્ષપદની પ્રાપ્તિ માટે સમતારૂપ અમૃતનું સેવન કર. ૯૬

વિવેચન—ગ્રંથકાર મોહમાં લીન થએલાં પ્રાણીને બોધ આપે છે—હે મૂઢ પ્રાણી ! તું કવિઓએ મનના ઉઠાવથી કલ્પેલા અમૃતને મેળવવાની ઇચ્છાથી મોહ પામીશ નહીં, તે મનના ઉઠાવથી કલ્પેલું અમૃત ખોટું છે. જો તારે ખરેખરા અમૃતની ઇચ્છા હોય, તો સામ્ય—સમતા—રૂપ અમૃતનું સેવન કર; એ અમૃતના સેવનથી તને મોક્ષપદની પ્રાપ્તિ થશે.

સાહિત્ય શાસ્ત્રમાં કવિઓની કલ્પનાઓ પ્રખ્યાત છે. કવિઓ સ્ત્રીઓના અધરમાં અમૃત કલ્પે છે. મૂઢ લોકો તેમાં મોહ પામીને, તે અમૃત મેળવવા પ્રયત્ન કરે છે, માટેજ ગ્રંથકાર બોધ આપે છે કે, હે મૂઢ પ્રાણી ! તું કવિએ કલ્પેલા અમૃતમાં મોહ પામીશ નહીં. તે ખરેખરૂં અમૃત નથી, પણ પરિણામે વિષરૂપ છે. જો તારે ખરેખરા અમૃતની ઈચ્છા હોય, તો સમતારૂપ અમૃતનું સેવન કર; વળી પેલા કવિ કલ્પિત અમૃતથી તને સામ્ય—રોગવાળા પદની પ્રાપ્તિ થશે. કારણ કે વિષયનું વિષરૂપ અમૃત અતિશય સેવવાથી રોગી થવાય છે, અને સામ્યરૂપ અમૃતના સેવનથી નિરામય—રોગ રહિત પદની અર્થાત્ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. કહેવાની મતલબ એ છે કે, ભવ્ય પ્રાણીએ હમેશાં સમતાનું સેવન કરવું, કે જેથી મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે. ૯૬

## યોગ ગ્રંથરૂપ મહાસાગરને મથન કરી સામ્યરૂપ અમૃતની પ્રાપ્તિ કરવી જોઇએ.

**योगग्रंथमहांभोधिमवमथ्य मनोमथा ।**
**साम्यामृतं समासाद्य सद्यः प्राप्नुहि निर्वृतिम् ॥९७॥**

અક્ષરાર્થ—હે પ્રાણી ! યોગ ગ્રંથરૂપ મહાસાગરને મનરૂપ રવૈયાથી મથન કરી સમતારૂપ અમૃતને પ્રાપ્ત કરી તત્કાળ સુખી થા. ૯૭

વિવેચન—ગ્રંથકાર સમતા ગુણની પ્રાપ્તિને માટે યોગ-

શાસ્ત્રના ગ્રંથનું અવગાહન કરવાનો બોધ આપે છે—હે ભવ્ય પ્રાણી ! જો તારે સત્વર સુખ પ્રાપ્ત કરવું હોય, તો સમતારૂપ અમૃતને સંપાદન કર. લૌકિકમાં એવી કથા કહેવાય છે કે, પૂર્વે સમુદ્રને મથન કરી, તેમાંથી દેવતાઓએ અમૃત કાઢયું હતું; એ લૌકિક દૃષ્ટાંત લઇને ગ્રંથકાર કહે છે કે, હે પ્રાણી ! જો તારે સમતારૂપ અમૃત મેળવવું હોય તો, તું યોગશાસ્ત્રના ગ્રંથરૂપ સમુદ્રનું મથન કરજે. મથન કરવામાં રવૈયાની જરૂર પડે છે, તો કહે છે કે, મનરૂપ રવૈયાથી યોગશાસ્ત્રના ગ્રંથરૂપ સાગરનું મથન કરજે; જેથી તું સમતારૂપ અમૃતને પ્રાપ્ત કરીને સુખી થઇશ. કહેવાની મતલબ એવી છે કે, જો સમતા ગુણ પ્રાપ્ત કરવો હોય, તો યોગશાસ્ત્રના અભ્યાસમાં મનને લગાડી દેવું. મનનો નિગ્રહ યોગશાસ્ત્રથી થઇ શકે છે, અને તે મનોનિગ્રહ કરવાથી સમતા ગુણ પ્રાપ્ત થાય છે, કે જેનાથી શાંતિસુખ તત્કાળ મેળવી શકાય છે. ૯૭

મૈત્રી વિગેરેના સુગંધથી યુક્ત એવા પુરૂષની
પાસે સિદ્ધિઓરૂપ ભ્રમરીઓ સ્વેચ્છાથી
આવે છે.

**मैत्र्यादिवासनामोदसुरभीकृतदिङ्मुखम् ।**
**पुंमांसं ध्रुवमायांति सिद्धिभृंगांगनाः स्वयम् ॥९८॥**

અક્ષરાર્થ— મૈત્રી વિગેરેની વાસનારૂપ સુગંધથી જેણે દિશાઓનાં મુખને સુગંધી કરેલાં છે,

એવા પુરૂષની પાસે સિદ્ધિઓરૂપ ભ્રમરીઓ પોતાની મેળે જરૂર આવે છે. ૯૮

વિવેચન—યોગશાસ્ત્રમાં ધર્મ ધ્યાનના ઉપકારને માટે ચાર બાબત વર્ણવેલી છે. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, અને માધ્યસ્થ્ય આ ચાર ગુણથી ધર્મ ધ્યાનના ઉપકાર થાય છે. જે પુરૂષમાં એ ચાર ગુણની વાસના હોય, તે પુરૂષ યોગ વિદ્યાનો અધિકારી થઇ શકે છે. તેવા ગુણની વાસના જે પુરૂષમાં હોય, તે જગતને પોતાની ગુણની વાસનાથી સુગંધી કરી મુકે છે. એવા યોગીની પાસે સિદ્ધિઓ—લબ્ધિઓ પોતાની મેળે પ્રાપ્ત થાય છે. જેમ સુગંધી પદાર્થ ઉપર ભ્રમરીઓ પોતાની મેળે આવે, તેમ મૈત્રી વિગેરેની વાસનાથી સુગંધ ફેલાવનારા યોગી પુરૂષની પાસે સિદ્ધિઓ સ્વયમેવ પ્રાપ્ત થાય છે. કહેવાનો આશય એવો છે કે સામ્યગુણથી યોગ વિદ્યાના અધિકારી થએલા પુરૂષને જો ઇચ્છા હોય, તો સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે, માટે સામ્યગુણ સર્વોત્તમ છે. ૯૮

## સામ્યગુણવાળા પુરૂષને કર્મો પોતાની મેળેજ છોડી દે છે.

**औदासीन्योल्लसन्मैत्रीपवित्रं वीतसंभ्रमम् ।**
**कोपादिव विमुंचंति स्वयं कर्माणि पूरुषम् ॥ ९९ ॥**

અક્ષરાર્થ—ઉદાસીનતા—સામ્યગુણથી ઉલ્લાસ પામતા મૈત્રી ગુણથી પવિત્ર થએલા, અને સંભ્ર-

મથી રહિત એવા પુરૂષને કર્મો પોતાની મેળે જાણે કોપથી હોય, તેમ કર્મો છોડી દે છે. ૯૯

વિવેચન— સામ્યગુણથી બીજો શો લાભ થાય છે? તેને માટે ગ્રંથકાર લખે છે. જે પુરૂષમાં સામ્યગુણ હોય, તે પુરૂષમાં મૈત્રીગુણ પ્રાપ્ત થાય છે. જ્યારે મૈત્રીગુણ પ્રાપ્ત થયો, એટલે તે પુરૂષમાં સંભ્રમને દોષ રહેતો નથી. જ્યારે મૈત્રીગુણ પ્રાપ્ત થયો, અને સંભ્રમ દોષ ઉડી ગયો, ત્યારે તેવા પુરૂષને કર્મો પોતાની મેળે છોડી દે છે. સંભ્રમ દોષની સાથે કર્મની મૈત્રી છે, અને સામ્ય તથા મૈત્રીગુણની સાથે તેને દ્વેષ છે, તેથી તેવા પુરૂષની ઉપર કર્મ જાણે કોપ કરતાં હોય, તેમ તેને પોતાની મેળે છોડી દે છે. કહેવાનો આશય એવો છે કે દરેક ભવ્ય પ્રાણીએ સામ્યગુણને ધારણ કરવો. સામ્યગુણથી મૈત્રીગુણ આવે છે, અને મૈત્રીગુણથી સંભ્રમ દોષ દુર થાય છે, પછી તે પુરૂષને કર્મનો બંધ થતો નથી. ૯૯

કેવળ યોગ ઉપર શ્રદ્ધા રાખી, નિત્ય આવશ્યક કર્મનો ત્યાગ કરવો ન જોઇએ.

योगश्रद्धालवो ये तु नित्यकर्मण्युदासते ।
प्रथमे मुग्धबुद्धीनामुभयभ्रंशिनो हि ते ॥ १०० ॥

અક્ષરાર્થ— જે પુરૂષો કેવળ યોગ ઉપર શ્રદ્ધા રાખી, બીજાં નિત્ય કર્મ—આવશ્યક કર્મ

ઉપર ઉદાસી રહે છે, તેઓ મુગ્ધ બુદ્ધિવાળા પુરૂષોમાં મુખ્ય છે, અને ઉભય ભ્રષ્ટ થાય છે. ૧૦૦

વિવેચન— ગ્રંથકાર કહે છે કે યોગ વિદ્યાનું સાધન ઉત્તમ છે, પણ તે ઉપર એકલી શ્રદ્ધા રાખી, સામાયિક—પ્રતિક્રમણ વિગેરે આવશ્યક કર્મનો ત્યાગ કરવો ન જોઇએ. કારણ કે કેવળ યોગ વિદ્યાથી આત્મબોધ થતો નથી. આત્મબોધમાં આવશ્યક વિગેરે નિત્ય કર્મ કરવાની જરૂર છે. જે પુરૂષો એકલા યોગ ઉપર શ્રદ્ધા રાખી, આવશ્યાદિ નિત્ય કર્મ છોડી દે છે, તે પુરૂષો મૂર્ખના અગ્રેસર છે. કારણ કે નિત્ય કર્મનો ત્યાગ કરવાથી ઉભય ભ્રષ્ટ થવાય છે, એટલે તેઓ આવશ્યક ક્રિયા અને યોગ વિદ્યા બન્નેમાંથી ભ્રષ્ટ થાય છે. કહેવાનો આશય એવો છે કે આવશ્યકાદિ નિત્ય ક્રિયા છોડી કેવળ યોગ વિદ્યા સાધવી નહીં, તેમ કરવાથી ઉભય ભ્રષ્ટ થવાય છે. ૧૦૦

## નિવૃત્તિથી મોક્ષ લક્ષ્મી મળે છે.

प्रातिहार्यमियं धत्ते निवृत्तिर्निवृत्तिश्रियः ।
य एव रोचतेऽमुष्यै तां स एव हि पश्यति ॥१०१॥

અક્ષરાર્થ— આ નિવૃત્તિ [ ઉપરતિ ] મોક્ષ લક્ષ્મીની પ્રતિહારીનું કામ કરે છે, તેથી જે માણસ એ નિવૃત્તિને ગમે, તે માણસ મોક્ષ લક્ષ્મીને જોઈ શકે છે. ૧૦૧

વિવેચન— જેમ કોઇ મહાદેવીને મળવું હોય, તો પ્રથમ પ્રતિહારીને મળે, તો પછી તે મહાદેવીની મુલાકાત થઇ શકે છે, તેમ મોક્ષ લક્ષ્મીની પ્રતિહારી નિવૃત્તિ છે. તે નિવૃત્તિને જે પુરૂષ રૂચે—ગમે, તે પુરૂષ નિવૃત્તિની મારફત મોક્ષલક્ષ્મીની મુલાકાત લઇ શકે છે, માટે જો મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, તો પુરૂષે નિવૃત્તિ રાખવી. નિવૃત્તિનો અર્થ વિરતિ થાય છે. વિરતિ રાખવાથી મોક્ષ મળે છે. અવિરતિ રાખવાથી મોક્ષ મળતો નથી. ૧૦૧

## જેટલી નિવૃત્તિ તેટલું સુખ મળે છે.

**अहो वणिक्कला कापि मनसोऽस्य महीयसी ।**
**निवृत्तितुलया येन तुलितं दीयते सुखम् ॥१०२॥**

અક્ષરાર્થ—અહા ! આ મનની વણિક કળા કેવી મોટી છે ? કે જે મન નિવૃત્તિરૂપ ત્રાજવાથી તોળીને જેટલું જોઇએ તેટલું સુખ આપે છે. ૧૦૨

વિવેચન—ગ્રંથકાર આ શ્લોકથી મનને તોળનારનું, નિવૃત્તિને ત્રાજવાનું, અને સુખને તોળવાની વસ્તુનું રૂપક આપે છે; જેમ વાણીયો ત્રાજવાથી તોળીને કોઇ વસ્તુ આપે છે, તેવી મન પણ નિવૃત્તિરૂપી ત્રાજવાથી તોળીને સુખ આપે છે, એથી મનની વણિક કળા કેવી ચમત્કારી છે ? કહેવાની મતલબ એવી છે, કે મનમાં નિવૃત્તિ રાખવાથી સુખ મળે છે, અને તે નિવૃત્તિ જેટલી રાખીએ, તેટલુંજ સુખ મળી શકે છે, માટે દરેક શ્રાવકે હમેશાં મનમાં નિવૃત્તિ રાખવી જોઇએ. ૧૦૨

સામ્યગુણથી મન કલ્યાણમય બને છે.

साम्यदिव्यौषधिस्थेममाहिम्ना निहतक्रियम् ।
कल्याणमयतां धत्ते मनो हि बहु पारदम् ॥१०३॥

અક્ષરાર્થ—ઘણા પારાના જેવું ચંચળ મન સામ્યગુણરૂપ દિવ્ય ઔષધિના સ્થિરપણાના મહિમાથી ક્રિયા રહિત થઇ કલ્યાણમયપણું ધારણ કરે છે. ૧૦૩

વિવેચન—જેમ પારો દિવ્ય ઔષધિના ગુણથી સ્થિર થઇને સુવર્ણમય બની જાય છે, તેમ મન એક પારાના જેવું ચંચળ છે, તેમાં જો સામ્યગુણરૂપ દિવ્ય ઔષધિવડે સ્થિરપણું રખાવ્યું હોય તો, તે બીજી ક્રિયાઓ છોડી દઇને કલ્યાણમય બને છે, અર્થાત્ કલ્યાણ માર્ગમાં જાય છે. કહેવાનો આશય એવો છે કે, મન પારાના જેવું ચંચળ છે, માટે તેને સામ્ય—સમતા ગુણથી સ્થિર કરવું. સ્થિર કરેલું મન કલ્યાણકારી થાય છે. અહીં "પારદ"નો અર્થ એવો પણ થાય છે કે, જ્યારે મન સ્થિર થાય, ત્યારે તે આ સંસારના પારને પમાડે છે; જે પારને આપે, તે "પારદ" કહેવાય છે. ૧૦૩

આ સામ્યશતક ઘણાં શાસ્ત્રોનું કામ બજાવે છે.

भूयांसि यानि शास्त्राणि यानि संति महात्मनाम् ।
इदं साम्यशतं किंचित्तेषामंचलमंचतु ॥ १०४ ॥

અક્ષરાર્થ—મહાત્માઓના રચેલાં જે જે ઘણાં શાસ્ત્રો છે, તે તે શાસ્ત્રોના એક પ્રદેશને આ સામ્ય-શતક પ્રાપ્ત થાઓ. ૧૦૪

વિવેચન—હવે ગ્રંથકાર પોતાના ગ્રંથની કાંઇક ઉપયોગિતા દર્શાવે છે—આ સામ્યશતક એક લઘુ ગ્રંથ છે, તે કાંઇ મહાત્મા-ઓનાં રચેલાં મહાન્ શાસ્ત્રોના જેવું નથી, પણ જો તેનું બરાબર મનન કરવામાં આવે તો, તે એક મોટાં શાસ્ત્રોના એક પ્રદેશના જેવું કામ બજાવશે. તેથી મહાન્ શાસ્ત્રોની અપેક્ષાએ આ લઘુ ગ્રંથ થોડે ઘણે અંશે પણ ઉપયોગી થશે. ૧૦૪

આ ગ્રંથનું માહાત્મ્ય અને પ્રયોજન
દર્શાવે છે.

क्लेशावेशमपास्य निर्भरतरं ध्यातोऽपि यच्चेतसा,
सत्कल्याणमयत्वमाशु तनुते योगींद्रमुद्राभृताम्।
सोऽयं सिद्धरसः स्फुटं समरसो भावो मया
व्याकृतः,
श्रीमानद्भुतवैभवः सुमनसामानंद जीवातवे
॥ १०५ ॥

અક્ષરાર્થ—ક્લેશના આવેશનો ત્યાગ કરીને જે સામ્યભાવનું માત્ર પૂર્ણ રંગે ધ્યાન કર્યું હોય, તો-પણ તે યોગીંદ્રની મુદ્રાને ધારણ કરનારા પુરૂષોને

શુભ કલ્યાણમયપણું આપે છે, એવો આ સામ્ય-ભાવરૂપ સિદ્ધરસ કે જે મોક્ષ લક્ષ્મીવાળો, અને અદ્ભુત વૈભવવાળો છે, તેને વિદ્વાનોના આનંદને જીવાડવાને માટે મેં કહી બતાવ્યો છે. ૧૦૫

વિવેચન—ગ્રંથકાર હવે આ સામ્યગુણનો મહિમા દર્શાવી તેનું પ્રયોજન કહે છે—આ સામ્યભાવ, તે ખરેખર સિદ્ધરસ જેવો છે; જેમ સિદ્ધરસનું ચિંતવન કરવાથી દરેક પદાર્થ કલ્યાણ—સુવર્ણમય થઈ જાય છે, તેમ સામ્યગુણનું માત્ર ચિંતવન કરવાથી યોગીંદ્રની મુદ્રાને ધારણ કરનારાઓ કલ્યાણમય થઈ જાય છે, એવો આ અદ્ભુત સામ્યગુણનો ભાવ વિદ્વાનોને આનંદ આપવાને માટે કહેવામાં આવેલો છે. સિદ્ધરસ પણ અદ્ભુત છે, અને તે અમૃતમય હોવાથી સુમનસ્—દેવતાઓને આનંદને માટે થાય છે. સુમનસ્‌નો અર્થ વિદ્વાન અને દેવતા બંને થાય છે. ૧૦૫

## ગ્રંથકાર પ્રશસ્તિ.

श्रीमच्चंद्रकुलांबुजैकतरणेः षट्तर्कविद्यावटी,
सिंहस्याभयदेवसूरिसुगुरोरध्यात्मसंविज्जुषः ।
शिष्यांशेन किमप्यकारि विजयप्राज्येन सिंहेन य,
न्नव्यं साम्यशतं तदस्तु सहृदामुज्जागरूकं हृदि॥ १०६ ॥

અક્ષરાર્થ—શ્રીમાન્ ચંદ્ર કુળરૂપી કમળમાં

સૂર્યસમાન, છ તર્ક વિદ્યારૂપી અરણ્યમાં સિંહસમાન, અને અધ્યાત્મ જ્ઞાનનું સેવન કરનાર ગુરૂ " અભયદેવસૂરિ "ના એક નાનકડા શિષ્ય વિજયસિંહે આ નવીન સામ્યશતક કરેલું છે, તે સહૃદય પુરૂષોનાં હૃદયમાં બોધથી જાગૃતિ આપનાર થાઓ. ૧૦૬

॥ इति साम्यशतकं समाप्तम् ॥